શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ. ટે.: ૨૨૧૪૪૩૪૩

વર્ષ : ૯ - અંક : ૫૨ - જૂન-૨૦૨૨

MAKE IN INDIA

WE WORK TOGETHER WE ARE A TEAM WE WILL SUCCEED

UNIQUE ROTOPACK PVT LTD

Plot No 6,
Swastik Industrial Estate,
Nr. Virat Industrial Estate,
Indore Highway,
Tal. Daskroi Gram, Chandial,
AHMEDABAD Gujarat 382430

MANUFACTURER:

Flexible Laminated Pouch
Mono Cartons
Specialized Boxes
Corrugated Cartons
Labels • Stickers

Tarunkumar V. Dhrafani
Bhupeshkumar V. Dhrafani
Anil Kumar V. Dhrafani

93771 72545

INDUSTRIES SERVED

- AGARBATTI
- FOOD
- FMCG
- AGRICULTURE
- PHARMACEUTICAL
- AND MANY MORE

AHMEDABAD

Info@urplindia.com

www.urplindia.com

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

પ્રકાશન : જૂન-૨૦૨૨ • વર્ષ : ૯ • અંક : ૫૨

સ્નેહસેતુમાં જાહેરાતના દર

વિગત		આખુ પાનુ	અડધુ પાનુ	૧/૪ પાનુ
આખા વર્ષના (કુલ અંક-૪)	કવર (મલ્ટીકલર)	૧૫,૦૦૦/-	૮,૦૦૦/-	---
	ઈનસાઈડ કવર (મલ્ટીકલર)	૧૨,૦૦૦/-	૬,૫૦૦/-	---
એક અંકના	મલ્ટીકલર પ્રિન્ટીંગ	૪,૦૦૦/-	૨,૫૦૦/-	---
	સીંગલકલર પ્રિન્ટીંગ	૧,૨૦૦/-	૬૦૦/-	૩૦૦/-

લખાણ મોકલવા અંગે

સંસ્થાના સભ્યો પોતાના વિચારો અને મંતવ્યો માનદ્‌મંત્રીશ્રીને મોકલી શકે છે. ઉપરાંત બાળકો, યુવકો, યુવતીઓ કે અન્ય સભ્યોએ કોઈ ક્ષેત્રે કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય કે ઉચ્ચ માન–સન્માન મેળવેલ હોય તેઓ પણ પોતાની વિગત ફોટા સાથે 'સ્નેહ–સેતુ'માં પ્રકાશન અર્થે મોકલી શકે છે. અનુકૂળતા મુજબ તે પ્રકાશિત કરવામાં આવશે.

- માનદ્ મંત્રીશ્રી

નોંધ: સ્નેહ–સેતુમાં પ્રકાશિત થતા લેખો લેખકોના પોતાના વિચારો, મંતવ્યો અને સંકલન છે. તેમના આ વિચારો, મંતવ્યો કે સંકલિત માહિતી સાથે તંત્રી કે સંસ્થાના હોદ્દેદારો સહમત હોય તે જરૂરી નથી.

- માનદ્ મંત્રીશ્રી

અનુક્રમણિકા

૧.	ધર્મ શિક્ષા	૦૨
૨.	પ્રથમ સોપાન	૦૩
૩.	હાર્દિક શ્રદ્ધાંજલિ	૦૪
૪.	માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ	૦૫
૫.	સ્ટુડન્ટ ઓફ ધ યર ટ્રોફી	૦૬
૬.	કોષાધ્યક્ષ અહેવાલ	૦૭
૭.	શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ	૦૯
૮.	માણસ એક રંગ અનેક – પ્રવિણભાઈ સોલંકી	૧૧
૯.	આત્મવિશ્વાસ બનાવે માનવ જીવન ખાસ–જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન)	૧૩
૧૦.	ખુદને ખબરદાર રાખવું... – જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન)	૧૪
૧૧.	મન્ડે માર્ક : રાજીવ મણીયાર	૧૫
૧૨.	વડીલ વિભાગ – શ્રી વૃજલાલ એમ. દોશી	૧૮
૧૩.	મજબૂરી અને વિશ્વાસ – ગીરીશચંદ્ર લક્ષ્મીચંદ ગાંધી 'જય ગીરી'	૨૧
૧૪.	યજમાન – મહેમાન – ગીરીશચંદ્ર લક્ષ્મીચંદ ગાંધી 'જય ગીરી'	૨૨
૧૫.	જાણવા જેવું – સુનીલ ચાંદોરીકર	૨૩
૧૬.	કર્મ અને ચિત્તશુદ્ધિ – શ્રી નિરંજનભાઈ દામાણી	૨૫
૧૭.	માણસનું આ હદે પતન? – પ્રદીપભાઈ વડોદરીયા	૨૭
૧૮.	હાર્દિક શ્રદ્ધાંજલિ	૩૦
૧૯.	નારી તું નારાયણી... – શ્રીમતી રશ્મીબેન શાહ	૩૧
૨૦.	લાઈફ પાર્ટનર સાથે ઝઘડા કેટલા સારા? – શ્રીમતી સુષ્માબેન રાઠોડ	૩૩
૨૧.	વિઠ્ઠલ... વિઠ્ઠલ... વિઠ્ઠલ...– શ્રીમતી જયશ્રીબેન ઠાર	૩૬
૨૨.	વાનગી વિભાગ – નીતાબેન ગાંધી	૩૯
૨૩.	બાળવિભાગ – શ્રીમતી સેજલબેન એ. પરીખ	૪૧
૨૪.	નોટઆઉટ ૮૭ – બિમલાબેન – સૌજન્ય: ચિત્રલેખા	૪૨
૨૫.	સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ	૪૪

ધર્મ શિક્ષા

નમસ્તુભ્યમ્,

તમે ક્યારેય વિચાર્યું છે કે, પાશ્ચાત્ય સંસ્કૃતિ સાથે વિકસવાની જે હોડ આપણા સમાજમાં લાગી છે તેની સાથે સાથે આપણી સંસ્કૃતિ, સનાતન ધર્મ અને તેના મૂલ્યો, વિજ્ઞાનની શોધખોળો જેના મૂળ ઋષિમુનિઓ તથા આદરણીય બુદ્ધિજીવી સંતોએ મનોમંથન અને સંશોધનોથી વિકસાવ્યા છે, તે અમૂલ્ય વારસો અને જ્ઞાન આપણી આવનારી પેઢીથી વિસરાઈ રહ્યું છે.

આ અગ્નિપ્રશ્નનો ઉકેલ લાવવાનો અમે એક ઉમદા પ્રયત્ન કર્યો છે. જે અંતર્ગત અમે **ધર્મ શિક્ષા** નામથી એક આધુનિક ગુરૂકુલ ચલાવીએ છીએ, જેમાં હાલમાં ઓનલાઈન અને ઓફલાઈન વર્ગો લઈએ છીએ. આ વર્ગોમાં આવતા બાળકોને સરળ ભાષાંતર સાથેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરાવીએ છીએ, જે અમોએ જાતે જ બનાવેલ છે.

અમારો ધ્યેય છે કે આવનારી પેઢી અને બાળકો આપણા સત્ય સનાતન હિંદુ ધર્મના મૂળ સાથે જોડાય, જે સાક્ષાત્ ભગવાન શ્રી હરી વિષ્ણુના મુખમાંથી સર્જાયો છે અને આપણી વિરલ સંસ્કૃતિ તથા પરંપરાને આગળ વધારી શકે.

બાળકોને વેદ, સંસ્કૃત ભાષ્ય, પુરાણો, ગ્રંથો અને ઋષિમુનીઓ દ્વારા સંકલન કરવામાં આવેલી રચનાઓ શીખવવાનું કાર્ય ભગીરથ કાર્ય છે. પરંતુ અતિ સામાન્ય રહસ્ય જેવું કે, દરેક મંત્રની શરૂઆતમાં, મધ્યમાં કે પછી અંતમાં વપરાતો ૐ (ઓહ્મ) એ એક ધ્વનિ પણ છે પણ એને પ્રણવ મંત્ર તરીકે ઓળખવામાં આવે છે. આ ૐકારથી જ સૃષ્ટિનું સર્જન થયું હોય એવી ઘણી સત્યકથાઓ આપણાં પુરાણોમાંથી સાંભળવા મળેલ છે, જે કેવલ સનાતન ધર્મ જ નહીં, પરંતુ વિશ્વના અનેક બીજા ધર્મો અને સંસ્કૃતિમાં જોવા મળે છે.

આપ સૌ જાણો છો કે હિંદુ ધર્મ ક્યારેય કોઈ તથાકથિત ધર્મગુરૂઓ ઉપર નથી ટક્યો. હિંદુ ધર્મનું સૌથી મોટું લક્ષણ એ છે કે એ વેદને સાક્ષી માને છે. વેદને પ્રમાણ માને છે. યમ, નિયમ, યોગ, ધ્યાન અને મોક્ષમાં વિશ્વાસ રાખે છે. જેમાં શરીર, મન અને બુદ્ધિના સંયોગથી જ કોઈપણ કર્મ કરાય છે. પશુઓની પૂજા અને પ્રકૃતિની પૂજાને હિંદુ ધર્મમાં મુખ્ય પ્રાવધાન આપેલ છે. હિંદુ ધર્મમાં રહેલા આ જ સિદ્ધાંતો બાળકોને શિખવવામાં આવે તો માં વસુંધરા ઉપર રહેલ દરેક સૃષ્ટિ માટે સમ્માન જન્મે જ છે. ઉદાહરણ તરીકે સવારે જાગતાની સાથે જ આપણે સર્વપ્રથમ પગ આપણી માઁ પૃથ્વી પર મૂકીએ છીએ. એ માઁ જેણે આપણને ભોજન, પાણી અને ઔષધીઓ આપી છે. તો માઁ ધરતીનો આ ઉપકાર માનવા તથા એમના પ્રત્યે આદરભાવ અને ક્ષમાયાચના પ્રકટ કરવા આપણે

સમૃદ્ર વસને દેવી પર્વત-સ્તન-મણ્ડએ, વિષ્ણુ-પત્નિ નમસ્તુભ્યંમ્રપદા-સ્પર્શ ક્ષમ્સ્વમે ॥

મંત્રનું ઉચ્ચારણ ક્ષમાના ભાવથી નિત્ય આપણે કરવું જોઈએ. આપણા દ્વારા કરવામાં આવેલ નાની–મોટી પ્રવૃત્તિઓનું બારીક અવલોકન બાળકો દ્વારા કરવામાં આવે છે. જેનું અનુકરણ પણ ખૂબ ઝડપથી તેઓ કરે છે. અમારો આશય પૂર્ણ શ્રદ્ધા સાથે આવનારી પેઢી આ ધર્મ જ્ઞાન અને તેથી સાથે જોડાયેલું વિજ્ઞાન પૂર્ણ નિષ્ઠા સાથે આગળ લઈ જઈ શકે તે છે.

આ લેખન દ્વારા અમે ધર્મ સાથે જોડાયેલા નાના–મોટા રહસ્ય, મંત્ર અર્થ સહિત તથા અવનવી વાર્તાઓ જે બાળકોમાં ઉચિત સંસ્કારોનું નિરૂપણ કરી શકે એવા પ્રયત્ન કરીશું.

અસ્તુ.

સુચેતા જાની (૯૮૭૯૫ ૦૮૬૪૫) - માનસી શાહ (૯૮૭૯૪ ૫૫૬૬૬)

પ્રથમ સોપાન

સ્નેહી સભ્યશ્રીઓ,

બધાને શ્રાવણ માસના પવિત્ર તહેવારોની શુભેચ્છાઓ. હવે પછીના આવી રહેલ મહત્ત્વના તહેવારો આનંદ, ઉલ્લાસ, ભાઈચારા, સમભાવના અને સેવાભાવના સાથે હળીમળીને ઉજવીએ તેવી અભ્યર્થના.

આઝાદ ભારતને ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે. આ અમૃત મહોત્સવ આપણા માટે અને દેશવાસીઓ માટે ગૌરવપૂર્ણ છે. વિશ્વની સૌથી મોટી અને સફળ લોકશાહી દેશના વતની તરીકે આપણું શીશ ઉંચુ રહેશે. તમને જાણીને આનંદ થશે કે વિશ્વના યુવાવર્ગનો ૨૩% હિસ્સો એકલા ભારતમાં છે. સાથે સાથે એ વાતનો થોડો અફસોસ પણ થાય છે કે, વિશ્વની ચોથા ભાગની યુવાશક્તિ ધરાવતો દેશ દુનિયાના વિકસીત દેશોથી કેમ પાછળ છે? આપણે વિકસીત દેશો સાથે કેમ કદમ મિલાવી શકતા નથી? આનો સૌથી પહેલો પ્રતિભાવ એ આવે કે આ તો સરકારનું કામ અને જવાબદારી છે.

આઝાદીના વર્ષો સુધી ચાલેલા સત્યાગ્રહના જંગમાં કોઈએ એવું વિચાર્યું હોત કે, આ તો ગાંધીજી અને તેમના સાથીદારોની જવાબદારી છે. અને તો આપણને આઝાદી મળી હોત? આજે આઝાદીના અમૃત મહોત્સવની ગૌરવગાથા માણીએ છીએ તેનો યશ સત્યાગ્રહના જંગમાં નિઃસ્વાર્થ ભાવે ફના થઈ જનાર નાના-મોટા અબાલ-વૃદ્ધ, ગરીબ, અમીર, કામદાર, માલિક, મહિલાઓ અને સામાન્ય જનતાની સહિયારી સફળતા હતી.

જેમ આઝાદી માટેની સ્વતંત્રતાની લડાઈમાં ઘેર ઘેરથી લોકો સ્વૈચ્છિક અને સ્વયં શિસ્તથી જોડાયા હતા તેમ આપણે પણ આપણા દેશને વિકસીત દેશોની હરોળમાં મુકવા આપણી ફરજ પૂર્ણ કરવાની જરૂર છે. જે દેશની પ્રજાએ સ્વયંશિસ્ત અને દેશભાવનાને અગ્રતાક્રમ આપ્યો છે તે દેશો જ આજે વિશ્વની અગ્રીમ હરોળમાં છે.

આપણી માનસિકતા બદલવાનો સમય આવી ગયો છે. સરકારના સામાન્યમાં સામાન્ય નિયમો અનુસરવામાં આપણે બેદરકાર હોઈએ એવું ડગલે ને પગલે જોવા મળે છે. તે પછી સ્વચ્છતા અભિયાન હોય, ટ્રાફીક નિયમન હોય, રસીકરણ હોય કે પછી અન્ય પ્રજાકીય કામો હોય. આ બધામાં કશી જ તસ્દી લેવાની ન હોવા છતાં તેનો અમલ કરવામાં આળસ કરીએ છીએ. અમુક લોકો તો કાયદો તોડવો એને ગર્વ મહેસુસ કરતા હોય છે. આ અને આવી બીજી બાબતોમાં પણ જો આપણે નિયમપાલન, સ્વયંશિસ્ત અને દેશભાવના સાથે રાખી બીજાને તેને માટે પ્રોત્સાહિત કરીશું તો પણ બહુ મોટો બદલાવ લાવી શકીશું.

આપણી સંસ્થાનો અમૃત મહોત્સવ પણ બે વર્ષ પછી આવી રહ્યો છે. ફક્ત ૧૦ થી ૧૨ સભ્ય પરિવાર સાથે શરૂ થયેલ આ સંસ્થામાં આજે ૯૦૦ થી વધુ સભ્ય પરિવાર જોડાયેલ છે. મુંબઈ પછી બીજા નંબરની સૌથી મોટી આપણી સંસ્થા છે. સ્થાપનાથી આજ સુધીમાં સંસ્થાની પ્રભાવશાળી પ્રગતિ સંસ્થાપકોથી લઈ આજ સુધીના તમામ હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, પેટામંડળો ઉપરાંત તમામ સભ્ય પરિવારોના અમૂલ્ય અને સરાહનીય સાથ-સહકાર અને સમન્વયને આભારી છે.

આપણી સંસ્થામાં પણ યુવાશક્તિ ૨૫%થી વધારે છે. સંસ્થાની અવિરત પ્રગતિ માટે કાર્યકર્તાઓ અને વહીવટકર્તાઓની બીજી-ત્રીજી હરોળ હોવી જરૂરી છે. આ માટે યુવાવર્ગ આગળ આવી સંસ્થાની કાર્યવાહીમાં રસ લેતા થાય અને સમય આપે તે ખૂબ જ જરૂરી છે, અને તો જ કોઈપણ સંસ્થાનું સેવાકાર્ય ચાલે.

અને તેથી મારો ખાસ આગ્રહ છે કે –

આપણી સંસ્થા "અમૃત મહોત્સવ"ના પ્રવેશદ્વારે આવીને ઉભી છે તે પ્રસંગે સંસ્થાના યુવકો, યુવતીઓ અને મહિલાઓ સંસ્થાના કાર્યમાં રસ લેવા થોડો સમય ફાળવી આગળ આવે અને સંસ્થાને એક ગૌરવશાળી ઉંચાઈ પર લઈ જવામાં પોતાનો ફાળો આપે.

– બકુલ દોશી
(પ્રમુખશ્રી)

સારા કામ કરતાં રહો,
ભલે લોકો તમારી સતત ટીકા કરે...
અડધાથી વધુ દુનિયા ઊંઘતી હોય છે,
છતાં સૂર્ય તો ઊગે જ છે...

હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ.શ્રી મનહરલાલ નાનાલાલ શાહ
જન્મ તા.: ૧૬-૦૯-૧૯૩૬
અક્ષરનિવાસ તા.: ૦૮-૦૭-૨૦૨૨

ગુજરાત રાજ્યના મહેસુલ ખાતામાં એક જ ઓફીસમાં સળંગ ૩૪ વર્ષ કાર્યરત રહી ૧૯૯૪માં નિવૃત્ત થયા. સ્વભાવે સેવાભાવી અને અન્યને મદદરૂપ થવાની ભાવના સાથે સામાન્ય કર્મચારીથી મોટા સાહેબ સુધીના બધાના સારા–નરસા પ્રસંગે મદદરૂપ થઈ બધાનો સ્નેહ પ્રાપ્ત કર્યો.

શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં અસીમ આસ્થા. સવારે ૩ વાગ્યે ઉઠીને ઘેર પૂજાપાઠ કરી સવારે ૫ વાગ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર, રામબાગ–મણીનગરની મંગળા આરતી, ત્યારબાદ કાળુપુરના સ્વામિનારાયણ મંદિરની સવારે ૫.૪૫ ની આરતી કરી, ફરી રામબાગ મંદિરે પરત ફરી સવારની શણગાર આરતી. આમ સવારનો ૫ કલાકનો સમય શ્રી સ્વામિનારાયણ ભગવાનને અર્પણ અને સાંજની ૭ વાગ્યાની સેવાઆરતી પણ ખરી. આ નિત્યક્રમ ૧૯૯૪માં નિવૃત્ત થયા ત્યારથી આજીવન જાળવી રાખ્યો.

ઉપરાંત ૨૫ થી ૩૦ હરિભક્તોને લઈ દર ૩–૪ મહિને ભૂજ, દ્વારકા, ગઢડા, વડતાલ, ઈડર, લોજ વિ. સ્થળોએ ધાર્મિક યાત્રાનું સંપૂર્ણ આયોજન અને વ્યવસ્થા સંભાળતા.

પૌત્ર–પૌત્રીના ઘડતરમાં ઉંડો રસ લેતા. કે.જી.થી લઈ સ્કૂલ પૂરી થઈ ત્યાં સુધી બંનેને મુકવા–જવાનો નિત્યક્રમ જાળવ્યો. ઘરના સભ્યોના વડીલ ખરા પણ મિત્રો વધારે.

સમાજના મણીનગર મંડળમાં ખૂબ જ કાર્યરત રહ્યા. હોદ્દાનો મોહ ક્યારેય કર્યો નહીં. બધાને સાથે લઈ નવા–નવા કાર્યો કરવાનો શોખ. યુવક–યુવતી પસંદગી મેળો અને સમૂહલગ્નની શરૂઆત કરવાનો પૂર્ણ યશ તેઓને ફાળો છે. તેઓના કાર્યકાળ દરમિયાન પાંચ સમૂહલગ્નો અને એક પસંદગી મેળાનું આયોજન થયેલ હતું. પરદા પાછળના અદના સેવક રહી બધાનો પ્રેમ પ્રાપ્ત કર્યો.

વડીલશ્રી મનહરભાઈના અક્ષરનિવાસી થવાથી સમાજને એક સ્પષ્ટવક્તા, સેવાપરાયણ, નિષ્ઠાવાન અને સમાજ માટે કંઈક કરી છૂટવાની નિ:સ્વાર્થ ભાવનાવાળી વ્યક્તિની કાયમી ખોટ રહેશે.

- પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ તથા યુથવીંગ-મહિલાવિંગના સભ્યોના જયશ્રી સ્વામિનારાયણ

માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

- શ્રી કમલેશ મુછાળા

સર્વે જ્ઞાતિજનો,

આ અંક આપના હાથમાં આવશે ત્યારે આપ સૌ વર્ષાઋતુની ભરપૂર મજા માણતા હશો. દરેક બાળકોની નોર્મલ સ્કૂલ તથા કોલેજ પણ રેગ્યુલર ચાલુ થઈ ગઈ હશે અને આપ સૌ પણ આવનારા આગામી તહેવારોની તૈયારીમાં લાગી ગયા હશો.

ગત થોડા માસની પ્રવૃત્તિનો અહેવાલ અનુસાર આપણા સમાજની હાલની સભ્ય સંખ્યા ૯૩૦+ મેમ્બર્સની થઈ ગઈ છે. ગત માર્ચમાં જે મેમ્બરશીપ અભિયાન ચાલ્યુ હતું તેમાં એક સાથે નવા ૬૬ મેમ્બર્સ આપણા સમાજમાં ઉમેરાયા છે, જે આજ દિન સુધીનો રેકોર્ડ છે. હાલ જૂની મેમ્બરશીપ ફી બંધ કરીને એપ્રિલ–૨૨ થી નવી મેમ્બરશીપ ફી રૂા. ૧૫૦૦/– કરેલ છે, જે આપ સૌને ખ્યાલ હશે જ. મને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે મુંબઈ પછી આપણા સમાજની સભ્ય સંખ્યા મુજબ આપણે બીજા નંબરનો મોટો સમાજ (દશા મોઢ માંડલિયા) ભારત ખાતે બની ગયા છીએ.

સમાજની બીજી પ્રવૃત્તિઓ પણ અવિરત ચાલુ જ છે. આપ સૌ જરૂરિયાત મુજબ એનો ચોક્કસ લાભ લેતા જ હશો. આ વખતે આપે ધ્યાન આપ્યું જ હશે કે ચોપડાની પણ ક્વોલિટી આપણે બદલીને ખૂબ જ સારી કરેલ છે. આપે તે મેળવીને આપના બાળકોની માર્કશીટ આપી દીધેલ જ હશે. જો આપવાની રહી ગઈ હોય તો તુરંત આપી દેશો.

અમને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે જો આ વર્ષે બધુ જ અનુકૂળ રહેશે તો આપણો વાર્ષિક મેળાવડો થશે જ. ઉપરાંત આ વર્ષે કંઈક નવું અને ભવ્ય કરવાનું બધા કમિટી મેમ્બર વિચારી રહ્યા છે. જેની વિગતવાર માહિતી એક વખત બધુ ફાઈનલ થઈ જાય બાદ આગામી સ્નેહસેતુમાં અમે આપીશું.

અને અંતમાં ખાસ જણાવવાનું કે સમાજનો મોટો આધારસ્થંભ આપ સૌ છો અને કોઈપણ સમાજની આર્થિક જરૂરિયાત તો ૩૬૫ દિવસ હોય જ છે. આપે આપેલા અનુદાન થકી જરૂરિયાતમંદ પરિવારોને મદદ થાય છે. તો આપ સાથે અમો સૌ ટ્રસ્ટી તરફથી આપ સૌને અરજ કરૂં છું કે આપ આપની અનુકૂળતા મુજબ આપને ત્યાં આવતા સારા–નરસા પ્રસંગોએ સમાજને યાદ કરી ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે અનુદાન આપતા રહેશો.

અંતમાં આપ સૌ સલામત રહો, નિરોગી રહો અને આનંદમાં રહો તેવી પ્રાર્થના. કોરોનો ગયો નથી તે ધ્યાનમાં રાખી આપની તથા આપના પરિવારની સંભાળ લેશો.

ખાસ નોંધ: આ વર્ષથી **"સ્ટુડન્ટ ઓફ ધ યર"** યોજના શરૂ થાય છે, તેની વિગત અલગથી આપેલ છે. આ માટે કોમર્સ અને સાયન્સ સ્ટ્રીમના જે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ પોતાની માર્કશીટ સંસ્થાને ના આપી હોય તો તા. ૩૧–૮–૨૦૨૨ સુધીમાં પહોંચતી કરશો. સંસ્થાને મળેલ માર્કશીટ પૈકી જેમને સૌથી વધુ માર્ક્સ મળેલ હશે તેઓને આ ટ્રોફી આપવાની છે, તેની નોંધ લેશો.

STUDENT OF THE YEAR TROPHY

આ શૈક્ષણિક વર્ષથી **"સ્ટુડન્ટ ઓફ ધ યર ટ્રોફી"** ની શરૂઆત કરી રહ્યા છીએ.

આ યોજના અંતર્ગત ૧૨માં ધોરણમાં સૌથી વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને આકર્ષક ટ્રોફી અને સર્ટીફિકેટથી સન્માનિત કરવામાં આવશે. કોમર્સ અને સાયન્સ બંને સ્ટ્રીમમાં એક–એક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને આ ટ્રોફી/સર્ટીફિકેટ આપવામાં આવશે.

આ યોજના માટે સંસ્થાને કાયમી દાતાઓની જરૂરિયાત હતી. જે અંગેની રજૂઆત કરતાં જ નીચેના બંને દાતાશ્રીઓએ દરેકે રૂા. ૧,૦૦,૦૦૦/– નું અનુદાન સંસ્થાને આપેલ છે.

રૂા. ૧,૦૦,૦૦૦-૦૦	**સ્વ. ઉષાબેન મનસુખલાલ જીવાણીના સ્મરણાર્થે (હ. નિશાબેન તથા મનીષભાઈ જીવાણી)**
રૂા. ૧,૦૦,૦૦૦-૦૦	**સ્વ. જયંતિલાલ રતિલાલ શાહના સ્મરણાર્થે (હ. પુષ્પાબેન જે. શાહ તથા શ્રી અજયભાઈ જે. શાહ)**

આ રકમના વ્યાજમાંથી દર વર્ષે આ ટ્રોફી અને સર્ટીફિકેટ અપાતા રહેશે.

બંને દાતાશ્રીઓના પરિવારની શૈક્ષણિક ક્ષેત્રે ઉમદા ભાવના, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાની ઈચ્છાશક્તિ અને સમાજને આપેલ દ્રષ્ટાંતરૂપ અનુદાનની અંતરથી નોંધ લઈએ છીએ અને બંને પરિવાર પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરીએ છીએ.

બંને સ્ટ્રીમની સંસ્થાને મળેલ માર્કશીટ પૈકી જેમને સૌથી વધારે માર્ક્સ (ટકાવારી) હશે તેમને આ ટ્રોફી આપવાની છે. તો જો કોઈએ હજુ માર્કશીટ ન આપી હોય તો તા. ૩૧–૮–૨૦૨૨ સુધીમાં પહોંચતી કરવી.

- પ્રમુખશ્રી, સર્વે ટ્રસ્ટીશ્રીઓ,
યુથવીંગ અને મહિલાવીંગના સભ્યો

'સ્નેહ–સેતુ' અંક બાબત

જૂન–૨૦૨૨ નો 'સ્નેહ–સેતુ'નો અંક સંજોગોવશાત્ એક મહીનો મોડો પ્રકાશિત થયો છે.

સંસ્થાના આગામી મેળાવડાનું આયોજન વિચારણા હેઠળ છે. તેની તારીખ અને કાર્યક્રમ નક્કી થયા બાદ તે અનુસંધાને હવે પછીનો 'સ્નેહ–સેતુ'નો અંક પ્રકાશિત કરીશું.

ડિસેમ્બર–૨૦૨૨થી 'સ્નેહ–સેતુ' નિયત શેડ્યુઅલ મુજબ પ્રકાશિત થશે તેની નોંધ લેશો.

- શ્રી કમલેશ મુછાળા (માનદ્ મંત્રીશ્રી)

કોષાધ્યક્ષ અહેવાલ

- શ્રી ભૂપેન્દ્ર પારેખ (કોષાધ્યક્ષ)

સ્નેહી સભ્યશ્રીઓ,

જય શ્રીકૃષ્ણ,

ડિસેમ્બર–૨૦૨૧ના અંકમાં પ્રકાશિત કરેલ અનુદાન બાદ નીચે મુજબ અનુદાન તથા ખુશીભેટ સંસ્થાના સભ્યો તરફથી મળેલ છે. તેની યાદી અત્રે પ્રસ્તુત કરેલ માર્ચ ૨૦૨૨ના અંકમાં પ્રકાશીત કરેલ અનુદાન બાદ નીચે મુજબ અનુદાન તથા ખુશી ભેટ સંસ્થાના સભ્યો તરફથી મળેલ છે તેની યાદી અત્રે પ્રસ્તુત કરેલ છે.

રૂા.	૧,૦૦,૦૦૦/–	સ્વ. જયંતિલાલ રતિલાલ શાહના સ્મરણાર્થે (હ. પુષ્પાબેન જે. શાહ) શૈક્ષણિક ક્ષેત્રે કાયમી ટ્રોફી માટે	
રૂા.	૫૧,૦૦૦/–	શ્રીમતી કુંદનબેન બકુલભાઈ દોશીના લગ્નજીવનની સુવર્ણ જયંતિ નિમિત્તે (હ. રાજીવ, મુંજાલ, દેવાંગ)	
રૂા.	૫,૦૦૦/–	સ્વ. ધીરજબેન ચીમનભાઈ દોશીના સ્મરણાર્થે (હ. ચીમનભાઈ એ. દોશી)	
રૂા.	૨૧૦૦/–	શ્રી મનોજભાઈ આર. કોઠારી	તા. ૧–૪–૨૨ મેડિકલ ફંડ
રૂા.	૨૧૦૦/–	શ્રી મનોજભાઈ આર. કોઠારી	તા. ૧–૫–૨૨ મેડિકલ ફંડ
રૂા.	૨૧૦૦/–	શ્રી મનોજભાઈ આર. કોઠારી	તા. ૧–૬–૨૨ મેડિકલ ફંડ
રૂા.	૨૧૦૦/–	શ્રી મનોજભાઈ આર. કોઠારી	તા. ૨–૬–૨૨ મેડિકલ ફંડ
રૂા.	૧૧૦૦/–	શ્રી અનિલભાઈ એસ. દોશી	જન્મદિવસની ખુશી ભેટ
રૂા.	૧૦૦૦/–	શ્રી મયુરભાઈ એમ. શાહ	જન્મદિવસની ખુશી ભેટ
રૂા.	૧૧૦૦/–	શ્રી મનીષભાઈ મહેતા તરફથી	પુત્ર પૂજનના લગ્ન પ્રસંગે
રૂા.	૧,૧૦૦/–	શ્રી જીતુભાઈ જી. શાહ	પુત્ર તિર્થના જન્મદિવસ નિમિત્તે
રૂા.	૧૦૦૦/–	કંચનબેન રમણલાલ શાહ	મેડિકલ ફંડ
રૂા.	૧૦૦૦/–	કંચનબેન રમણલાલ શાહ	એજ્યુકેશન ફંડ
રૂા.	૫૦૧/–	આર્ચીબેન કમલેશભાઈ મુછાળા	જન્મદિવસની ખુશી ભેટ
રૂા.	૫૦૦/–	રીટાબેન એમ. દોશી	જન્મદિવસની ખુશી ભેટ
રૂા.	૫૦૦/–	સીમીત એમ. દોશી	એનીવર્શરી નિમીત્તે ભેટ
રૂા.	૫૦૧/–	શ્રી કેતનભાઈ પોપટલાલ દોશી તરફથી	પુત્રીના લગ્નપ્રસંગે
રૂા.	૫૦૦/–	સ્વ. રાજેન્દ્રભાઈ એમ. શાહની પૂણ્યતિથિ નિમિત્તે હ. પલ્લવીબેન શાહ	
રૂા.	૫૦૦/–	સ્વ. નિલેષભાઈ લક્ષ્મીચંદ શાહની પુણ્યતિથિ નિમિત્તે હ. શૈલેષભાઈ શાહ	
રૂા.	૫૦૦/–	શ્રીમતી કુંદનબેન બી. દોશી	જન્મદિવસની ખુશી ભેટ
રૂા.	૫૦૦/–	શ્રી બકુલભાઈ એ. દોશી	જન્મદિવસની ખુશી ભેટ
રૂા.	૫૦૦/–	શ્રી રાજીવભાઈ બી. દોશી	જન્મદિવસની ખુશી ભેટ
રૂા.	૫૦૦/–	દીશાબેન રાજીવભાઈ બી. દોશી	લગ્નદિવસની ખુશી ભેટ
રૂા.	**૧,૭૦,૨૦૦/-**	**કુલ રકમ**	

સભ્ય દ્વારા સંસ્થાને કાયમી ધોરણે નાની–નાની રકમ આપવામાં આવે તો તે કેટલી મોટી થાય છે તેનું એક ઉત્તમ ઉદાહરણ રજૂ કરૂ છું.

સંસ્થાના સભ્ય શ્રી મનોજભાઈ આર. કોઠારી મેડિકલ ફંડમાં દર મહિને રૂા. ૨૧૦૦/- જમા કરાવે છે. તેઓએ ફેબ્રુ.૨૧થી આ શરૂઆત કરી છે. જે હજુ ચાલે છે. દર મહિનાની પહેલી તારીખે તેમના તરફથી આ રકમ સંસ્થાના ખાતામાં અચૂક જમા થાય છે. (આજ સુધીમાં રૂા. ૨૧૦૦ x ૧૮ મહીના = રૂા. ૩૭,૮૦૦/- જમા થઈ ચૂક્યા છે.) સંસ્થા વતી શ્રી મનોજભાઈ આર. કોઠારીનો હાર્દિક આભાર માનું છું.

અનુકૂળતા મુજબ અન્ય સભ્યો પણ આ બાબત વિચારી શકે.

ઉપરોક્ત દરેક દાતાઓનો ટ્રસ્ટી મંડળ વતી હું હ્રદયથી ખુબ ખુબ આભાર માનું છું. બાકી દરેક સભ્યોને પણ મારી નમ્ર વિનંતી છે. સમાજના કાર્યમાં નાનું મોટું અનુદાન જરૂરથી કરતા રહેશો. આપનું અનુદાન કોઈ પણ ટ્રસ્ટીને અથવા નીચે મુજબ સંસ્થાના બેંક ખાતામાં જમા કરાવીને જાણ કરવી.

બધાના ઉત્તમ સ્વાસ્થ્યની શુભેચ્છા.

સંસ્થાના બેંક ખાતાની વિગત

A/c. Name: SHREE SAURASHTRA DASHA MODH MANDLIA VANIK MAHAAN
Bank: BANK OF INDIA
Branch : RAILWAYPURA BRANCH
SB A/C. NO.: 2 0 1 7 1 0 1 0 0 0 0 9 5 0 2
IFSC CODE : B K I D 0 0 0 2 0 1 7

સદ્‌ગત સભ્યોને હાર્દિક શ્રદ્ધાંજલિ

સંસ્થાના નીચે જણાવેલ સભ્યોના દુ:ખદ અવસાન થયેલ છે. સંસ્થા તેઓના અવસાનથી રંજની લાગણી અનુભવે છે. અવસાન પામેલ નીચેના તમામ સદ્‌ગત પ્રત્યે સંસ્થા હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવા સાથે તેઓના પરિવારજનો પ્રત્યે અંતરની સંવેદના વ્યક્ત કરીએ છીએ.

(૧)	સ્વ. જયંતભાઈ ભાઈલાલભાઈ શાહ	તા. ૧૩–૦૪–૨૦૨૨
(૨)	સ્વ. ઈન્દિરાબેન દિલીપભાઈ મહેતા	તા. ૧૫–૦૫–૨૦૨૨
(૩)	સ્વ. વિજયાબેન ચીમનલાલ શાહ	તા. ૧૬–૦૬–૨૦૨૨
(૪)	સ્વ. મહેન્દ્રભાઈ પ્રેમચંદ શાહ (ગળીવાળા)	તા. ૧૯–૦૬–૨૦૨૨
(૫)	સ્વ. દિપકભાઈ નવીનચંદ્ર પરીખ	તા. ૨૩–૦૬–૨૦૨૨
(૬)	સ્વ. મનહરલાલ નાનાલાલ શાહ	તા. ૦૮–૦૭–૨૦૨૨
(૭)	સ્વ. જયંતિલાલ મોહનલાલ શાહ	તા. ૨૫–૦૭–૨૦૨૨

ૐ શાંતિ: ૐ શાંતિ: ૐ શાંતિ:

- પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ અને યુથવીંગ-મહિલાવીંગના સભ્યો

શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ, અમદાવાદ

- શ્રી રાજુભાઈ દામાણી (માનદ્ મંત્રીશ્રી)

સંસ્થાના સર્વે સભ્યશ્રીઓ,

સંસ્થાને છેલ્લા ચાર મહિના દરમિયાન નીચે મુજબ અનુદાન મળેલ છે. સંસ્થા વતી તમામ દાતાશ્રીઓ પ્રત્યે હાર્દિક આભાર પ્રદર્શિત કરૂં છું.

સંસ્થાની 'કીચન-કીટ' યોજના, 'દિવાળી સ્પે. કીટ' યોજના અને 'કેરી વિતરણ' યોજનામાં પ્રસંગોપાત અનુદાન કરવાની અપીલ કરીએ છીએ. તમારી ઈચ્છાનુસાર સીધા સંસ્થાના ખાતામાં અનુદાન જમા કરાવી શકો છો.

રૂા.	૫૦૧-૦૦	મહર્ષિ વિશાલભાઈ દોશી	જન્મદિવસ ખુશી ભેટ
રૂા.	૫૦૧-૦૦	વેદાંશી વિશાલભાઈ દોશી	જન્મદિવસ ખુશી ભેટ
રૂા.	૩૦૧-૦૦	શ્રી ગીરીશભાઈ એ. શાહ	-
રૂા.	૫૦૧-૦૦	શ્રી અશોકભાઈ રાઠોડ	
રૂા.	૧,૫૦૦-૦૦	શ્રી મયુરભાઈ એમ. શાહ	જન્મદિવસ ખુશી ભેટ
રૂા.	૧,૧૦૦-૦૦	શ્રીમતી વર્ષાબેન રાજુભાઈ દામાણી	જન્મદિવસ ખુશી ભેટ
રૂા.	૧૧,૦૦૦-૦૦	શ્રી કમલેશભાઈ મુછાળા	કીચનકીટ માટે (૨૦૨૨-૨૩)
રૂા.	૧૦,૦૦૦-૦૦	શ્રી અજયભાઈ જે. શાહ	કીચનકીટ માટે (૨૦૨૨-૨૩)
રૂા.	૧૫,૦૦૦-૦૦	શ્રી રાજીવભાઈ બી. દોશી	કીચનકીટ માટે (૨૦૨૨-૨૩)
રૂા.	૧,૧૦૦-૦૦	શ્રી રોહિતભાઈ આર. શાહ	પૌત્ર ધ્રુવમ્‌ના જન્મદિવસ નિમિત્તે
રૂા.	૧૫,૦૦૦-૦૦	શ્રી મયુરભાઈ એમ. શાહ (બોઘાણી)	કીચનકીટ માટે (૨૦૨૨-૨૩)
રૂા.	૧૫,૦૦૦-૦૦	શ્રી રાજુભાઈ (જીતેશ) એચ. દામાણી	કીચનકીટ માટે (૨૦૨૨-૨૩)
રૂા.	૧૫,૦૦૦-૦૦	ડૉ. શ્રી બીપીનભાઈ વી. દોશી	કીચનકીટ માટે (૨૦૨૨-૨૩)
રૂા.	૧૫,૦૦૦-૦૦	કુંદનબેન બકુલભાઈ દોશીના લગ્નજીવનની સુવર્ણ જયંતિ નિમિત્તે	કીચનકીટ માટે (૨૦૨૨-૨૩)
રૂા.	૧૧,૦૦૦-૦૦	શ્રી ભૂપેન્દ્રભાઈ આર. પારેખ	કીચનકીટ માટે (૨૦૨૨-૨૩)
રૂા.	**૧,૧૨,૫૦૪-૦૦**	**કુલ**	

"સુરક્ષા છત્ર"ના સભ્ય જોગ

વર્ષ ૨૦૨૨-૨૩ ની સુરક્ષાછત્ર યોજનાની કોલમની જમા કરાવવાની છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂા. ૩૦૦/- સુરક્ષાછત્ર ફાળો અને રૂા. ૧૦૦/- વહીવટી ખર્ચ મળી કુલ રૂા. ૪૦૦/- સભ્યદીઠ આપવાના થાય છે. તો સુરક્ષાછત્રના સભ્યોને પોતાની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવવા વિનંતી. રકમ જમા કરાવી બેંક સ્લીપની કોપી અથવા ટ્રાન્ઝેક્શનનો સ્ક્રીન શોટ કોષાધ્યક્ષ શ્રી અજયભાઈ જે. શાહ (મો. ૯૪૨૭૩ ૯૫૬૨૩) ને વ્હોટ્સઅપ કરવા વિનંતી સાથે સભ્યપદ નં. અથવા સભ્યનું નામ ખાસ જણાવશો.

છેલ્લા ચાર મહિના દરમિયાન સુરક્ષાછત્રના ૦૦ સભ્યોના દુ:ખદ અવસાન થતા તેઓના વારસદારોને રૂા. ૫૦,૦૦૦/– નો ચેક આપવામાં આવેલ છે. (આજ સુધી અપાયેલ કુલ ચેક ૩૩ x રૂા. ૫૦,૦૦૦/–)

સંસ્થા સ્વર્ગસ્થને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

"સુરક્ષા-છત્ર" ફાળો નીચેના ખાતામાં જમા કરાવશોઃ
A/c. Name: SHRI MATANGI WELFARE SOCIAL TRUST
Bank: BANK OF INDIA
Branch : GURUKUL
SB A/C. NO.: 2 0 4 8 1 0 1 1 0 0 0 8 6 8 5
IFSC CODE : B K I D 0 0 0 2 0 4 8

સંસ્થાને અનુદાન નીચેના ખાતામાં જમા કરાવશોઃ
A/c. Name: SHRI MATANGI WELFARE SOCIAL TRUST
Bank: BANK OF INDIA
Branch : GURUKUL
SB A/C. NO.: 2 0 4 8 1 0 1 1 0 0 0 8 6 8 4
IFSC CODE : B K I D 0 0 0 2 0 4 8

મજા કરો મજા....!!!

ભરોસો બહુ ભારે હોય છે,
દરેકના ખભે મૂકી ન શકાય.

પરિવારની એકપણ વ્યક્તિ
સ્વાર્થી અને સ્વકેન્દ્રી બની
જાય તો પરિવાર તુટવાની
શક્યતા વધી જાય છે.

વિશ્વનું સૌથી સુંવાળું ઓશીકું
જો કોઈ હોય તો એ
માનો ખોળો છે.

"END" અને "AND"
બંને સરખી રીતે બોલાય છે,
પરંતુ
એકમાં પૂરૂં કરવાની વાત છે,
તો બીજામાં જોડવાની વાત છે.

સફળ થવાની ઈચ્છા
નિષ્ફળ જવાના ડરથી
વધુ હોવી જોઈએ.

સ્વભાવ કદી મરતું નથી
અને
અભિમાન લાંબું જીવતું નથી.

એક છોડ વાવીએ અને
વૃક્ષ થાય ત્યાં સુધી
જતન કરીએ.

જે દરરોજ ઘટે છે તે આયુષ્ય,
જે દરરોજ વધે છે તે તૃષ્ણા,
જે દરરોજ સમાન રહે છે
તે વિધિના લેખ.

ક્ષમા ભૂતકાળને બદલી
નથી શકતી, પણ ભવિષ્યને
ઉજ્જવળ બનાવી શકે છે.

- શ્રી મૌલિન વૈષ્ણવ, વડોદરા

માણસ એક રંગ અનેક

- પ્રવીણ સોલંકી

દુનિયા હમસે ઉમ્મીદ કરતી હૈ, હમ દુનિયા સે ઉમ્મીદ કરતે હૈં બસ યહી કામ હમ સબ જીંદગીભર ગલત કરતે હૈં !

હું સારું-ખરાબ, કામનું-નકામું બધું જ વાંચું છું. દરેક વાંચનમાંથી મને કંઈક 'કામનું' મળી રહે છે. એવી પ્રતીતિ થાય છે કે દુનિયામાં કાંઈ નકામું નથી.

અનુભવ પછી સમજાયું કે સરળ લખવું ખૂબ અઘરું છે અને સરળ લખાણને સરળતાથી સમજવું એથી વિશેષ અઘરું છે. તો લગભગ અશક્ય લાગે એવી વાત સરળ લખાણને સરળતાથી સમજાવવાની છે.

ઘણાબધાં ફિલસૂફીભર્યા લખાણ વાંચ્યાં. આત્મા-પરમાત્મા, ધર્મ-અધર્મ, અગમ-નિગમની વાતો, કર્મના સિદ્ધાંતો, પાપ-પુણ્યની વ્યાખ્યા, બ્રહ્મ સત્ય જગત મિથ્યાની ચર્ચાઓ વગેરે વગેરે ખૂબ વાંચ્યું. પરિણામ ? કોઈ ચોક્કસ દિશા હજી સુધી પ્રાપ્ત નથી થઈ. કબૂલ કે મારી નાસમજે એમાં વધુ ભાગ ભજવ્યો હશે. પણ મારા જેવા અણસમજુઓની બહુમતી છે અને બહુમતીને સરળતાથી સમજાય એવા લખાણનો અને સમજાવી શકે એવા વક્તાઓનો અભાવ છે.

આ સંદર્ભમાં સ્વામી રામતીર્થની એક વાત ઘણી સૂચક છે. કહે છે કે કોઈ પણ ફિલસૂફીની વાંઝણી ચર્ચામાં ન પડો. વાંઝણી શબ્દનો ઉપયોગ તેમણે બહુ વિચારપૂર્વક કર્યો છે.

ફિલસૂફી તમને ચકરાવે ચડાવશે. મનમાં રહેલા સવાલના જવાબને બદલે બીજા નવા સવાલ ઊભા કરશે. તમને ગોળ-ગોળ ઘુમાવશે. તમારે સાચી અને સારી રીતે જીવવું છે તો એક જ સરળ ને રામબાણ ઉપાય છે. કુદરતના કાનૂનને અનુસરો. સંજોગ પ્રમાણે કાં એને તાબે થઈ જાઓ, કાં પડકારો.

કુદરત તડકો આપે છે. છાંયડો પણ આપે છે, વરસાદ વરસાવે છે તો દુકાળ પણ પાડે છે. દરિયામાં ભરતી પણ લાવે છે ને ઓટ પણ લાવે છે. દિવસે અજવાળું તો રાત્રે અંધકાર પણ ફેલાવે છે. આના પરથી તમે શું શીખશો ? કોઈ પણ વાત ઝાઝો સમય ટકતી નથી, કાયમી નથી.

આપણે શું કરીએ છીએ ? બહુ ગરમી પડે ત્યારે 'હાય હાય બળી ગયાં' ને ઠંડી પડે ત્યારે 'હાય હાય ઠરી ગયા' ના બળાપા કાઢીએ છીએ. વરસાદથી ત્રાસી જઈએ છીએ, અંધારુ આકરું લાગે છે, આ બધું કાયમી નથી એ જાણ્યા છતાં, સ્વામીજી કહે છે કે કુદરતના કાનૂનને અનુકૂળ બની મનને એવું પ્રબળ બનાવો કે સંજોગો એના ગુલામ બની જાય અને તમે રાજા.

સ્વામી કહે છે કે માણસ એક સામાજિક પ્રાણી છે અને સાથોસાથ વૈચારિક પ્રાણી છે. માણસના મનમાં જાતજાતના, ભાતભાતના વિચારો આવે છે ને જાય છે તકલીફ એ છે કે તે ખરાબ વિચારને ત્યાગી નથી શકતો અને સારા વિચારોનો અમલ નથી કરી શકતો. આનો ઉપાય શો ?

ઉપાય બહુ સરળ છે, 'સુખી' થવાનો વિચાર માંડી વાળો. માણસે સુખી થવાનો વિચાર કરતાં પહેલાં માણસ બનવાનો – થવાનો વિચાર કરવો જોઈએ. એક વાર તમે માણસ બનશો તો સુખ આપોઆપ તમારી પાસે આવશે.

માણસ બનવા માટે શું કરવું ? વધારે બીજું કાંઈ નથી કરવાનું. એક જ કામ કરવાનું છે. પશુતાથી જેટલું દૂર ભગાય એટલું ભાગવાનું અને દેવત્વથી જેટલું નજીક જવાય એટલું જવાનું.

પશુતાથી દૂર ભાગવા માટે શું કરવું ? આપણે સૌ જાણીએ છીએ કે પશુમાં વિચારશક્તિ નથી, માણસમાં છે. તો માણસે પશુતાથી દૂર થવા માટે સૌથી પહેલાં વિચાર પોતાના સુખનો નહીં, સમાજના–અન્યના સુખનો કરવો જોઈએ. દેવત્વની નજીક જવા માટે તમારે તમારી પોતાની જાતનો વિચાર કરવો જોઈએ.

જાતનો વિચાર કરવો એટલે તમે તમારી જાતને ઓળખો, તમે તમારી નજીક આવો. તમે જો તમને જ નહીં ઓળખતા હો તો બીજાને કઈ રીતે પારખી શકશો.

આ થિયરી કદાચ તમને ઊલટી લાગશે. દેવત્વની નજીક જવું એટલે પોતાનો વિચાર ? જી હા, દેવને સૌથી પહેલો વિચાર પોતાનું 'મનુષ્યત્વ' ન છીનવાઈ જાય એનો કરવો જોઈએ. 'મનુષ્યત્વ' શબ્દમાં સર્વગુણો–સર્વશુભનો સરવાળો છે. આઝાદી પહેલાંની વાત છે. એક ક્રાન્તિકારીને પકડવા સરકારે ૫૦,૦૦૦ રૂપિયાના ઇનામની ઘોષણા કરી હતી. એક રાતે પોલીસને ક્રાન્તિકારીનું પગેરું મળ્યું. ક્રાન્તિકારી બચવા ભાગ્યો, એક વિધવા મહિલાના ઘરમાં ઘૂસ્યો અને આસરો માગ્યો. મહિલાએ આપ્યો પણ ખરો.

વાત વાતમાં ક્રાંતિકારીને ખબર પડી કે વિધવા મહિલાને એક ઉંમરલાયક દીકરી છે અને પૈસાને કારણે, દહેજને લીધે તેનાં લગ્ન થઈ શકતાં નથી.

ક્રાન્તિકારીએ એક પણ ક્ષણ ગુમાવ્યા વગર કહ્યું, 'બહેન, તમે જીવના જોખમ આસરો આપ્યો છે તો હવે મને મારી ફરજ બજાવવા દો. મને પકડાવી દો અને ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ લઈ દીકરીનાં લગ્ન પાર પાડો. હું માણસ પહેલાં છું, ક્રાન્તિકારી પછી. કહેવાની જરૂર નથી કે મહિલાએ આ વાત સ્વીકારી નહીં. પણ મુખ્ય વાત ક્રાન્તિકારીની માણસાઈની છે. એ ક્રાન્તિકારી હતા ચંદ્રશેખર આઝાદ.

ટેન કમાન્ડમેન્ટ્સની જેમ સ્વામીજીનાં ૭ સૂત્રો જાણવા જેવાં છે.

૧. આવતી કાલે સોનાનો સૂરજ ઊગશે એવી ઠગારી આશામાં જીવવા કરતાં આજ જેવી હોય એવી માણવાના પ્રયત્ન કરો.
૨. ભૂલ થઈ ગઈ છે એવું એક વાર જાણી લીધા પછી એ ભૂલનો વારંવાર પસ્તાવો ન કરશો એકની એક ભૂલ ફરી ન થાય એના પર ધ્યાન કેન્દ્રિત કરો.
૩. નશીબની તો વાત જ ન કરતા, નસીબ બીજું કંઈ નથી, આપણી નિષ્ફળતા ઢાંકવાનું બહાનું માત્ર છે. નસીબ એ તો બંધ ઓરડો છે, એને ઉઘાડવાની ચાવી પુરુષાર્થ છે.
૪. કોઈ પણ બાબતમાં હતાશ થવાનું ટાળજો. હતાશા એ આપણા અધુરા પ્રયાસનું પરિણામ છે.
૫. ખોટું કરીને સારાં પરિણામ મેળવવાની અપેક્ષા ન રાખશો. ધતુરાનાં બી વાવીને આંબાની આશા તો રખાય જ નહીં.
૬. ટીકા કરવી હોય તો તમારી પોતાની ઊણપની ટીકા કરજો, બીજાની નિંદા કે ટીકા કરી તમે તમારી જાતને હલકી ન પાડશો.
૭. બીજાના ઘરમાં દીવા બળતા જોઈને તમારા ઘરમાં આગ ન લગાડશો. ઈર્ષા એ પોતે જ એક મહાઅગ્નિ છે. એને બિલકુલ પાસે ન આવવા દેતા.

છેને સોનેરી સૂત્રો !!

સમાપન

રોજ વિચારું છું કે આનું કંઈક કરવું પડશે. રોજ જનમતી ઈચ્છાનું કંઈક કરવું પડશે. દુનિયામાં અડધા લોકો તો બહુ સારા છે બસ બાકીના અડધાનું કંઈક કરવું પડશે.

આત્મવિશ્વાસ બનાવે માનવ જીવન ખાસ

શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)

પ્રિય પરિવારજનો,

To become learned, Each day add something,
To become enlightened, Each day drop something. - lao tzu

માનવ જીવનને ખાસ બનાવવા માટે ગૌરવ અને ગરિમા સાથે હૈયાની હળવાશ, મનની મોકળાશ અને ભીતરમાં લીલીછમ લાગણી હોવી આવશ્યક છે. સંસ્કૃતિનું જતન અને સંસ્કારનું સિંચન દરેક માનવીના માનસપટ ઉપર અંકિત થયેલું હોવું જોઈએ. નીતિમત્તા અને પ્રામાણિકતાથી જે વ્યક્તિ કર્મશીલ બને તેની જીવનયાત્રા સરળ અને સહજ બને છે. રચનાત્મક અભિગમ અને મધુર સ્વભાવ ધરાવતું વ્યક્તિત્વ વિચારશીલ બનીને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાને માટે શક્તિમાન બને છે.

એક સારો અને સાચો મિત્ર પણ તમારું જીવન ખાસ બનાવી શકે છે. મિત્ર ભગવાન કૃષ્ણ સમાન હોય તો તમારી જીત નિશ્ચિંત કરે છે, અને દાનવીર કર્ણ સમાન હોય તો તમારા દરેક સમયે હાર–જીતની પરવા કર્યા વિના મિત્ર ધર્મ સુપેરે નિભાવે. એવું કહેવાય છે કે “ઉંમર” તમને દોસ્તી કરતા રોકતી નથી, પણ “દોસ્તી” તમને “ઉંમરલાયક” થતાં જરૂર રોકે છે.

માનવજીવનને ખાસ બનાવવા માટે અને સંબંધને સુંદર બનાવવા માટે....

૧. જે વસ્તુ તમે જાણતા ન હોય તો પૂછો ! જ્ઞાન મેળવો. પૂછતા પંડિત થવાય. માટે સંકોચનો ત્યાગ કરીને જાણવાનો અને શીખવાનો પ્રયત્ન કરો.

૨. કોઈ વાતમાં સંમત ના હોય તો નકારાત્મક અભિગમ ના બતાવશો. ચર્ચા–ડાયલોગ ચાલુ રાખશો. વિવાદને બદલે સંવાદને પ્રાધાન્ય આપશો.

૩. કોઈ વસ્તુ તમને ના ગમતી હોય તો આદરપૂર્વક અસંમત થજો. સામેવાળાને ઉતારી પાડવાની કે અપમાનિત કરવાની કોશિશ કદી ના કરશો.

૪. કોઈ દિવસ મૌન રહીને સામેવાળાને પારખવાની ભૂલ ના કરશો. તેના આત્મસન્માન અને આત્મગૌરવને ઠેસ પહોંચે તેવું વર્તન બિલકુલ ના કરશો.

ઉપરોક્ત સદ્‌ગુણો ગ્રહણ કરવાથી ચોક્કસ આત્મવિશ્વાસનો સંચાર થશે. વાતાવરણ સુમધુર રહેશે.

ઉદારતા અને જતું કરવાની ભાવના તથા સુખ વહેંચવાની અને દુ:ખમાં ભાગીદાર થવાની વૃત્તિ માનવજીવનને ખાસ બનાવે છે. મહાન ગાયક એલ્વિસ પ્રેસલી એક વાર તેના લીમો ડ્રાઈવરને પૂછ્યું કે આ ભવ્ય લીમો કાર તારી છે કે તું ડ્રાઈવર તરીકે છું ? ડ્રાઈવર કહે કે સર... ડ્રાઈવર તરીકે જોબ કરું છું. એલ્વિન પ્રેસ્લી ડ્રાઈવરને કહે કે આજથી આ લીમો ગાડી તારી છે. મિત્રો, એલ્વિસ પ્રેસ્લી એ તેમના જીવનકાળમાં ૨૦૦ જેટલી કેડિલેક કાર વિવિધ લોકોને ભેટ આપી છે.

મિત્રો, જીવનમાં બીજાની ખુશી માટે ઈશ્વર આપણને નિમિત્ત બનાવે એનું જીવન હંમેશાં ખાસ બને છે. યાદ રાખજો કે સત્ય અને અસત્યની લડાઈમાં કદાચ સત્ય એકલું જ ઊભું હશે અને અસત્યની ફોજ લાંબી હશે. શક્ય છે કે અસત્યની પાછળ મૂર્ખોની ટોળું હોય, પરંતુ એનાથી વિચલિત કે હતપ્રભ થવાની જરૂર નથી.

આત્મવિશ્વાસ ભર્યા ખાસ જીવન માટે સપ્તપદી : (૧) સદ્‌વ્યવહાર (૨) માનવતા (૩) મધુર વાણી (૪) શાંતિ (૫) પારિવારિક એકતા (૬) અનુશાસન (૭) સમાધાન

આપ સૌનું જીવન આત્મવિશ્વાસથી ભરપૂર અને ખાસ બને તેવી પ્રભુ પ્રાર્થના.

- જયેશ અને નિહારીકાના પ્રણામ (રાહી ફાઉન્ડેશન)

ખુદને ખબરદાર રાખવું એ સ્વાર્થ નથી

શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)

પ્રિય પરિવારજનો

"ના મને માન વહાલું, ના મને અભિમાન વહાલું,
હું તો એક માણસ છું, મને મારું સ્વાભિમાન વહાલું"

માનવીને ખુદના ખુદા બનવું હોય, પંડના પરમેશ્વર બનવું હોય, ભિતરમાં ભગવાન બનવું હોય કે નરમાંથી નારાયણ બનવું હોય તો ખુદને ખબરદાર બનાવવું પડે. ખબરદાર માણસ જ જીવનમાં અસરદાર બની શકે. દરેક અરુણોદય, રોજ ઊગતું પ્રભાત અને હરદિનની તાજગીસભર સવાર જીવન જીવવાની તક આપે છે. જીવનયાત્રાને પરિવર્તનનો અવસર પૂરો પાડે છે. સકારાત્મક અભિગમ હકારાત્મક દિશામાં જવા માટે પ્રેરે છે અને રચનાત્મક કાર્ય કરવાનું પ્રોત્સાહન પૂરું પાડે છે.

જીવનની ઈમારતને આર્થિક, માનસિક, શારીરિક અને સામાજિક સક્ષમ બનાવવું અનિવાર્ય છે. ચતુર અને હોંશિયાર માણસો દરેક વસ્તુમાંથી અને દરેક વ્યક્તિ પાસેથી શીખવાનો અને જાણવાનો પ્રયત્ન કરે છે. જ્યારે સામાન્ય માણસો પોતાના અનુભવ ઉપરથી શીખે છે અને મૂર્ખ તથા અધૂરપવાળા માણસો દરેક વાતમાં વાદવિવાદ કરવા તત્પર હોય છે. તેમજ દરેક પ્રશ્નોના જવાબ આપવા તૈયાર હોય છે. સાંભળવાને અને સંભાળી લેવાને બદલે સંભળાવી દેવાની ફિરાકમાં હંમેશા હોય છે. એકબીજા વિશે બોલો એના કરતાં એકબીજા સાથે બોલતાં થઈ જવાથી જિંદગી સરળ અને સહજ બની જાય છે.

યાદ રાખો, જીવનમાં દરેક ઝંઝાવાત તમને નાશ કરવા નથી આવતા, પરંતુ આ ઝંઝાવાતને કારણે તમારી મંઝિલ અથવા લક્ષ્યાંકનો રસ્તો ક્લીયર થઈ જાય તેવું પણ બને.

જીવનમાં બીજાની સાથે સરખામણી કરવાથી ઈર્ષ્યાનો જન્મ થાય છે અને ઈર્ષ્યાની ભાવના પેદા થાય એટલે સમજવું કે તમે જેની ઈર્ષ્યા કરો છો તેને તમે તમારાથી ચડિયાતી માની લીધી છે. તમને લઘુતાનો સ્વીકાર ભાવ થઈ ગયો છે.

નિરામય આરોગ્ય સુખમય જીવનયાત્રા માટેની પ્રાથમિક શરત છે. માણસ આરોગ્યના ભોગે અર્થ ઉપાર્જનમા રચ્યો-પચ્યો રહે છે. જ્યારે આર્થિક સમૃદ્ધ થાય છે ત્યારે આરોગ્ય કથળી ગયું હોય છે એ સત્ય હકીકત છે. આ આરોગ્યને પાછું મેળવવા ગમે તેટલી સંપત્તિનો વ્યય કરે પણ તે સફળ થતો નથી.

મિત્રો, વિકટ સમયમાં સાવધાન, સાવચેત, સતર્ક અને સલામત રહેવાની જરૂર છે. જિંદગી તો જાણવા અને માણવા માટે છે તે હંમેશા માનસપટ ઉપર અંકિત કરીને રાખો.

"જીવનને માણે એને જ મોજ છે, બાકી એ જ સવાર અને રાત રોજ છે."

જીવનમાં મજબૂર નહીં, પરંતુ મજબૂત થવાની આવશ્યકતા છે. મહેરબાની કરીને ભ્રમમાં ના રહેશો કે તમને બધા સમજે અને બધાને તમે સમજાવી શકો. સમયને સાચવવાની જરૂર છે. જીવનમાં ઉત્તમ સમય આવતો નથી, પણ સમયને ઉત્તમ બનાવવો પડે છે.

મિત્રો, ખુદને ખબરદાર રાખવા માટેની અસરદાર પંક્તિ માણો......

"ચાલશો તો મંઝિલના રસ્તા મળી જશે, વિચારો તો બધી વાતનું કારણ મળી જશે,
જીવન એટલું પણ મજબૂર નથી હોતું, જીગરથી જીવો તો જલસા પડી જશે."

અમૂલ્ય જીવનયાત્રાના અસ્તિત્વનો ખુશીથી સ્વીકાર કરો. સ્વને સાચવો, પરિવારની પરવરીશ કરો અને સમાજની સર્વોત્તમ સેવા કરો.

વિશ્વનું કલ્યાણ થાય તેવી પ્રભુ પ્રાર્થના....

- જયેશ અને નિહારીકાના પ્રણામ (રાહી ફાઉન્ડેશન)

Monday MARK by RAJEEV MANIAR

Rajeev Maniar
Life Skill Mentor & Trainer
9825028399 | www.rajeevmaniar.com

'WALK

It was a Sunday holiday. Unfortunately, there was no electricity in my house. The T.V. would not work. The Wi-Fi was down. The laptop was completely discharged. I forgot to charge the mobile. Only 10% battery, which I had to preserve in case of emergency calls. I did not know what to do...

After sometime, I went to my next-door neighbour who was living since, 5 years, but did not get time to interact, so thought of talking to him. He was also in the same state what I was — so we started talking...

Slowly and gradually — we started talking on various topics sharing honestly what each felt about that topic — forgetting there was no electricity around. Suddenly when the electricity was started, we both were surprised. We had talked for more than 2 hours & we created a good bonding...

Friends, Find time to talk more with people around you & Make Your MARK

• • •

FATHER

Once there was a family which had — Father, mother, 2 Children & a Grand Father. The children liked the Grand Father very much. However, their father somehow did not like the old man. Every time he used to find some fault with his father and treated him badly.

Once while having dinner, the glass plate fell from the hands of the old man and it broke in to pieces... The father got very angry and slapped the old man & spoke bad words in front of everyone.

The next day, the grand child went to the market & bought 2 Wooden Plates. In the evening when the father came home, the child said — Father, I have bought 2 wooden plates —1 for my Grand Father & 1 for you! You can give 1 to Grand pa so you don't have to scold him as this plate will not break & I will preserve this one and give the food in this plate when you get old!!

There were tears in the eyes of the Father as he realized his mistake old.

Friends, Treat Elder people with Love & Care & Make Your MARK®

"એકાગ્રતા"

એકવાર એક નાનો છોકરો આંગણામાં મરઘી સાથે રમવા માંગતો હતો. અલગ અલગ રંગોની ૨૫ થી વધુ મરઘીઓ હતી. જો કે, જ્યારે તેણે મરઘીઓને પકડવાનો પ્રયાસ કરતો હતો ત્યારે મરઘીઓ ભાગી જતી. તેથી, તે બીજી મરઘીઓની પાછળ દોડતો અને દરેક વખતે જુદી જુદી મરઘીઓ અજમાવતો પણ એક પણ મરઘીને પકડી શકતો ન હતો.

૩૦ મિનિટ પછી, તે અસ્વસ્થ અને થાકી ગયો. તેથી, તે એક ખૂણામાં બેસીને વિચારતો હતો કે તે મરઘી સાથે કેવી રીતે રમી શકું ! એક બુદ્ધિમાન વ્યક્તિ તેને જોઈ રહ્યો હતો, તેણે એ નાના છોકરાને બોલાવ્યો અને પૂછ્યું – તારે મરઘીઓને કેમ પકડવી છે ? છોકરાએ જવાબ આપ્યો – મારે તેમની સાથે રમવું છે.

બુદ્ધિમાન વ્યક્તિએ જવાબ આપ્યો – હું તને કહું છું કે ફક્ત ૧ મરઘી પર ધ્યાન કેન્દ્રિત કર અને તેને પકડવાનો પ્રયાસ કર. નાના છોકરાએ તેનું પાલન કર્યું અને ૧ મરઘી પર ધ્યાન કેન્દ્રિત કર્યું. થોડીવારમાં, તે તેની સાથે રમવા માટે મરઘીને પકડી શક્યો....

મિત્રો, આપણી દિનચર્યામાં – આપણે જે જોઈએ છે તે પ્રાપ્ત કરવા માટે આપણે એક સમયે એક કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. એક કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરો એન્ડ મેક યોર માર્ક..

• • •

"લગ્ન"

તાજેતરમાં જ હું મુંબઈની ફ્લાઈટમાં મુસાફરી દરમિયાન એક મહિલાને મળ્યો જેની ઉંમર ૫૦ની આસપાસ હશે. વાતચીત દરમિયાન મને ખબર પડી કે તેણે ક્યારેય લગ્ન કર્યા નથી. જિજ્ઞાસાથી, મેં તેમને પૂછ્યું – શું હું તમને એક પ્રશ્ન પૂછી શકું ? તેણીએ કહ્યું – હું જાણું છું કે તમે શું પૂછવા માંગો છો ? પ્રશ્ન એ છે કે "તમે લગ્ન કેમ ન કર્યા ? સાચું ?

મેં કહ્યું હા. તેણીએ કહ્યું – હું સામાન્ય રીતે આ પ્રશ્નનો જવાબ આપતી નથી, પરંતુ તેમ છતાં, હું તમને કહીશ. ખરેખર, હું મારા માતા–પિતાની એકમાત્ર સંતાન છું. મારા પિતા થોડા વર્ષો પહેલા મૃત્યુ પામ્યા હતા. જયારે મારી લગ્નની ઉંમર હતી. હું ઘણા બધા પુરૂષને મળી અને મને તેમાંથી મોટાભાગના પુરૂષોએ મને પસંદ કરી.

જો કે, તેમનો જવાબ બદલાઈ જતો, જ્યારે હું તેમને પૂછતી – મારી માતા એકલી થઈ જશે, જો હું લગ્ન કરીશ – તો તેની સંભાળ રાખવા માટે કોઈ નહીં હોય. જો મારી માતા આપણી સાથે રહી શકે તો – હું તમારા માતા–પિતા અને મારી માતાની સંભાળ લેવા તૈયાર છું. બધાએ ના પાડી. હું લગ્ન કર્યા વિના ખુશ છું. વહુ તરીકે નહિ પણ દીકરી તરીકે મારા માતાની સંભાળ રાખીને ખુશ છું.

મિત્રો, તમે પુરૂષ હોય કે સ્ત્રી તમારા જીવનસાથીના માતા–પિતાની કાળજી લો એન્ડ મેક યોર માર્ક

"કાર્યનો ભાર"

એક ખેડૂત પાસે કામ કરવા માટે તેના ખેતરમાં ૨ ગધેડા હતા. એક ગધેડો ખૂબ જ મહેનતું હતો એટલે તેને હંમેશાં વધુ કામ કરવું પડતું હતું. બીજો ગધેડો ચાલાક હતો એટલે એ કામ ના કરવાનું કારણ શોધી છટકી જતો.

થોડા દિવસો પછી, બંને ગધેડાને તેમની પીઠ પર ભાર મૂકીને શહેરમાં લઈ જવાના હતા. ચાલાક ગધેડાએ શહેરમાં ન જવા માટેનું ખોટું કારણ બતાવ્યું. એટલે મહેનતુ ગધેડા પર બમણો ભાર મૂકવામાં આવ્યો. તેણે ખેડૂતને કહ્યું કે તે ભાર સહન કરી શકતો નથી પરંતુ ખેડૂતે સાંભળ્યું નહીં.

ખેડૂતે તેને ડબલ ભાર સાથે શહેર તરફ ચાલવાનું શરૂ કર્યું. રસ્તામાં ગધેડો લપસી ગયો અને તેનો પગ તૂટી ગયો. હવે, ખેડૂત પાસે તેને આરામ કરાવવા સિવાય કોઈ વિકલ્પ નહોતો અને ચાલાક ગધેડાને બધું જ ડબલ કામ કરવું પડ્યું.

મિત્રો, આપણે કાર્યને ટીમના સભ્યોમાં સમાનરૂપે વહેંચવાની જરૂર છે અને કોઈના પર વધુ ભાર ન મૂકવો જોઈએ. જવાબદારીઓ શેર કરો એન્ડ મેક યોર માર્ક

• • •

"ગરીબ છોકરી"

એકવાર એક નાના શહેરમાં એક શ્રીમંત માણસ ઈચ્છતો હતો કે કોઈ તેનો વ્યવસાય સંભાળે કારણ કે તે વૃદ્ધ થઈ રહ્યો હતો અને તેને કોઈ સંતાન ન હતું. તેના વ્યવસાય માટે શ્રેષ્ઠ વ્યક્તિ શોધવા માટે તેણે શહેરની મધ્યમાં એક મેળાવડાની જાહેરાત કરી અને એક પરીક્ષા લેવાનું વિચાર્યું.

પરીક્ષામાં વ્યક્તિએ એક વસ્તુ ખરીદવાની હતી જેની કિંમત રૂા. ૨૦/– થી વધુ ના હોવી જોઈએ અને તેનો ઉપયોગ ૪ રીતે કરી શકાય. તે ખાઈ શકાય, તે પી શકાય, તેનું વાવેતર કરી શકાય અને જે આપણે ખાઈ શકતા નથી તે ગાયને ખાવા માટે આપી શકાય !

ઘણા ભણેલા છોકરા–છોકરીઓએ પ્રયત્ન કર્યો પણ જવાબ મળ્યો નહિ. એક ખૂબ જ ગરીબ છોકરીએ પડકાર લીધો. તે વેપારી પાસે જઈને રૂા. ૨૦/– માંગ્યા કારણ કે તેણી પાસે પૈસા ન હતા. તેણીએ બધાને થોડી રાહ જોવાનું કહ્યું અને તે માર્કેટમાં ગઈ.

તેણીએ "તરબૂચ" ખરીદ્યું અને પાછી આવી. તેણીએ તરબૂચને સમારીને વેપારીને કહ્યું – આ રહ્યું – તમે તરબૂચ ખાઈ શકો છો, તમે નિચોવી અને તેનો રસ પી શકો છો, તમે તેના બીજ રોપી શકો છો અને તરબૂપનો જાડો બહારનો ભાગ ગાયને ખવડાવી શકો છો.

આ જવાબથી વેપારી ખૂબ જ ખુશ થયો અને તેણે આ ગરીબ છોકરીને તેના ધંધાની જવાબદારી આપવાનો નિર્ણય કર્યો. મિત્રો, વાસ્તવિક જીવનમાં શિક્ષણ કરતાં જ્ઞાન વધુ ભૂમિકા ભજવે છે. તમારા જ્ઞાનનો ઉપયોગ કરો એન્ડ મેક યોર માર્ક.

• • •

મિત્રો, જણાવતા આનંદ થાય છે કે, મંડે માર્ક તેના ૫મા વર્ષમાં પ્રવેશે છે.... આ શક્ય બનાવવા માટે તમારા સમર્થન, પસંદ અને વિશ્વાસ માટે ખૂબ આભાર. મંડે માર્ક વાચંતા રહેશો !

વડીલ વિભાગ

- શ્રી વૃજલાલ એમ. દોશી



અમૃત રામાયણ ભાગ -૧લો
ગોસ્વામીજી શ્રી તુલસીદાસજીનું જીવનચરિત્ર

"શ્રી રામચરિત માનસ"ના રચયિતા ગોસ્વામી શ્રી તુલસીદાસજી ભારતની મધ્યકાલીન સંત પરંપરામાં અને "માનસ" ઉપરાંત બીજા અગિયાર રત્નો દ્વારા ભક્તિ કાવ્યોના રચયિતાઓમાં આજે પણ પરમ પ્રકાશિત માર્ગદર્શક તરીકે જીવંત છે. આજના અનેક પ્રકારે દુઃખી જનસમાજને જીવનના ઝંઝાવાતમાં પોતાની નાવડી સંભાળવામાં ગોસ્વામીજીની કૃતિઓ પ્રકાશપુંજ-દીવાદાંડીની ગરજ સારે છે. ઇતિહાસ અને પુરાણો આદિ ધર્મગ્રંથોનું માર્ગદર્શન તો અગાઉ પણ મળતું પરંતુ સામાન્ય માનવી માટે આ ગ્રંથોમાંથી સારરૂપ માખણ કાઢી આપનાર, પ્રભુ શ્રીરામના પરમ ઉપાસક, ગોસ્વામીજીના પોતાના જીવનમાંથી પણ મુમુક્ષુજનોને ઘણું ભાથું મળે એમ છે. તેમનું જીવન વૃત્તાંત તેમના પોતાના શિષ્ય અને સહવાસી સંત શ્રી વેણી માધવદાસજીએ મહાકાવ્ય સ્વરૂપે-લગભગ એક લાખ અને ચોત્રીસ હજાર દોહાનું-લખ્યું હતું, પરંતુ એ આખા ગ્રંથરૂપે આજે સુલભ નથી. એક વખાણવા યોગ્ય પ્રયાસરૂપે ગઈ સદીમાં કાશી નાગરી પ્રચારિણી સભાએ તુલસી ગ્રંથાવલિના ત્રીજા ખંડમાં ઠીક ઠીક વિસ્તારથી તુલસીચરિત્ર આલેખ્યું છે. આ બે મૂળ અને મુખ્ય ગ્રંથરત્નોના આધારે અનેક વિદ્વાનોએ ગોસ્વામીજીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર સમાજ સમક્ષ મૂક્યું છે.

"ભક્ત માળ"ના કર્તા પરમસંત શ્રી નાભાદાસે તુલસીદાસજીના ચરિત્ર સાથે એક સુંદર ભાવવાહી મુક્તક આપ્યું છે. એ પહેલાં જોઈએ.

ત્રેતા કાવ્ય નિબંધ કરિવ સતકોટિ રમાયન ।

ઇક અચ્છર ઉદ્ધરે બ્રહ્મહત્યાદિ પરાયન ॥
અબ ભક્તનિ સુખ દૈન બહુરિ લીલા વિસ્તારી ।
રામ ચરન-રસ-મત્ત રટત અહનિસિ બ્રત ધારી ॥
સંસાર અપાર કે પારકો સુગમરૂપ નવકા લયૌ ।
કલિકુટિલ જીન-નિસ્તાર હિત બાલ્મીકિ તુલસી ભયૌ ॥

યમુનાજીના કિનારે રાજાપુર નામે એક જમાનામાં ઘણું મોટું શહેર હતું. એની આજુબાજુના નાના ગામોમાંનું એક "દૂબે પુરવા" એ ગોસ્વામીજીનું જન્મસ્થળ. રાજાપુરના રાજ્યગુરૂ શ્રી રૂદ્રનાથ મિશ્ર પરાશર ગોત્રના સરયુપારી બ્રાહ્મણ હતા. તેઓ વિદ્વાન, સંપન્ન અને પ્રતિષ્ઠિત હતા. તેમનાં ધર્મપત્ની હુલસીજીની કૂખેગોસ્વામીનો જન્મ થયો હતો. માતાના ગર્ભમાં બાર-તેર માસ રહ્યા પછી તેમનો જન્મ સંવત ૧૫૫૪ની શ્રાવણ સુદ સાતમના રોજ સંધ્યા સમયે થયો હતો. ઘણો લાંબો કાળ ગર્ભાવસ્થામાં રહ્યા હોઈ જન્મ સમયે ગોસ્વામીજીનું કદ ઘણું મોટું હતું. તેમના મુખમાં બધા દાંત હતા અને જાણે પાંચેક વર્ષના હોય એવા જણાતા હતા. જન્મતી વેળાએ બાળક રડતું હોય છે. પણ આ બાળકે જન્મતાં જ રડવાને બદલે "રામ" એવો ઉચ્ચાર કર્યો હતો.

એ સમયનો ત્યાં હાજર રહેલો સ્ત્રીસમાજ આ બાળકને રાક્ષસ માની બેઠો અને પ્રસૂતિની પીડામાં કષ્ટાતી માતાનો આ બાળક રાક્ષસ હોઈ જીવ લેશે; પોતે મરશે અને પોતાનાં માતા–પિતાને પણ મારશે, એવી એવી ચર્ચા શરૂ થઈ. અનેક અપશુકનિયાળ ચિહ્નો બાળકમાં શોધનારાને મળી રહ્યાં. છેવટે ત્રણ દિવસ સુધી રાહ જોવાનું નક્કી કર્યું. એ દરમિયાન માતા હુલસીને પોતાનું મૃત્યુ નજીક જણાતાં તેમણે તેમની પ્રિય દાસી ચુનિયાને બાળક સોંપ્યો અને ગામ છોડી દૂર જતા રહેવા કહ્યું. ચુનિયા પોતાના સાસરે હરિપુર ગામે પોતાની સાસુ સાથે રહેવા જતી રહી. હુલસીમાએ આપેલાં ઘરેણાં અને બાળકને ચુનિયાએ સાસુના ખોળામાં મૂકતાં તેમણે તેને પોતાની પહેલ વેતરી ગાયનું દૂધ પાવા કહ્યું. તેમને ત્યાં ઈશ્વરે આ વ્યવસ્થા કરી રાખી હતી. મા હુલસીએ તો તે જ રાત્રે દેહત્યાગ કર્યો હતો. પરંતુ પિતાએ બાળકને વિસારી દીધો. દાસીનો પ્રેમ પામી આ બાળક – જેનું કોઈ વિધિસર તો નામકરણ થયું ન હતું, સૌ કોઈ એને "રામબોલા" કહેતા – ઉછરે છે. વિધિની વક્રતા જુઓ કે આમ ઉછરતા આ નિરાધાર બાળકના આધાર ચુનિયાનો પણ સર્પદંશથી દેહવિલય થયો. સાડા પાંચ વર્ષનો બાળક નિરાધાર બની ગયો. હરિપુરના લોકોએ રાજ્યગુરૂને ખબર કર્યા પરંતુ એ પઠિતમૂર્ખ વ્યક્તિએ "આ બાળક પોતાના પાલક–પોષકનો નાશ કરનાર હોઈ હું તેને નહીં સંઘરું" એમ કહેવરાવ્યું. આથી બાળકને બેવડી હેરાનગતિ થઈ. સમાજમાં પ્રતિષ્ઠા સંપન્ન પોતાના પિતાના ઘરનાં દ્વાર તો તેને માટે બંધ હતાં જ; ઉપરાંતમાં હરિપુરના જે લોકો દયાથી પ્રેરાઈ તેનું પાલનપોષણ કરતા એ પણ ડરી ગયા. આવા વહેમભર્યા સમાજમાં બાળકને રોટલો અને ઓટલો બંનેના સાંસા પડી ગયા. અનાથ અને દીનહીન બાળક ભૂખથી પીડાતો ભટકતો ફરતો રહ્યો. કોઈ બાળક પાસેથી કાંઈ મળે તે અથવા શેરીનાં કૂતરાંના ખોરાકમાંથી જે કંઈ ઝૂંટાવી શકાય એ ખાઈ બાળક ગામની ભાગોળે ઝાડ નીચે ભૂખ્યા પેટે સૂઈ જતો. જગદંબા માતા પાર્વતીથી આ બાળકનું દુ:ખ જોઈ ન શકાતું. અન્નપૂર્ણા અનેક વાર બ્રાહ્મણ સ્ત્રીના સ્વરૂપે આવતાં અને ખીર ખવડાવતાં. આમને આમ બે વર્ષ વીતી ગયાં.

એ સમયે ચિત્રકૂટમાં સ્વામી નરહારાનંદ કુટિયા બાંધીને રહેતા હતા. આ નરહરાનંદજી સ્વામી અનંતાનંદજીના પ્રિય શિષ્ય હતા. સ્વામી અનંતાનંદજી શ્રી રામાનંદજીના બાર શિષ્યોમાં મુખ્ય ગણાતા. નરહરાનંદજી ભગવાનની ભક્તિમાં લીન રહેતા. તેઓને પ્રભુનો સાક્ષાત્કાર પણ થયેલો. તેમના સાંભળવામાં આ અનાથ બાળકની વાત આવતાં તેની નિરાધાર દશાથી તેઓને ઊંડી લાગણી થઈ આવી. આજથી ચારસો કરતાં વધુ વર્ષ પહેલાંના ભારત વર્ષમાં અનાજ, ઘી, દૂધ ઘણાં સસ્તાં અને માણસો પણ ઠીકઠીક ઉદાર વૃત્તિના હતા, પરંતુ વહેમ માણસનો વિવેક ચાટી જાય છે. આખું ગામ વહેમથી પીડાતું હોય અને એને લીધે એક અનાથ બાળક ભૂખ્યો સૂએ એ સંતથી કેમ સહન થાય ? આ બાળકની અવદશા સાંભળી ઈશ્વર પ્રેરણાથી નરહરાનંદજી હરિપુર પહોંચ્યા. દીનહીન અને તિરસ્કૃત આ બાળકને તેમણે અપનાવી લીધો. ગામ લોકોએ રામબોલા તેમની સાથે જાય એમાં તરત સંમતિ આપી એટલે સ્વામીજી તેને લઈને અયોધ્યાજી પહોંચ્યા.

સંવત ૧૫૬૧ની માઘ શુક્લા પંચમી–વસંતપંચમી–ના શુભ દિવસે તેમણે આ વિપ્ર બાળકને સરયુતટ પર વિધિવત્ યજ્ઞ કરીને યજ્ઞોપવતિ કર્યો અને ગાયત્રી મંત્ર આપ્યો અને શ્રી રામનામનો મહિમા સંભળાવ્યો. બાળક રામબોલા અને ગુરૂ નરહારાનંદ દાસ મારા હનુમાન ટીલા પર રહ્યા. એ દરમિયાન શિષ્યનો વિદ્યાભ્યાસ શરૂ થયો. અષ્ટાધ્યાયોના સૂત્રો કંઠસ્થ થવા લાગ્યાં. બાળકમાં અસાધારણ ગ્રહણ–ધારણ શક્તિ જોઈ, તેનો ભક્તિભાવ અને સેવા પરાયણતા જોઈ, ગુરૂ પ્રસન્ન રહેતા. ત્યારબાદ માર્ગમાં આવતાં ગામોમાં કથાવાર્તા કરતા ગુરૂ–શિષ્ય સરયુ અને ઘોઘરા નદીઓના સંગમ આગળ શૂકરખેત (સોરો) અથવા વરાહ ક્ષેત્ર પહોંચ્યા. ત્યાં પાંચ વર્ષ નિવાસ કર્યો. બાળકની બુદ્ધિપ્રતિભા વધુને વધુ ખીલવા લાગી. અહીં જ સ્વામીજીએ બાળક રામબોલાને

પ્રથમ વાર રામાયણની કથા સંભળાવી અને તેને પદ્ધતિસર અભ્યાસ કરાવવા લાગ્યા. સોરોમાં પાંચ વર્ષ રહીને ફરી યાત્રા કરતા. માર્ગમાં યોગ્ય અધિકારી વ્યક્તિઓને ઉપદેશ કરતા, દીન–દુખિયાને સાંત્વન આપતા, બંને ગુરૂ–શિષ્ય કાશીજી પહોંચ્યા. અહીં તેમનો ઉતારો તેમના પરમ ગુરૂજી યતીન્દ્ર શ્રી રામાનંદજીના જ સ્થાનમાં થયો. કાશીપુરીમાં પંચગંગા ઘાટ પર એક વૃદ્ધ મહાત્મા–શેષ રત્નાતનજી–રહેતા એ મહા તપસ્વી અને સિદ્ધ પુરૂષ હતા. તેમની નજરે બાળક રામબોલા ચડ્યો. એનાં સામુદ્રિક લક્ષણો જોઈ પોતાની સર્વ વિદ્યાનો અધિકારી અને સુપાત્ર જણાતાં તેને પોતે ગુરૂજી પાસેથી માંગી લીધો. ગુરૂજીએ બાળકનું એમાં પરમહિત જોઈ પ્રસન્નતાપૂર્વક તેઓને સોંપી દીધો. સંતે આ બાળકની વૃત્તિ બરાબર ઓળખી લીધી હતી. તેમની પાસે ગોસ્વામીજીએ પંદર વર્ષ સુધી વેદાધ્યયન કર્યું. તેમની પાસે પોતે ચારે વેદ, છ શાસ્ત્રો, ઇતિહાસ, પુરાણ, ન્યાયશાસ્ત્ર અને કાવ્ય આદિ બધી વિદ્યાનો અભ્યાસ કર્યો. ગુરૂજીનો દેહ પંચત્વ પામતાં તેમની અંત્યેષ્ટિ કરી ગુરૂ ઋણમાંથી મુક્ત થઈ ગોસ્વામીજી પર્યટન કરવા માંડ્યા. પોતાને વતન જઈ જોયું તો રાજાપુરમાં માત્ર મકાન ખંડેર અવસ્થામાં ઊભું હતું. ઘરનું કોઈ જીવિત ન હતું. પોતાના પિતૃઓને તેમણે વિધિવત્ પિંડદાન કર્યું અને પૈતૃક મકાનમાં જરૂરી સુધારા કરાવી ત્યાં રહેવા લાગ્યા અને શ્રી રામાયણની કથા લોકોને સંભળાવવા લાગ્યા.

જ્યારે પથ્થર ઘસાય છે અને પગથીયું બને છે અને
એક પથ્થર ઘસાય છે અને પરમેશ્વર બને છે.
ઘસાવું અને ઘડાવું આ વિશે સમજ પડી જાય એટલે...
જીવન ઉત્સવમય બની જાય છે...

"હંમેશા એ જ જીતતી આવી છે"

વાત છે પત્નીની બાયપાસ સર્જરી વખતની.

ભાનમાં આવતા આઈસીયુમાં મળવા ગયો. દુઃખાવાથી કણસતી હતી.

મારા સ્વભાવ પ્રમાણે ધ્યાન બદલવાના મિથ્યા પ્રયાસરૂપે મેં વાત બદલી.

તું કહેતી હતી કે હંમેશાં તું મને હૃદયમાં જ રાખે છે. પણ મેં ડૉ. ને પૂછ્યું તો તેણે કહ્યું કે હું તો ક્યાંય દેખાયો નહીં. કેમ ?

જવાબ હતો :

આ તો સર્જરી વખતે તમને ક્યાંક વાગી ના જાય એટલે એટલા સમય પૂરતા તમને થોડા સાઈડમાં રાખ્યા હતા.

અને – ફરી એકવાર એ જ જીતી ગઈ.

મજબૂરી અને વિશ્વાસ



- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"

મજબૂરી અને વિશ્વાસ એકબીજાના પુરક બને ત્યારે સંબંધનો ઉદય થાય છે.

વિશ્વાસથી બંધાયેલા સંબંધો પરસ્પરના સંજોગો અને પરિસ્થિતિને આધિન સંચવાતા રહે છે.

જીંદગીના ચડતી-પડતીના સંજોગોમાં એકબીજાને મદદરૂપ થઈ હિંમત આપી વિશ્વસનીયતા સાથે કપરા સંજોગોમાંથી બહાર કાઢે છે. આ રીતે સંબંધોની નિકટતાનું 'નૂર' જળવાઈ રહે છે.

વિશ્વાસની ખરી કસોટી મજબૂરીના મુંજારામાં થાય છે. મજબૂરી માનવીને વિહ્વળ અને બેચેન બનાવી દે છે. માનવી દિશાહીન થઈ જાય છે અને લાચાર બની જાય છે, ત્યારે આવા કપરા અને સસહ્ય સંજોગોમાં વિશ્વાસુ સંબંધો કસોટીના એરણ પર આવી જાય છે.

માનસિક મજબૂરીના કપરા સમયમાં આશ્વાસન અને હિંમત આપનારા પોતાના કે પરાયા સૌ કોઈનો સાથ અને હુંફ મળી રહે છે પરંતુ ખાસ અને અડગ વિશ્વાસુ સંબંધોની ખરી કસોટી આર્થિક મજબૂરીના કપરા સંજોગોમાં થાય છે અને ત્યારે જ વિશ્વસનીય સંબધની સાચી પરખ થાય છે.

આર્થિક મજબૂરીના સમયમાં માનવી હતાશા સાથે નિરાશ થઈ લાચાર બની જાય છે ત્યારે શું કરવું - શું ન કરવું તેની ગતાગમ પડતી નથી. આવા કપરા કસોટીકાળમાં વિશ્વાસથી બંધાયેલા સંબંધો સહકાર આપવાના બદલે સ્વાર્થી બની તેનો પૂરેપૂરો લાભ ઉઠાવી મજબૂર માનવીને વધારે મજબૂર બનાવી દે છે ત્યારે પોતાના વિશ્વાસનીય સંબંધોનું મૂલ્ય માત્રને માત્ર નાણાકીય નોંધના આધારે કરે છે અને માનવીને મજબૂરીના માર્ગમાં ઊભો કરી ઉઘરાણીનો દોર શરૂ કરી લાચાર બનાવી દે છે.

સમજદારીથી સરજાયેલા લાગણીસભર બંધાયેલા સંબંધો શંકાશીલ વિચારોથી સ્વાર્થી બની જાય છે અને સંબંધોમાં કડવાશ પેદા થાય છે.

આવા કપરા સંજોગોનો ન્યાય માત્ર 'નિતિ'થી નાથેલા વિચારો અને વિશ્વાસની સાધેલા વિચારો જ સહાયભુત થઈ સમજી વિચારીને માર્ગ કાઢી શકે છે. પરિણામ સ્વરૂપે વર્ષોથી બંધાયેલા સંબંધોમાં અંતર વધી જાય છે જે ફરી મેળવવું મુશ્કેલ બની જાય છે.

આ વિચારોનું તારણ એટલે મજબુરીને મહાત કરી વિશ્વાસનુ વાવેતર કરી સંબંધો સમૃદ્ધ બનાવવા એજ માત્ર હેતુ હોવો જોઈએ.

યજમાન – મહેમાન

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"

યજમાની – મહેમાનીનો સંબંધ અનાદીકાળથી ચાલ્યો આવે છે, આ બંને વચ્ચેના સંબંધો સચવાયા પણ છે અને ઘવાયા પણ છે, તેમ છતાં સંબંધો સમય અને સંજોગો અનુસાર સરકતા રહ્યા છે.

– મહેમાન સગા, સંબંધી કે સ્નેહી ગમે તે હોય, પરંતુ તેમના વચ્ચેના સંબંધોનું લાગણીનું તારણ અને ભાવનાનું ભારણ –

યજમાન–૧ : અમુક મહેમાનો એવા આવે કે જેના આગમનથી પરિવારમાં આનંદની ઊર્મિઓ, લાગણીની લહેર અને ખુશીનો ખજાનો ખુલી જાય અને સહુ એકબીજામાં ઓતપ્રોત થઈ સુખ–દુ:ખની વાતો કરતા ભાવુક બની જાય, ત્યારબાદ નાસ્તા–પાણીના સથવારે આનંદ પ્રમોદ કરતા કરતા એકબીજાના હૈયામાં વસી જાય. અંતે જ્યારે છૂટા પડવાનો સમય આવે ત્યારે ભીતરની ભાવનાને ભીંજવતા હર્ષના અશ્રુ સાથે ગમગીન વદને વિદાય કરે છે.

યજમાન–૨ : મહેમાનના આગમન સાથે જ ચહેરાના હાવભાવ બદલાય જાય છે છતાં સંસ્કાર અને શિક્ષણ સાથે થયેલા ઉછેરથી સસ્મિતે આવકારવા પડે છે અને મને ક મને સાચવવા પણ પડે છે. કારણ કે આવા મહેમાનો કંઈક પામવાની, કંઈક જાણવાની, કે કંઈક સાચા જુઠાના સંબંધોની ચર્ચા કરી મનને અસ્થિર કરે છે જે સહનશક્તિના સહારે નીભાવવું પડે છે અને આવા મહેમાન જાય ત્યારે રાહત સાથે હાશકારો અનુભવાય છે. પરંતુ વાણી અને વ્યવહારથી થયેલા વર્તન અને વાતોને મગજમાંથી નીકળતા કલાકો નીકળી જાય છે. આવા સંબંધો દરેક યજમાન અને મહેમાનને વત્તા ઓછા પ્રમાણમાં અસર કરે છે. જેનું મૂલ્યાંકન પોતાની જાતે જ કરવું પડે અન્યના અભિપ્રાય મુજબ નહિ.

આપણા સંસ્કાર મુજબ મહેમાનગીરી નિખાલસતા સાથે સંતોષ લેવાની છે. બાકી બદલાની ભાવના સાથે તેવું જ વર્તન તેમની સાથે કરીએ ત્યારે યજમાન અને મહેમાનમાં કોઈ તફાવત રહેતો નથી.

આ વિવરણનું પોતાની જાત સાથે સંવાદ કરી અર્થઘટન કરવું પડે બાકી આ લેખન માત્ર અવલોકન અને નિરીક્ષણ ઉપર આધારિત છે.

સંબંધને જોડવા એ એક કળા છે, પણ સંબંધને નિભાવવા એ એક સાધના છે.
જિંદગીમાં આપણે કેટલા સાચા છીએ અને કેટલા ખોટા છીએ
એ તો ફક્ત બે જ વ્યક્તિ જાણે છે.
એક ઈશ્વર અને બીજું આપણી અંતરાત્મા,
અને
કેટલું અજીબ છે!!! એ બન્ને જ દેખાતા નથી.

‘જાણવા જેવું’

- સુનીલ ચાંદોરીકર

‘૧૦મી ઓગષ્ટ વિશ્વ સિંહ દિવસ’

૧૦ ઓગસ્ટ એટલે વિશ્વ સિંહ દિવસ. આ દિવસ એટલે મૃત્યુ પામેલા તમામ સિંહોને શ્રદ્ધાંજલી આપવાનો દિવસ... વર્ષને વર્ષે સિંહોની સંખ્યામાં ઘટાડો થતો જોવા મળ્યો છે તેથી પશુ સામ્રાજ્યના સૌથી ખૂબસુરત અને જંગલનો રાજા એવા સિંહને યાદ કરવાનો, આ પ્રાણી જાતને બચાવવા માટેના પ્રયાસો માટેનો દિવસ.

સિંહને વૈજ્ઞાનિક નામની રીતે ઓળખવા માટે લિયો, પર્સિકા તો ઘણા પંથેરા તરીકે ઓળખે છે. સિંહના ખભાની ઉંચાઈ ૧૦૭ થી ૧૨૦ સે.મી.ની આસપાસ તો ખોપરીની લંબાઈ ૩૩ થી ૩૪૦ મિલીમિટર જેટલી છે. માથું અને શરીર આશરે ૧.૯૭ મીટર અને પૂંછડીનું માપ ૩૧ થી ૩૫ ઇંચ જેટલું છે. પુષ્પ સિંહની લંબાઈ ૨.૮૨ થી ૨.૮૭ મીટર અને વજન ૧૫૦ કિલોથી ૨૫૦ કિલો હોય છે. જ્યારે માદા સિંહનું વજન ૧૨૦ થી ૧૮૦ કિલો હોય છે. સિંહણનો ગર્ભાધાનનો સમયગાળો ૧૦૦ થી ૧૧૦ દિવસ અને મેટિંગ પીરિયડ ત્રણથી આઠ દિવસ જેટલો હોય છે. આ સમયગાળામાં સામાન્ય રીતે તે એકથી પાંચ બચ્ચાંનો જન્મ આપતી હોય છે. બચ્ચાં ૨ વર્ષના ન થાય ત્યાં સુધી બીજા મેંટિંગ માટે તૈયાર થતી નથી. તેથી ઘણીવાર સિંહ મેટિંગ માટે પોતાના બચ્ચાંને મારી નાખે છે.

સિંહ ખુંખાર પ્રાણી હોવા છતાંય તે ક્યારેય પોતે હુમલો કરતું નથી. હા.... જો તે ભૂખ્યો હોય અથવા તેને જો છંછેડવામાં આવે તો જ હૂમલો કરે છે. જો તે ધરાયો હોય તો કદી હૂમલો કરતો નથી. તે એક ખાનદાન પ્રાણી છે. તેને તાલીમ આપવામાં આવતા તે સરકસમાં પોતાના તરકીબ બતાવે છે. હવે પ્રાણી ક્રૂરતા માટે કસરતમાં પ્રાણી જીવોનો ઉપયોગ માટે મનાઈ ફરમાવવામાં આવી છે.

આપણા દેશમાં તેને મહત્ત્વનું સ્થાન મળ્યું છે. પ્રાચીન સમયમાં મહેલો, મંદિરો અને મહત્ત્વની ઈમારતોમાં ભવ્ય સ્થાન મળ્યું છે. બૌદ્ધ ધર્મમાં સિંહને ધર્મનો રક્ષક ગણ્યો છે. આપણા ધર્મમાં દેવ–દેવીઓમાં પણ તેને સ્થાન મળ્યું છે. નરસિંહ અવતાર, અંબા માતાનું વાહન ગણાયું છે. તેને પવિત્ર પણ ગણવામાં આવે છે. આપણા દેશના રાજચિહ્નમાં સ્થાન મળ્યું છે. ૪ સિંહો એકબીજાને અડીને ઊભા હોવાની પ્રતિકૃતિ છે.

• • •

“ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જતાં વિદ્યાર્થીઓ માટે કેટલીક ટિપ્સ”

અત્યારે આપણા દેશમાંથી હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુ.કે. સહિત ઘણા દેશોમાં ભણવા જાય છે. આ માટે તેમની મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોય છે. બસ હવે તેમને વિઝા માટેની રાહ જોવાની હોય છે. આ વિદ્યાર્થીઓ માટે કેટલીક ટિપ્સ આપવામાં આવી છે.

૧. આમ તો દરેક વિદ્યાર્થી વિદેશમાં ભણવા માટે બધી રીતે સજ્જ હોય છે પણ તે સરળતાથી ભણી શકે અને રહી શકે તે માટે તેણે જે તે દેશની સાંસ્કૃતિક, ભૌગોલિક અને શૈક્ષણિક રીતેની સંપૂર્ણ માહિતી મેળવી લેવી જરૂરી છે. જેથી ત્યાં તેને કોઈ મુશ્કેલી ન પડે. કરન્સી, રેઈટ્સ અને અન્ય માહિતી પણ મેળવી લેવી.

૨. યુનિવર્સિટી અથવા તો જે તે કોલેજમાંથી રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે તેમ છતાં પી.જી./હોસ્ટેલ વગેરેની માહિતી મેળવી લેવી. શરૂમાં બે–ત્રણ માસ માટે અગાઉથી બુકિંગ કરાવી લેવું જરૂરી છે.

૩. જે તે દેશની હવામાનની પરિસ્થિતિની જાણકારી :– આ બાબત ખૂબ મહત્ત્વની છે. કારણ કે આપણા દેશની ભૌગોલિક સ્થિતિ અને કેનેડા, યુ.કે., યુરોપિયન દેશોમાં સ્થિતિ જૂદી છે. ત્યાં અતિશય ઠંડી, વરસાદ વગેરે વધુ હોવાથી ત્યાં જતી વખતે વોર્મ અને વોટરપ્રુફ આઉટફીટ્સ, મોજા, જેકેટ, શુઝ, જીન્સ, સ્લીપર્સ વગેરે સાથે રાખવા જરૂરી છે.

૪. બેગ પેકિંગ કરતી વખતે શૈક્ષણિક દસ્તાવેજો, અસલ અને વધારાની નકલો સાથે, અધિકૃત દવાઓ, ઈલે. એડેપ્ટર, લેપટોપ અને મોબાઈલ ચાર્જર, ટ્રાવેલબુક, ઓળખપત્ર, ટ્રાવેલ્સ વીમો, હેલ્થ ઈન્સ્યોરન્સ વગેરે સાથે રાખવા.

૫. જે તે દેશની નિયમોની જાણકારી, સંસ્કૃતિ, રીતરસમો, સરકારી અને શૈક્ષણિક ઈવેન્ટની માહિતી, રાજકીય બાબતોની જાણકારી, લોકલ એમ્બેસી અને દેશની વિદેશી એમ્બેસેડરની કચેરીની માહિતી સાથે રાખવી. ઈન્ટરનેશનલ ક્રેડિટ / ડેબિટ કાર્ડ, કરન્સી જે તે દેશમાં ચલણી હોય તેવું નાણું પણ સાથે રાખવું.

૬. વિદેશની ધરતી પર પગ મૂકો એટલે ત્યાં ઓથોરીટી (The Internal Affairs Ministry) રજીસ્ટ્રેશન કરાવી લેવું. જો કે દરેક દેશ માટેના નિયમો અલગ અલગ હોય તો તેની પણ જાણકારી મેળવી લેવી. જ્યાં રહેતા હો તે શહેરમાં ભારતીય લોકોનું સંગઠન, લોકલ એમ્બેસીની ઓફિસ વગેરેની માહિતી મેળવી લેવી અને તેમના નંબરો તમારા ફેમીલી મેમ્બર્સને મોકલી આપવા.

૭. જે તે દેશનું બેંક એકાઉન્ટ મેળવી લેવું. આ માટે જે સ્ટુડન્ટ આઈ–કાર્ડ, કોલેજ–યુનિ. ૩૧૪ અધિકૃત આઈ–કાર્ડ, રહેઠાણ માટેના જે દસ્તાવેજો હોય તેના પરથી નજીકના સ્થળેથી બેંક એકાઉન્ટ ખોલાવી દેવું જેથી ત્યાં તમામ બિલ્સની ચૂકવણી તેના મારફતે સરળતાથી કરી શકાય. બેંક એકાઉન્ટના કારણે નાણાં સલામત રહે.

૮. Earning While Learning :– જે તે દેશમાં ભણવાની સાથે સાથે વિદ્યાર્થીને સપ્તાહમાં અમુક કલાક (એટલે કે ૨૦ કલાકની મર્યાદામાં) કામ કરવાની પરવાનગી આપવામાં આવે છે જે તમને યુનિ./કોલેજમાંથી મળી શકે. આજુબાજુના વિસ્તારમાંથી પાર્ટટાઈમ જેવી પણ મળી શકે. આ પૈસા તમને ઘરખર્ચ અને આવવા–ઝવા માટે અન્ય ખર્ચ માટે ઉપયોગમાં લઈ શકે. એક બાબતે સ્પષ્ટતા કરવી જરૂરી છે. કોઈ પણ લોભ કે લાલચમાં આવ્યા વગર ગેરકાયદેસર રીતે કામ કરવું હિતાવહ નથી અને સલાહભર્યું નથી.

૯. સ્કોલરશીપ :– આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે જે તે દેશની સરકાર દ્વારા અથવા તો આપણા દેશમાંથી સ્કોલરશીપ મળી શકે છે જે તમને ફી ભરવા માટે / રહેવા–ખાવા–પીવા માટે મદદરૂપ થઈ શકશે.

૧૦. ઈન્ટરનેશનલ કોલીંગ કાર્ડ :– સીમકાર્ડ–લેપટોપ–વાઈફાઈની મદદથી સસ્તા દરે તમે કુટુંબ / પ્રિયજનો સાથે સંપર્ક કરી શકશો તેથી તે મેળવી લેવા.

૧૧. વિદ્યાર્થી ઓળખપત્ર / હેલ્થ ઈન્સ્યોરન્સ વગેરે રોજબરોજ માટે ખૂબ જ જરૂરી હોય છે તો તે મેળવી લેવા.

કર્મ અને ચિત્તશુદ્ધિ

- શ્રી નિરંજનભાઈ દામાણી (જેતપુર)

જીવનના ચક્રવ્યુહમાં ફસાયેલ માનવી પ્રકૃતિને આધિન બની કાર્યમય રહે છે. તેનું જીવન સતત પ્રવૃત્તિમય જાય છે. કંઈને કંઈ કર્મ તેને કરવું જ પડે છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીમાં અરજુનને કર્તવ્ય કર્મ કરવા કહે છે કારણ કે શરીર નિર્વાહ માટે પણ કર્મ જરૂરી છે. લીઓ ટોલસટોયે પણ બ્રેકલેબર થીયરી જીવનમાં ઉતારવા પર ભાર મૂક્યો છે. જેને ગાંધીજી અનુસર્યા જે મુજબ દરેક વ્યક્તિએ પોતાના ખોરાક, કપડાં વીની જરૂરિયાત માટે પોતે જ શ્રમ કરી ધન કમાઈ પોતાનો નિર્વાહ ખુદ કરવો પડે અને આમ થાય તો જીવન જીવવાનો અનેરો સંતોષ મળે બીજી અગત્યની વાત એ કે કર્મના સિદ્ધાંત પ્રમાણે પણ વ્યક્તિના કાર્યો નક્કી થતા કોઈ ને કર્મે જ છુટ કરે.

પ્રશ્ન એ છે કે શુ વ્યક્તિ પોતાને સોંપાયેલ દરેક કાર્યો કરતી વખતે અને પછી આત્મસંતોષ તથા આનંદથી જીવી શકે છે. અનુભવ એ છે કે ક્યારેક માનવી કાર્ય દ્વારા કકશું કરવાની ભાવના સાથે આત્મસંતોષ લઈ શકે છે અને ક્યારેક તેને કરવા પડતા કાર્યોનો બોજ લાગે છે. તેને કાર્ય ત્યાગ કરવાનું મન થાય છે અને આ સમયે ગીતાનું માર્ગદર્શન ઉપયોગી થાય છે જે મુજબ ગીતાજી કહે છે માનવીને પોતાને સહજ રીતે પોતાના ભાગે કરવાના આવતા કાર્યો કરવા જ પડે છે. કારણ કે દરેક કાર્યમાં કોઈને કોઈ દોષ તો હોય જ છે પરંતુ કર્તાપણાની ભાવના ફળની આશા ત્યાગી દરેક કાર્ય ઈશ્વર સમર્પિત કરી કરવાથી કાર્યબોજ દુર થાય છે. ઈશ્વર સમર્પિત ભાવ કાર્યમાં અહંભાવનો નાશ કરે છે અને આમ માનવી અનાસક્તિ રાખી કાર્ય કરે અને એજ કર્મયોગનું આચરણ એજ શ્રેષ્ઠકર્મ જેમાં કર્મબંધન લાગતું નથી. તેમજ આત્મસંતોષ તથા ઉમદા આનંદ પ્રાપ્તિ થાય છે. આ કાર્યનો આનંદ, પ્રસન્નતા આંતરચિત્તની શુદ્ધિ કરી બુદ્ધિ તેમજ મન અને આત્માને નિર્મળ, શુદ્ધ કરે છે.

શુદ્ધ મન, શુદ્ધ અંતરાત્મા પોઝીટીવ વાઈબ્રેશન્સ ઉભા કરે છે. જે વ્યક્તિ તથા સમાજના નિર્માણ માટે તથા સ્વચ્છ સમાજની રચના માટે જરૂરી થઈ પડે છે. આમ આપણે જોયું કે જીવનમાં કર્મયોગનું આચરણ ન કેવળ શ્રેષ્ઠ કર્મોનું નિર્માણ કરે છે પરંતુ સાથે સાથે મન, બુદ્ધિ તથા ચિત, આત્માને નિર્મળતા પ્રદાન કરે છે. આમ ચિત્ત મનની શુદ્ધિ થવાથી સુંદર સમાજનું નિર્માણ થાય છે.

શુદ્ધ મન વ્યક્તિ, વ્યક્તિ વચ્ચે સંવાદિતા સ્થાપે છે. નિર્મળ મન ધરાવતા માનવીઓ સર્વેને પ્રેમ, ઉત્સાહ અને શાંતી પ્રદાન કરે છે. જે શાંત, પ્રગતીશીલ સમાજ તથા રાષ્ટ્રનું નિર્માણ કરે છે પરંતુ અંતરાત્માની નિર્મળતા માટે સતત જાગૃત તથા પ્રયત્નશીલ રહેવું પડે છે. મન મેલું થાય તો વ્યક્તિ પોતાને તો દુઃખી કરે જ છે પણ આસપાસના વાતાવરણને પણ પ્રદુષિત કરે છે. આવા માનવીના આચાર, વિચાર શુદ્ધ રહેતા નથી માટે મનને ચિત્તને સદાય અંકુશિત કરવું પડે છે. જ્યારે ગીતામાં અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને મનને કેમ અંકુશમાં લાવવું તેનું માર્ગદર્શન પુછે છે ત્યારે શ્રીકૃષ્ણને અર્જુન કહે છે કે આ મન ખૂબ જ ચંચળ, ભટકતા સ્વાભાવવાળું ખુબ જ દૃઢ અને બળવાન છે. માટે તેને વશમાં કરવું એ વાયુને રોકવા બરાબરનું દુષ્કર માનું છું ત્યારે શ્રીકૃષ્ણ કહે છે હે મહાબાહો ! નિસંદેહ મન ચંચળ અને કઠિનતાથી વશમાં કરી શકાય તેવું છે પરંતુ હે અર્જુન તે અભ્યાસ અને વૈરાગ્યથી વશમાં આવે છે.

આમ મન, ચિત્તને વશમાં કરવા પ્રભુ અભ્યાસ અને વૈરાગ્ય પર ભાર મૂકે છે. આ વિધાન સમગ્ર માનવજાતને લાગુ પડે છે. એટલા માટે મનને વશમાં કરવા સતત અભ્યાસ કેળવવાં પડે, સચ્ચાઈ માટે અંતર મનનાં ઉંડાણમાં તેની જડો સુધી પહોંચવું પડે. તેની દરેક વૃત્તિ પર ચાંપતી નજર રાખવી પડે. કોઈ પણ કર્મ કરતા પહેલા તેના સામર્થ્ય અને યોગ્યતા નક્કી કરવા વિવેકબુદ્ધિ અને જ્ઞાનનો ઉપયોગ કરવો પડે. ત્યારબાદ વૈરાગ્યવૃત્તિ કેળવવા આગળ કહ્યું તેમ કાર્ય કરતી વખતે કર્તાપણાની ભાવના છોડવી પડશે. આમ ઈશ્વરે નિર્દેશ કરેલ રસ્તે શુદ્ધભાવ તથા શુદ્ધ નિશ્ચયતાત્મક ઈરાદો ઉત્પન્ન કરી અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા મન પર અંકુશ પ્રાપ્ત થશે. સર્વે પાપો તથા દુ:ખોના મુળ એવા કામરૂપી દુર્ગુણના નાશ માટે પણ પ્રભુ ગીતામાં બુદ્ધિ દ્વારા મનને વશમાં કરવાનું કહે છે.

ચિત્ત, મન શુદ્ધ થતા સુખ–શાંતિ તથા આનંદ મળશે. શુદ્ધ મન ધરાવતા માનવી દ્વારા થતા કાર્યો વ્યક્તિ, સમાજને હિતકર હશે. હાનિકર્તા નહીં. નિર્મળ મન પ્રેમ, આનંદ, સદ્ભાવના પ્રદાન કરશે. જે લોકકલ્યાણના કાર્યો સંપન્ન કરાવશે. શુદ્ધ આંતર મન સત્સંગ, પ્રભુ ચિંતન, મનન સ્મરણને પ્રોત્સાહિત કરશે તથા યજ્ઞ, તપ અને દાનની વૃત્તિ કળવાશે. શુદ્ધ મનની વ્યક્તિઓનું જીવન સ્વચ્છ બનશે. આવું વિકાસશીલ અને પ્રવૃત્તિમય વ્યક્તિત્વ અન્ય માટે પ્રેરણારૂપ બનશે.

કાર્યકુશળતા તથા મન પરના અંકુશ સાથેનાં સમાજ પ્રગતિશીલ રાષ્ટ્રનું નિર્માણ કરશે. જેમાં માનવ, માનવ બની શકશે. આજ જ્યારે દુનિયાના દેશો આતંકવાદનો સામનો કરે છે ત્યારે આ આતંકવાદના મુળમાં વિકૃત મેલાં મનના માનવીઓ જ છે જે અમુક વર્ગ પ્રત્યે પૂર્વગ્રહ કેળવી તેને મીટાવી દેવા પ્રવૃત્ત છે. આવા લોકો અસરગ્રસ્ત સમાજ તથા રાષ્ટ્ર માટે પ્રાણઘાતક છે. આવી આતંકવાદી પ્રવૃત્તિનો આપણે અનેકવાર અનુભવ કરી ચૂક્યા છીએ જે ખૂબ જ ભયંકર છે. પુલવામાં હુમલો આતંકવાદની ચરમસીમા છે હવે તો વંદનાનો પણ અતિરેક થઈ ચૂક્યો છે. મેલા મનમાંથી જન્મ તો આતંકવાદ માનવ–માનવ વચ્ચે વૈમનસ્ય ઉભું કરવાની સાથે વ્યક્તિ તથા સમગ્ર રાષ્ટ્રના વિકાસને કુંઠિત કરે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે આ સમસ્યાનું સમાધાન શું ? તેને કેવી રીતે નાથી શકાય.

જવાબ એ છે કે આતંકવાદ મનથી શરૂ થાય છે ત્યાં જ એનું સમાધાન જરૂરી છે. આવા લોકો સમજે કે અન્યને પીડા આપી જન્નતશનશીન નથી થવાતું, દોઝખ(નર્ક) જ મળે છે. માટે મન વશમાં હશે તો જ વિવેકબુદ્ધિ જન્મશે અને તો જ માનવી દુરાચરણ, દુર્વ્યવહાર તથા ઘાતક પ્રવૃત્તિઓથી દૂર રહેશે. નિર્મળ મનથી જ પ્રેમ સદ્ભાવના આવશે. અન્યોન્ય પ્રત્યે લાગણી થશે. નિર્મળ મન જ માનવ વિકાસ, કલ્યાણ તથા માનવીના ઉદ્ધાર માટે પ્રેરક બનશે.

તમે જેવા વિચાર કરશો તેવા તમે થઈ જશો.

જો તમે તમારી જાતને નબળા માનશો તો તમે નબળા અને

જો સબળા માનશો જો તો સબળા.

- સ્વામી વિવેકાનંદ

માણસનું આ હદે પતન?

- શ્રી પ્રદીપભાઈ વડોદરીયા (રાજકોટ) મો.: ૯૯૯૨૫ ૨૨૪૫૪

પ્રભુ, અમે પશુઓએ તો એવું સાંભળ્યું હતું કે આ જગતમાં એક માનવ જ એવો છે કે જે આપના જેવો બની શકે છે, પણ એની હલકટ કોટીની ચેષ્ટાઓ જોયા પછી તો અમે એવા નિર્ણય પર આવ્યા છીએ કે માનવી અમારી સમકક્ષ પણ આવી શકે તેમ નથી. સિંહના આ નિવેદનની સત્યતા જો તમે જાણવા માગો છો તો એ જાણવા તમારે આ લેખ વાંચવો જરૂરી છે.

❖❖❖❖❖

રાજન! એક શુભ સમાચાર. એક અલ્સેશિયન કૂતરાએ સિંહ પાસે જઈને પોતાના મનના હર્ષને વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો.

બોલ, શા સમાચાર છે?

છેલ્લા કેટલાય વખતથી એવું બનતું હતું કે અમારા સમાજનો કોઈપણ સભ્ય જો માણસને કરડી જતો તો પોતાના જીવનને બચાવી લેવા માણસને ૧૪ ઈન્જેક્શન લેવા પડતા હતા. જ્યારે અત્યારે એને એક જ ઈન્જેક્શન લેવું પડે છે.

એનો અર્થ?

આ જ કે પહેલાં અમારા શરીરમાં ઝેર વધુ રહતું હતું. જ્યારે અત્યારે ઝેરના એ માત્રામાં રીતસરનો કડાકો બોલાઈ ગયો છે. આનંદ છે અમને સહુને એ વાતનો કે અમે ઠીક ઠીક પ્રમાણમાં સુધરી ગયા છીએ. પણ હમણાં એક એવા સમાચાર મારા કાને આવ્યા છે કે એક સર્પ માણસને કરડ્યો અને એ જ પળે એ સર્પનું મોત થઈ ગયું.

❖❖❖❖❖

કુતરી બિલકુલ બાજુમાં જ બેઠી હતી અને છતાં કુતરો એની સામે નજર સુદ્ધાં નાખતો નહોતો. એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયેલા એક પત્રકારે કુતરાનો ઈન્ટરવ્યૂ લીધો. કુતરી યુવાન છે.

તું યુવાન છે અને છતાં તું એની સામે નજર સુદ્ધા નાખતો નથી. કાંઈ સમસ્યા છે?

સ્વસ્થ ચિત્તે કુતરાએ જવાબ આપ્યો : ભોજનનો જેમ સમય હોય છે, તેમ ભોગનો ય સમય હોય છે. આટલી સીધી–સાદી વાત પણ માણસજાતને કેમ સમજાતી નહીં હોય એ મને સમજાતું નથી. તમારા પેપરમાં મારી મુલાકાત છાપો તો સાથે એ પણ લખજો કે કુતરાની જિજ્ઞાસાનું સમાધાન કરી આપે એવા માણસને મળવાની કુતરાની ખાસ ઈચ્છા છે.

❖❖❖❖❖

તમે તો માણસોના ડોક્ટર હતા ને? પશુઓના ડોક્ટર કેમ થઈ ગયા?

છેલ્લાં ત્રણ વર્ષથી પશુના દવાખાનામાં ડોક્ટર તરીકે કામ કરી રહ્યો છું, પણ આજ સુધીમાં ગર્ભપાતનો એક પણ કેસ આવ્યો નથી. ડિપ્રેશનનો કોઈ કેસ આવ્યો નથી. ગુપ્તરોગ અંગે કોઈ સલાહ લેવા આવ્યું નથી. બાયપાસનો કોઈ કેસ આવ્યો નથી. એઈડ્સનો એક પણ દર્દી આવ્યો નથી. તમે નહીં માનો, માણસોના ડોક્ટર તરીકે મેં દસ વર્ષ કામ કર્યું. એ દસ વર્ષમાં જે પણ દર્દીઓ દવાખાને આવ્યા એ દર્દીઓના દર્દની વાત તમને એક જ વાક્યમાં કહી દઉં? એમની પાસે ખોળિયું માનવનું હતું, પણ એમને પશું બનવું હતું! હું એ દવાખાનું ન છોડી દઉં તો બીજું કરું શું?

❖❖❖❖❖

વાંદરીના બચ્ચાને એક ડાળ પરથી બીજી ડાળ ઉપર મજેથી કૂદકા લગાવતું જોઈને, કૂતરીના ગલુડીયાઓને સવારના પહોરમાં કરાટેના દાવ અજમાવતા જોઈને, સિંહના બાળને જંગલોની કોતરોમાં નિર્ભીકપણે ભમતા જોઈને શહેરના આરોગ્ય વિભાગના વડાએ જંગલના આરોગ્ય વિભાગના વડા બલ્લુ હાથીનો સંપર્ક કર્યો અને પૂછ્યું : અમારાં બાળકો કરતાં તમારા બાળકો વધુ પ્રસન્ન કેમ દેખાય છે? એટલા માટે કે અમારાં બાળકોને અમે એમની રમવાની ઉંમરે ભણવા નથી બેસાડતા અને એમની ભણવાની ઉંમરે અમે એમને રખડવા નથી દેતા. – બલ્લુ હાથીએ જવાબ આપ્યો.

જંગલની મુલાકાતે જઈને આવેલા એક ડોક્ટરે જનતા સમક્ષ પશુઓના સ્વાસ્થ્ય અંગે રિપોર્ટ જાહેર કર્યો – એઈડ્સનો એક પણ કેસ નહીં, કારણ કે ત્યાં કોઈ વ્યભિચાર કરતું નથી. કેન્સરનો એક પણ કેસ નહીં, કારણ કે ત્યાં ૧૨૦ નો માવો કોઈ ખાતું નથી. હાર્ટનો એક પણ દર્દી નહીં, કારણ કે ત્યાં ટેન્શનમાં કોઈ જીવતું નથી. ડાયાબિટીશ તો

કોઈને ય નહીં, કારણ કે ત્યાં ખાવામાં સહુ સંયમી છે. બી.પી. બધાયનું સમતોલ, કારણ કે બિનજરૂરી દોડાદોડી કોઈ કરતું નથી. તા.ક. જે પણ માણસ તંદુરસ્ત થવા અને રહેવા ઈચ્છતો હોય એને જંગલનાં પશુઓ સાથે રહેવા–જવાની અમારી ભલામણ છે!

❖❖❖❖❖

જંગલના પ્રત્યાઘાત – આ મથાળા હેઠળ પેપરમાં છપાયેલ સમાચારમાં લખવામાં આવ્યું હતું કે બાળકોને સ્કૂલમાં જાતિય શિક્ષણ આપવું જ જોઈએ – ની હિમાયત કરનારા સમાચાર જંગલમાં પહોંચતાની સાથે જ જંગલનાં પશુઓની અગત્યની મિટીંગ મળી ગઈ. કૂદકા કેવી રીતે લગાવવા એ મેં ક્યારેય મારા બાબાને શીખવ્યું જ નથી, વાંદરાએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. પાછલા પગે લાત કેવી રીતે લગાવવી એનું શિક્ષણ મેં ક્યારેય મારા બચ્ચાને આપ્યું નથી, ગધેડાએ પોતાની વાત રજૂ કરી.

શિકાર કેવી રીતે કરવો એનું શિક્ષણ મારા પપ્પાએ મને ક્યારેય આપ્યું નથી, સિંહે પગ પછાડીને પોતાની વાત રજૂ કરી.

આમ છતાં વિકૃત્ત બુદ્ધિવાળા માણસો જ્યારે પોતાના બાળકોને જાતિય શિક્ષણ આપવા તૈયાર થઈ ગયા છે, ત્યારે આપણાં બાળકોને આપણે એમનાં બાળકોની સોબતથી દૂર જ રાખવા એ અતિ જરૂરી છે.

❖❖❖❖❖

તમે તો પશુઓના ડોક્ટર હતા. માણસોના ડોક્ટર ક્યારથી થઈ ગયા?

પશુઓના ડોક્ટર તરીકે દસ વરસમાં જેટલું ન કમાઈ શક્યો એટલું માત્ર એક જ મહિનામાં માણસના ડોક્ટર બન્યા પછી કમાઈ શક્યો.

કારણ કંઈ?

કારણ શું હોય? ભૂખ લાગ્યા વિના પશુ ખાતા નથી. ભૂખ લાગે એટલું ખાતા નથી. કુપથ્ય પેટમાં પધરાવતા નથી. આ સ્થિતિમાં તેઓ બિમાર લગભગ પડતા જ નથી. જ્યારે માણસની વાત જ થાય તેમ નથી. એ વગર ભૂખે ય ખાય છે. કચરો ય પેટમાં પધરાવે છે. અકરાંતિયો થઈને ભોજનનાં દ્રવ્યો ઉપર તૂટી પડે છે.

પરિણામ? એ બિમાર જ રહે છે. એના ફળસ્વરૂપે મારા જેવો ડોક્ટર ધનવાન બની જાય છે.

❖❖❖❖❖

અમાપ સંપત્તિ છતાં માણસ આજે અશાંત છે. ધારદાર બુદ્ધિ છતાં માણસ આજે ત્રસ્ત છે. વિપુલ સત્તા છતાં માણસ આજે અજંપાગ્રસ્ત છે. સામગ્રીની વણઝાર છતાં માણસ આજે ઉદ્વિગ્ન છે. પશુધર્મ બજાવવાની આપણા શિરે કપરી જવાબદારી આવી ગઈ છે.

આજે આ સભા સર્વાનુમતે ઠરાવ કરે છે કે આપણે સહુએ શહેરમાં જઈને, માનવોની વસ્તીમાં ભળી જઈને, એમને હૂંફ, પ્રેમ, સ્નેહ અને વાત્સલ્ય આપવા દ્વારા એમના જીવનમાં ઉત્સાહ પ્રગટાવવા પ્રયત્નશીલ બનવું.

દીપડાએ રજૂ કરેલ આ ઠરાવને સિંહે અનુમોદન આપ્યું અને ઠરાવ તૂર્ત જ પાસ થઈ ગયો.

❖❖❖❖❖

મને એમ લાગે છે કે આપણા જંગલનું મોટામાં મોટું કોઈ કલંક હોય તો એ બગલો છે – સિંહ વાઘને કહી રહ્યો હતો.

બગલો?

હા. પણ શી રીતે?

જુઓ, કાગડો અંદરથી કાળો છે, તો બહારથી ય કાળો છે એટલે એને ઓળખવામાં આપણે ત્યાં કોઈ થાપ ખાઈ જતું નથી. હંસ અંદરથી ઉજ્જવળ છે તો બહારથી ય ઉજ્જવળ છે એટલે એને સમજવામાં ય કોઈને તકલીફ નથી પડતી. પરંતુ આ બગલો અંદરથી કાળો છે અને બહારથી ઉજળો છે એટલે એને સમજવામાં ખાસ તો માછલીઓ થાપ ખાઈ જાય છે. બિચારી મોતના મુખમાં હોમાઈ જાય છે. આપણે તપાસ કરવી જોઈએ. બગલાને માણસ સાથે તો દોસ્તી નથી ને?

❖❖❖❖❖

માણસને કુદરતે કેવો મૂરખ બનાવ્યો? નવરાશની પળોમાં મોતી બકરો ટોમી કૂતરાને વાત કરી રહ્યો હતો.

કેમ શી રીતે?

કુદરતે સિંહને એના પંજામાં તાકાત આપી તો વાઘને એના નખમાં. ભેંસને શિંગડામાં તાકાત આપી તો કૂતરાને એના

દાંતમાં! હરણને એના પગમાં તાકાત આપી તો ગધેડાને એની લાતમાં. દીપડાને એની ત્રાડમાં તાકાત આપી તો મગરને એના જડબામાં.

જ્યારે માણસને એણે કોઈ તાકાત જ ન આપી. એનું આખું ય શરીર તકલાદી! આપણામાંના કોઈની ય સામે એ ટક્કર ઝીલી ન શકે. લાગે છે એ હિસાબે જ માણસે પૈસાની શોધ કરીને પોતાની જાતને તાકાતવાન પુરવાર કરવાના બાલિશ પ્રયત્નો શરૂ કર્યા હશે!

❖❖❖❖❖

માણસો જે શહેરમાં જીવી રહ્યા છે એ શહેરની મુલાકાતા તું જઈ આવ્યો. તને કેમ લાગ્યું? ચતુર શિયાળે ગધેડાને પૂછ્યું.

શહેરમાં સ્વિમીંગ પુલ છે, એનો અર્થ એટલો કે માણસને તરતા નથી આવડતું. લાફીંગ ક્લબ છે, એનો અર્થ એટલો કે માણસને હસતા નથી આવડતું નથી. ક્રાઈંગ ક્લબ છે એનો અર્થ એટલો કે માણસને રડતા નથી આવડતું. હેલ્થ ક્લબ છે એનો અર્થ એટલો કે માણસને તંદુરસ્ત રહેતા નથી આવડતું. કુકીંગ ક્લબ છે એનો અર્થ એટલો કે માણસને રસોઈ કરતાં નથી આવડતું. હા, આખા શહેરમાં ક્યાંય ફાઈટીંગ ક્લબ ન દેખાઈ! એનો અર્થ એટલો કે માણસને મારામારી કરતાં તો આવડે જ છે.

❖❖❖❖❖

શહેરના જોવાલાયક સ્થળોની મુલાકાત તું લઈ તો આવ્યો, પણ તારો એ સ્થળો અંગેનો અભિપ્રાય શું છે? દલ્લુ કુતરાએ સલ્લુ ગધેડાને પૂછ્યું.

માણસો તો કમાલ કરી રહ્યા છે. તેઓએ હમણાં હમણાં એક એવી ક્લબ ખોલી છે કે જેનું નામ છે લાફીંગ ક્લબ. એ ક્લબમાં આવનારા માણસોએ બસ કારણ વિના પણ હસ્યા જ કરવાનું.

હું એ ક્લબમાં જઈ ચડ્યો. ત્યાં માણસોને મેં એ રીતે હસતા જોયા જાણે એમના સહુના શરીરમાં કોક ભૂત–પ્રેતે પ્રવેશ ન કરી દીધો હોય! એ બધા ભલે નકલી હસતા હતા, પણ એમને એ રીતે હસતા જોઈને મને અસલી હસવું આવી ગયું.

બસ, જોવાલાયક આ એક જ સ્થળ જોઈને બાકીના સ્થળોની મુલાકાત લેવાનું મેં માંડી વાળ્યું.

❖❖❖❖❖

માણસો એટલા બધા દુ:ખી હશે એની મને કોઈ કલ્પના જ નહોતી. દીપડો વરૂને વાત કરી રહ્યો હતો.

કેમ તેં એવું તે શું જોયું?

થિયેટરોમાં જઈને તેઓ ત્રણ કલાક બેસી રહે છે. ટી.વી. સામે બેઠા રહીને તેઓ કલાકોને કલાક બરબાદ કરે છે. ક્રિકેટ મેચ ચાલતી હોય છે તો હજારોની સંખ્યામાં ત્યાં માણસો એકઠા થાય છે. ક્લબમાં જઈને તેઓ પત્તાં રમે છે. દારૂ પીતા રહીને તેઓ આખી રાત નશામાં ઝૂમતા રહે છે. રજાના દિવસે પણ પરિવાર સાથે ન બેસતા તેઓ બહાર ફરવા નીકળી જાય છે. કાંઈ પણ કારણ વિના મોબાઈલ ફોન ઉપર વાતો કરતાં રહે છે.

તું જ કહે, મનોરંજનના આ તમામ સાધનો અને સ્થાનો તો દુ:ખી ચિત્તની જ જાહેરાત કરી રહ્યા છે ને?

❖❖❖❖❖

માણસ એટલે શું? આ વિષય પરના નિબંધમાં પશુ બાળકોએ જે લખ્યું હતું એ વાંચીને મંછાશંકર ગદ્ધા માસ્તર સ્તબ્ધ થઈ ગયા.

હસતા પરણે અને ઝઘડીને છૂટાછેડા લે તે માણસ.

પૈસા ખાતર સગા બાપનું ખૂન કરતાં ય જેના હાથ કંપે નહીં એ માણસ.

વાસનાના લગ્ન સાથે નાચ–નાચવા માતાનાં ગરબાનું ઓઠું લે એ માણસ.

ખુદના ભગવાનના જન્મદિનને ય જુગારથી ઉજવે એ માણસ.

વરસની વિદાયની રાત્રીએ દારૂથી અને વ્યભિચારથી અભડાવતો રહે એ માણસ.

પાછલી વયમાં પોતાનાં માતા–પિતાને શાંતિથી મરી શકે એ માટે એમને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે એ માણસ.

સુખ મળતું રહે એ માટે જાતજાતનાં સાધનો બજારમાં મૂકતો રહે અને ઉપાયો અજમાવતો રહે એ માણસ.

પશુબાળકોએ લખેલ આ જવાબ વાંચીને ગદ્ધા માસ્તર રડી પડ્યા.

માણસનું આ હદે પતન???

૨૫મી પુણ્યતિથીએ હૃદયાંજલી

॥ શ્રી કૃષ્ણ શરણં મમઃ ॥



સ્વ. શ્રી લીલાધરભાઈ સુંદરજી ગાંધી

જન્મ તા : ૧-૮-૧૯૨૬ સ્વ. તા : ૮-૮-૧૯૯૭

સ્વ. શ્રીમતી જશવંતીબેન લીલાધર ગાંધી

જન્મ તા : ૧૪-૨-૧૯૩૦ સ્વ. તા : ૮-૮-૧૯૯૭

नैनं छिन्दिन्ति शस्त्राणि नैनं द्रहति पावकः ।
न चैनं कलेदयन्त्यायो न शोषयति मारुतः ॥ २३ ॥

॥ આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અને અગ્નિ બાળી શકતો નથી, તેમજ પાણી એને પલાળી શકતો નથી અને વાયુ સૂકવી શકતો નથી. ॥ ૨૩ ॥ - ભગવદ્‌ગીતા

આપની અમીભરી નજરો સદાય અમારા પર વરસતી રહે...
અમો અંતઃકરણપૂર્વક આપના સંતાન હોવાનું ગર્વ અનુભવીએ છીએ...

જીતેન્દ્ર • ગીતા
દુષ્યંત • દીપા

વિજય • સ્મીતા
પંકજ • મૃદુલા

હિતેશ • હર્ષા
સુધીર • વર્ષા

કાશ્મીરા દોશી
દિનેશ દોશી

L. S. Gandhi Parivar
Ahmedabad - Jetpur

SHREE GIRIRAJ
ADVERTISING & MARKETING
12, SUNRISE MALL, Ground Floor, Mansi Circle,
Judges Road, Vastrapur, Ahmedabad-380 015.
M: 9328 00 2923 - 9327 00 2923
E: girirajadvt@gmail.com

નારી તું નારાયણી

- શ્રીમતી રશ્મીબેન એમ. શાહ (અમદાવાદ)
મો.: ૯૮૨૫૭ ૯૩૪૭૬

આજથી ત્રેવીસ વર્ષ પૂર્વે જુન–૧૯૯૯માં 'કારગિલ યુદ્ધ'ની શરૂઆત થયેલી. તેમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવનાર મહિલા પાયલોટ 'ગુંજન સક્સેના'ની સ્ટોરી જગજાહેર છે અને તેના પરથી 'મુવી' પણ બન્યું છે. કારગીલ વોરમાં સૌપ્રથમ મહિલા પાયલોટ ગુંજન સક્સેના અને તેની સાથી કો પાયલોટ શ્રીવિદ્યા રાજને કોમ્બેટ ઝોનમાં હેલિકોપ્ટર ઉડાડવાની જવાબદારી ઉપાડેલ. ઉંડી ખીણમાં હેલિકોપ્ટર લઈ જઈ અને ઈન્ડિયન સોલ્જર્સને બચાવવાની, એર ફોર્સના જવાનોને શસ્ત્ર સરંજામ અને જરૂરી સામાન પહોંચાડવાની જવાબદારી બખુબી નિભાવી હતી.

પરંતુ 'કારગિલ'ની આ લડાઈમાં લેહની એક મહિલાએ પણ પોતાના જીવના જોખમે પોતાની જવાબદારી અને કર્તવ્ય સાથે પોતાની ફરજ બજાવી હતી. જેનું નામ ભાગ્યે જ કોઈએ સાંભળ્યું હશે. આ અજાણી મર્દાનીનું નામ છે 'શેરિંગ અંગમો શુનુ' લેહની આ સાહસિક મહિલાની સત્યકથા વિષે જાણીએ....

વર્ષ ૧૯૯૯માં 'કારગિલ યુદ્ધ'ની શરૂઆત થઈ હતી. પરંતુ તેના એક વર્ષ પહેલા કાશ્મીરના કારગિલ, દ્રાસ અને બટાલીકના પહાડોમાં આપણી રેઢી પડેલી લશ્કરી ચોકીઓ પર પાકિસ્તાની સૈનિકોએ કબજો જમાવી દીધો હતો. જેને આપણા સૈનિકોએ આતંકવાદી સમજવાની ભૂલ કરેલી. ભારતીય સૈન્યના જવાનો જ્યારે ચોકી નજીક પહોંચ્યા ત્યારે પાકિસ્તાની સૈનિકોએ બધા જવાનોની હત્યા કરી નાંખી. આ સમાચારનો પર્દાફાશ થાય અને ભારતીય સેના કશી કાર્યવાહી કરે એ પહેલા જ પાકિસ્તાને કારગીલ, દ્રાસ અને બટાલીક પર ભીષણ તોપમારો શરૂ કરી દીધો. શત્રુને જવાબ આપવા આપણી સેનાએ 'ઓપરેશન વિજય' નામનું મિશન હાથ ધર્યું અને એ દિવસ હતો આજથી ત્રેવીસ વર્ષ પહેલાનો દિવસ ૬ જૂન, ૧૯૯૯. આ ઐતિહાસિક દિવસે જે ઘટના બની તેમાં 'શેરિંગ અંગમો શુનૂ'ના યોગદાન વિષે જાણીએ.

યુદ્ધ દરમિયાન પાકિસ્તાન રેડિયો દ્વારા ભારતના સૈનિકોને માર્યાની તથા ભારતીય હેલિકોપ્ટરને નિશાન બનાવી તોડી પાડવાની જુઠ્ઠી ખબરો તથા અફવાઓ ફેલાવવામાં આવતી હતી. રેડિયો પાકિસ્તાનનો આવો દુષ્પ્રચાર આપણા જવાનોનું મનોબળ અને જુસ્સો તોડવા માટે કરવામાં આવતો હતો. પરંતુ AIR (ઓલ ઇન્ડિયા રેડિયો) દ્વારા પાકિસ્તાનના જુઠ્ઠાણાનું ખંડન કરી દેવાતું હતું. આ અફવાઓનું ખંડન કરી જવાનોનો જુસ્સો વધારવામાં AIRની મહત્વપૂર્ણ ભૂમિકા હતી.

યુદ્ધની કોપીબુક પ્રણાલી મુજબ દરેક લશ્કર શત્રુપ્રદેશમાં આવેલા પુલો, શસ્ત્રભંડારો, રેલવેના પાટા અને રેડિયોમથક જેવા મહત્ત્વના સ્થળોને લક્ષ્યાંક બનાવી તેને નુકસાન પહોંચાડવા અથવા તો નાશ કરીને શત્રુને નબળો બનાવવા પ્રયત્ન કરે છે.

આજ કારણસર પાકિસ્તાનના જુઠ્ઠાણાની પોલ ઉઘાડી કરનાર કારગિલના રેડિયો સ્ટેશનને લક્ષ્યાંક બનાવી તેના પર ગોળાબારી શરૂ કરી. રેડીયો સ્ટેશન ધ્વસ્ત તો ન થયું પરંતુ તેના કર્મચારીઓ જીવ બચાવવા સલામત સ્થળે ચાલ્યા ગયા. પરિણામે ૬ જૂન, ૧૯૯૯ના રોજ AIRનું રેડિયો પ્રસારણ થંભી ગયું.

કારગિલથી ૨૨૦ કિમી. દૂર લેહમાં આ સમાચાર AIRના કારગિલ–લેહના ઈન્ચાર્જ 'શેરિંગ અંગમો શુનૂ' નામની મહિલાને મળ્યા. AIRના કારગિલ–લેહના ઈન્ચાર્જ હોવાના નાતે તેઓએ તાબડતોબ કારગિલ પહોંચવાનો નિર્ણય લીધો. કારગિલના રસ્તા પર પાકિસ્તાની ઘુસણખોરોના હુમલા ચાલુ હતા. છતાં તેમણે આત્મઘાતી પગલું ભરી, જાનની બાજી લગાવી દેવાનો નિર્ણય કર્યો. મક્કમ મનોબળ સાથે ત્યાં પહોંચ્યા બાદ ખબર પડી કે પાકિસ્તાની તોપનો એક ગોળો AIRની નજીક ફાટતા વીજપુરવઠો ખોરવાઈ ગયેલ અને જનરેટરને પણ નુકસાન પહોંચ્યું હતું.

પાવર સપ્લાય વગર સાંજના પાંચ વાગ્યાનું બુલેટિન પ્રસાર કરવું શક્ય જ નહતું. આવા કટોકટીના સમયે પણ શેરિંગે માનસિક સ્થિરતા જાળવી તેને ખુશ્કી દળના બ્રિગેડ કમાન્ડરનો સંપર્ક કરી તાબડતોબ કેટલાંક એન્જીનીયર્સને બોલાવી જનરેટર રિપેર કરાવ્યું અને સાંજનું પાંચ વાગ્યાનું પ્રસારણ શક્ય બનાવ્યું.

શેરિંગ અંગ્મોની મુશ્કેલી હજુ ચાલુ જ હતી. તમામ કર્મચારીઓ સલામત સ્થળે ચાલી ગયેલા તેથી પ્રસારણ કરે કોણ ? સ્ટેશન ઈન્ચાર્જ ને નાતે શેરિંગ અંગ્મોએ આ જવાબદારી લીધી. એકલપંડે પ્રસારણ કક્ષમાં ગયા અને પાકિસ્તાને ફેલાયેલા જુઠ્ઠાણાનો 'AIR' સ્ટ્રાઈક વડે જવાબ દીધો. આ ઉપરાંત ભારતીય સૈનિકોને સંદેશા મોકલીને તેઓનું મનોબળ અને જુસ્સો પણ ટકાવી રાખ્યો.

માત્ર આટલેથી જ વાત અટકતી નથી. શેરીંગને જાણવા મળ્યું કે વિવિધ મોરચે હિમાલયના ઉંચા પહાડો પર લડતા જવાનોને શસ્ત્રો તેમજ ખાદ્ય ખોરાકીનો સામાન પહોંચાડવા માટે લશ્કર પાસે પૂરતું સંખ્યાબળ નથી.

૬ જૂન, ૧૯૯૯ના રોજ લદાખના લોકોએ કારગિલ યુદ્ધના સમાચાર જાણવા જ્યારે રેડિયો ચાલુ કર્યો ત્યારે સમાચાર દરમિયાન અંગ્મો દ્વારા એક વિશેષ અપીલ કરવામાં આવી. અંગ્મોએ કહ્યું,

"भारतीय सेना को सामान आगे पहुंचाने के लिअे कुली (पोर्टर्स) की आवश्यकता है ।

कृपया मदद के लिअे आगे आअे । देश को आपकी जरुररत है ।

બીજા અઠવાડિયે આજ પ્રકારની બીજી એક અપીલ કરવામાં આવી. જેમાં પરિવારોને પોતાના સક્ષમ ૧૮ વર્ષથી ઉપરના પુત્રોને થોડા દિવસ માટે ભારત માતાની સેવા કરવા મોકલી આપે.

ધન્ય છે લદાખી માતાઓને કે જેઓએ અંગ્મોની હાકલ ઝીલી લીધી અને થોડા જ સમયમાં ૧૮ થી ૩૫ વર્ષના ૨૦૦ યુવાનો એકત્રિત થયા. જેમાં ૧૯ વર્ષનો એક યુવાન ખાસ હતો. જેનું નામ સ્તેન્ઝીન જયદુન ઉર્ફે રીકી – જે હતો શેરિંગ અંગ્મોનો દિકરો !! અને માત્ર આઠ જ દિવસમાં આ સંખ્યા ૫૦૦ની થઈ ગઈ.

સરેરાશ એક જવાન દસેક કિલોનો બોજો ઉઠાવીને પહાડો પર આરોહણ કરી શકતા, જ્યારે લદાખી યુવાન લાંબો પોરો ખાધા વગર વીસ કિલોનો ભાર ઉંચકીને પહાડો પર ચડી જતા હતા. કારણ કે લદાખી યુવાનો ઉંચાઈ પર ઓછા ઓક્સિજનવાળા હવામાનમાં નાનપણથી જ રહેવા ટેવાયેલા હતા. તેઓનું હ્રદય આપણા હ્રદય કરતા ૨૦% વધુ પાવરફુલ હોય છે. આ જૈવિક ખાસિયતોને કારણે લદાખી યુવાનો ૧૪–૧૫ હજાર ફીટ પહાડી ચોકીઓ સુધી ઓછા શ્રમે સૈન્યને અત્યંત જરૂરી એવા ખોરાક–પાણી તથા શસ્ત્રોનો સપ્લાય પહોંચાડી મદદ કરતા હતા. આમ લદ્દાખના યુવાનો સવાયા સુપરમેન સાબિત થયા.

બીજી બાજુ શેરિંગ અંગ્મો શુનૂ AIR ના માધ્યમથી વાગયુદ્ધમાં AIR સ્ટ્રાઈક ચાલુ રાખી વધુ યુવાનોને દશેસેવામાં જોડાવા હાકલ કરતા રહ્યા અને આ લડાઈમાં માત્ર યુવાનો જ નહીં પરંતુ ખેડૂતએ પણ પોતાના ખેતરમાં તંબુ બાંધવા દઈને યુવાનોને રહેવા માટે જગા આપી.

આવી ઘણી સુખદ ઘટનાઓનો શ્રેય શેરિંગ અંગ્મોના ફાળે જાય છે. જેમને AIR દ્વારા લદાખી જનતામાં રાષ્ટ્રપ્રેમ જાગૃત કર્યો.

૨૭ જુલાઈ, ૧૯૯૯ના રોજ ભારતના જવલંત વિજય બાદ ખુશ્કી દળના વડા અધિકારીએ ખેલદિલીપૂર્વક કહ્યું હતું કે 'લદાખના દુર્ગમ પહાડોમાં અમારી સેનાને સ્થાનિક યુવાનોનો ટેકો મળ્યો તે કાબિલેદાદ હતો. પ્રસિદ્ધિના પડદા પાછળ રહી યુદ્ધમાં નિર્ણાયક રોલ અદા કરનાર એ વતનપ્રેમીઓને શત શત નમન !! ભારતની સેના સદાય એ સૌની આભારી રહેશે !!"

અને છેલ્લે શેરિંગ અંગ્મો શુનૂ એ કહેલા અંક વાક્યને રજુ કરી અને તે મહિલાને સો સો સલામી અર્પીએ....

'ઈન્સાન જબ અપને બારે મેં નહીં સોચતા હૈ.... તભી વહ દુસરો કે લીયે કુછ કર સકતા હૈ....

ભારત માતા કી જય...

લાઈફ પાર્ટનર સાથે ઝઘડા કેટલા સારા ? કેટલા જોખમી ?

- શ્રીમતી સુષ્માબેન અનીલભાઈ રાઠોડ (વડોદરા)

એકદમ સાચું બોલજો.... "મેં જો કહુંગા સચ કહુંગા, સચ કે સીવા કુછ નહીં બોલુંગા !!!!"..... તમારે લાઈફ પાર્ટનર સાથે ઝઘડા થાય છે ખરા ?? ના થતા હોય તો કરજો. સમૃદ્ધ લાઈફ માટે થોડી-થોડી તુ-તુ... મેં...મેં.... સારી છે. પણ અતિ ના કરતા. અતિ સર્વત્રે વ્યજત્તં અતિ ઝઘડા પણ જોખમી છે.

દુનિયામાં સૌથી કોમ્પલીકેટેડ અને વળી ઈન્સ્ટરેટીંગ રિલેશનશીપ કઈ ? પ્રેમી-પ્રેમીકાની અને પતિ-પત્નીની....... આ સંબંધ જ એવો છે જે આજ સુધી ક્યારેય કોઈ સમજી શકતું જ નથી અને કદાચ સમજાશે પણ નહીં, અને કદાચ એ જ વાત આ સંબંધની બ્યુટી છે. એરેન્જ મેરેજ હોય કે લવ મેરેજ – બન્નેમાં બે વ્યક્તિના દિલ મળે છે અને એક નવા સંબંધનું નામ પડે છે. સંબંધની શરૂઆત થાય છે. નવા આહ્લાદાયક સંબંધનું સર્જન થાય છે. એ વાત સાયન્ટિફિકલી પ્રુવ થઈ છે કે સ્ત્રી અને પુરૂષ બન્ને માનસિક અને શારીરિક રીતે બહુ જુદા છે. આમ છતાં બન્ને એક સુંદર યુગલ બનીને સરસ જીંદગી પસાર કરી શકે છે અને સાથે દામ્પત્ય જીવન માટે એક સનાતન સત્ય એ પણ છે કે ગમે તેટલા બુદ્ધિજીવી કપલ હોય. એજ્યુકેટેડ હોય, ગમે તેટલા બન્ને મેચ્યોર હોય, ટેલોટેડ હોય બન્ને વચ્ચે એક ઉચ્ચ કક્ષાનો પ્રેમ હોય, પણ ક્યારેક તો કોઈક લોચા થવાના જ છે. દુનિયાનું કોઈ દંપતિ એવું નહીં હોય કે જેને ક્યારેય કોઈ નાનો ઝઘડો થયો ના હોય. જો ક્યારેય કોઈ કપલ એવું કહે કે અમારી વચ્ચે ક્યારેય કોઈ ઝઘડો કે અણબનાવ થયો જ નથી તો કહી શકાય કે એ જૂઠું બોલે છે. સો એ સો ટકા જૂઠું બોલે છે. ઝઘડા વિશે એક વાત તો એવી પણ કહેવાય છે કે જો દંપતિ વચ્ચે ક્યારેય કોઈ ઝઘડા તર્ક-વિતર્ક ના થતાં હોય ને તો તેમની વચ્ચે કાંઈક પ્રોબ્લેમ હશે !!! ઝઘડા ના થાય એ વાત પણ જોખમી છે.

ઝઘડા ક્યારે ના થાય ? જ્યારે બેમાંથી એક અથવા તો બન્ને એવું નક્કી કરી લે કે, "એને જે કરવું હોય એ કરે, મને કોઈ ફર્ક પડતો નથી." આવું થાય તો ઝઘડા ના થાય પણ એ વિચાર – વાત તો સંબંધનો અંત જ સાબિત કરે છે. સંબંધોનો અંત કાંઈ માત્ર દૂર થવાથી કે જુદા રહેવાથી જ નથી આવતો, સાથે એક છત નીચે રહેતા હોય અને છૂટા પડી ગયા હોય એવા કપલોનો પણ કાંઈ તોટો નથી. દેખાવે સુંદર હોય, ... આચરણ પણ બરાબર હોય પણ મનથી જુદા થઈ ગયા હોય અને સાથે જ રહેતા હોય એવા કજોડાની દુનિયા તો સાવ જુદી જ હોય છે. મનથી જુદા થઈ ગયા પછી એક છત નીચે સાથે રહેતા હોય તો પણ કોઈ ફેર પડતો નથી.

પતિ-પત્ની વચ્ચે સામાન્ય ઝઘડા ક્યારેક ક્યારેક ના ઝઘડા એ તો સારા દામ્પત્ય જીવનની સારી નિશાની છે અને એવું કહેવાય પણ છે કે નાની-નાની તકરારોથી તો પરસ્પર પ્રેમ વધુ ગાઢ અને તીવ્ર બને છે, પણ હમણાના એક રિસર્ચ દરમિયાન તો એ વાત સાબિત થઈ છે કે થોડા-થોડા તીખા-ખાટા ઝઘડા દામ્પત્ય જીવનમાં મીઠાશ ફેલાવે છે. એક સાઈકોલોજીમાં પ્રોફેસરે બસો યુગલો પર આ અભ્યાસ કર્યો હતો. તેમણે રિસર્ચ દરમિયાન કહ્યું કે દંપતિ વચ્ચે ક્યારેક તો ઝઘડા થવા જ જોઈએ અને જો પ્રેમ અને સંબંધ સાચો હોય તો ઝઘડા થાય જ ઝઘડા માત્ર જીદ કે એક ઈગોના કારણે જ નથી થતાં, પણ ક્યારેક એકબીજાની ચિંતાના કારણે પણ થતાં હોય છે. એક કપલની ઝઘડાની સાવ સાચી વાત જણાવું તો......, બનેને રોજ-રોજ ઝઘડા થતા હતા. રોજના ઝઘડાનું કારણ પણ એક જ હતું. પતિને ડાયાબિટિસ હતો અને પત્ની તેની હેલ્થનું ખૂબ જ ધ્યાન રાખે. પણ પેલા ભાઈને ખાવાનો

ખૂબ ચટાકો હતો, એ પણ હોંશિયાર કે પત્નીથી છુપાવીને પોતાને જે ખાવું હોય એ બહાર ખાઈ આવે અને તેના કારણે બરાબર દવા ચાલુ છતા તેની સુગર વધારે જ આવે. પતિ અને પત્ની બન્ને ગમે એટલા ચાલક હોય, ગમે તે કરે પણ જો બન્ને વચ્ચે સાચી આત્મીયતા હોય તો કાંઈ વાત છુપાવી શકાતી નથી અને આ સાચી આત્મીયતા પ્રેમ । પત્નીને પણ ખબર પડી ગઈ કે પતિ મહાશય ચિટીંગ કરે છે, બહાર જઈ આચર-કુચર ખાઈ આવે છે. બન્ને વચ્ચે જોરદાર ઝઘડો થાય. પત્ની પતિ પર વોચ રાખવા માંડી કે બહાર કાંઈ ખાય નહીં, હવે આમ જોવા જાવ તો આખી વાતમાં ચિંતાનો જ ઝઘડો છે. છે એક જાતનો ઝઘડો પણ તેની પાછળ પતિની હેલ્થની ચિંતા અને તેના માટેનો એક ગાઢ પ્રેમ છુપાયેલો છે.

પતિ-પત્ની વચ્ચેના ઝઘડા વિશે મનોચિકિત્સકો એક મહત્ત્વની વાત એ કરે છે કે, ઝઘડા થાય એમાં કાંઈ વાંધો નથી. પણ ખાસ ધ્યાન એટલું રાખવાનું કે બને એટલા ઓછા સમયમાં એ ઝઘડાનો અંત લાવવો જોઈએ. બન્નેમાંથી એકે તુરંત જ નમતું જોખી લેવું જોઈએ. એમાં પતિ-પત્ની વચ્ચે ક્યારેય નાનપ નથી લાગતી.. ઝઘડા મોટાભાગે સાવ વાહિયાત વાત પર થતા હોય છે. નાનકડી વાતમાં ઝઘડો થઈ જાય છે પણ પછી એ એટલો જ ઝડપથી પુરો પણ થઈ જવો જોઈએ. પરસ્પર એકબીજાને સોરી કેવામાં કોઈ હીચકીચાટ ના રાખવો જોઈએ. તારો વાંક – મારો વાંક કે તું સાચો – તું સાચી એ ચર્ચા કર્યા વગર જ ઝઘડાનું સમાપન કરીને વાત ત્યાં જ ભૂલવી જોઈએ. ક્યારેય કૌટુંબિક ઝઘડો કે પતિ-પત્નીનો ઝઘડો લાંબો નહીં ખેંચવો જોઈએ.

ઝઘડામાં સૌથી ઈમ્પોર્ટન્ટ વાત એ હોય છે કે તમે એ ઝઘડો પૂરો કેવી રીતે કરો છો ? જતું કરી દો, ગમ ખાઈ જાવ, ભૂલ સ્વીકારી લો, સોરી કહી દો અને સામેથી સોરી કહેવામાં આવે તો માફ કરી દો. ગમેતેમ તોયે એ આપણી વ્યક્તિ છે. બીજું એક સનાતન સત્ય એ છે કે તેના વગર આપણને ચાલવાનું પણ નથી. મોટા ભાગના કપલોમાં જયારે ઝઘડો થાય ત્યારે એક તબક્કે એવો વિચાર તો આવી જાય છે કે સાલુ ક્યાં લોચો પડી ગયો કે આખી વાત ઉંધા પાટા પર ચડી ગઈ ! બન્ને દિલથી એવું ઇચ્છતા હોય છે કે હવે આ વાત પૂરી થાય તો સારૂં, પણ પરસ્પર સોરી કહેવામાં ઈગો આડો આવતો હોય છે. હા, પણ તેવા કપલમાં એક આવડત હોય છે કે બેમાંથી એક ગમે તેમ કરીને પટાવી લે છે અને જયારે પટાવવાની શરઆત થાય ત્યારે સામેવાળા જાણી જોઈને પટાઈ પણ જાય છે અને એમાં જ તમારી કુશળતા છે.

ઝઘડા વિશે એક બેસ્ટ રિસર્ચ એ પણ છે કે જયારે પણ ઝઘડો થાય અને માણસ ગુસ્સામાં હોય ત્યારે ગુસ્સે થયેલો માણસ જે મનમાં હોય એ બોલી દે છે અને તેના પરથી તેના વિચારો કેવા છે અને માણસ તરીકેની તેની ઊંડાઈ કેટલી છે તે પરખાઈ જતું હોય છે. જે વ્યક્તિમાં ગ્રેસ હશે, જેના સંસ્કારો પણ ઉચ્ચ-સારા હશે તે માણસ ગમે તેટલા ગુસ્સામાં પણ તેના મોઢામાંથી અમુક શબ્દો તો નહીં જ બોલે ભલે ઝઘડતા હોય પણ તેનામાં એ સમજ તો હોય જ છે કે એ જેની સાથે ઝઘડે છે એ તેનું કોણ છે ? પોતાની લાઈફમાં એનું શું ઈમ્પોર્ટન્સ છે.

તમને તમારી વ્યક્તિથી નારાજગી છે તો ઝઘડી લો. મનમાં કોઈ ધરબી ના રાખો. મનમાં ને મનમાં મૂંઝાતા રહેશો તો ડિપ્રેશનમાં સરી જશો. તમારા આંતરિક લાગણીઓ અને ગુસ્સો દબાણ ના રાખો. નારાજગી હોય તો વ્યક્ત કરી દો. મનમાં બધું જ ધરબી રાખશો તો મુંઝારો થવાનો જ. એના કરતાં વ્યક્ત થઈ જવા દેવું. બોલી દો જે બોલવું હોય તે !!! આપણે એવા કિસ્સા પણ જોયા છે કે રોજે-રોજ ઝઘડતાં હોય પણ પાછા સરસ રીતે રહેતાં પણ હોય !!! પતિ-પત્નીના ઝઘડામાં એટલે જ ક્યારેય વચ્ચે નહીં પડવાનું વડીલો કહે છે કે બે જણા બાજતા હોય તો બાધવા દેવાના, એમાં સમાધાન કરાવવા આપણે દોઢ ડાહ્યાં નહીં થવાનું. કારણ કે બન્ને પાછા ક્યારે એક થઈ જાય એ નક્કી નથી હોતું, પછી આપણને કહે કે અમારે તો આવું નાનું-મોટું ચાલ્યા કરે તમે કેમ વચ્ચે આવ્યા???

બોલો છે જવાબ ?????? આપણે બેમાંથી એકનો પક્ષ લીધો હોય અને એ બન્ને ઘડીઉમાં એક થઈ જાય. આપણી હાલત કફોડી.

ઝઘડાની ફ્રિકવન્સી વધી ના જાય તેનું ધ્યાન રાખવાનું એ ખાસ જરૂરી છે. ઝઘડાના કારણો પણ સામાન્ય અને વાહિયાત હોવા જોઈએ અને એકદમ સમાનપણે ઝઘડો કરવો જોઈએ. ગંભીર ..... પરિણામો પણ સિરીયસ જ આવવાના શંકા સૌથી ખતરનાક વસ્તુ છે. શંકા હોય તો એનું ઝડપી નિરાકરણ લાવવું જોઈએ. આ બધાની વચ્ચે જો કોઈ પાયાની શરત હોય તો એ વફાદારી અને એક કમિટમેન્ટ છે. પ્રેમ તો હોવો જ જોઈએ, પરસ્પર આદર તો રહેવો જ જોઈએ. ટપાટપી વચ્ચે પણ એકબીજા પ્રત્યે લાગણી તો અકબંધ રહેવી જ જોઈએ. જો વિશ્વાસ તુટ્યો તો પ્રેમ પણ તૂટી જશે. છેલ્લે એટલું તો હોવું જ જોઈએ કે ગમે તેવી પણ તે મારી વ્યક્તિ છે. એનામાં થોડાં પ્રોબ્લેમ દેખાયા તો મારામાં પણ ક્યાં નથી ? સ્વીકાર હશે તો જ સહજતા બચશે. ઝઘડીને પણ પાછા જોડાઈ જાવ. એક વાત તો ખાસ યાદ રાખવાની હોય છે કે પોતાની વ્યક્તિ જેટલી ચિંતા અને કેર બીજું કોઈ ક્યારેય કરવાનું નથી.

દરેક વાચક ફ્રેન્ડઝને જણાવવાનું કે, મારી યુ ટ્યુબ કુકીંગ ચેનલ ચાલુ કરી છે. યુ-ટ્યુબ ચેનલનું નામ "Sushma's Cocking with healthy side kick" મારી રેસીપી જોઈને ગમે તો લાઈક, સબ્સ્કાઈબ અને શેર ચોક્કસ કરજો.

" પાપા "

લહેજે મેં નરમાઈ, હોંઠો પે મુસ્કાન લીયે
દિલ્હી આયે કઈ અરમાન લીયે.
બેહદ હસીન યે સારા સફર રહા,
કીરાયે કી જિંદગીમેં કીરાયે કા ઘર રહા.
ઈતની મુશ્કેલીયાં થી, શાયદ વે છુપકર રોતે થે.
હમ ઉનકે પેટ પર ઔર વો ચટાઈ પર સોતે થે.
હમેં પઢાને કે લિયે ગાંવ સે દૂરી કરની પડી.
પઢે લીખે નહીં થે ઈસલિયે મજદૂરી કરની પડી.
ખુદકા કોઈ સપના નહીં, ઉનકા કોઈ અપના નહીં.
વો અપને આજમેં ઉનકા કલ ઢુંઢા કરતે થે.
પૈસા બચાને કો પાની કા નલ ઢૂંઢા કરતે થે.
એક દિન બડે લોગોમેં હમારા નામ આયેંગે.
યે ડોર પે ભી હમારે બચ્ચોં કે કામ આયેંગે.
અચ્છી પરવરીશ કી, બુર આદતોં સે બચાયા.
હમેં પિતાને જીને કા તરીકે શીખાયા.
ઉન તરીકો કે સહારે હી હમ બડે હુએ.
હાલાતોં સે લડકર અપને પૈરો પે ખડે હુએ.
એક બાપ કી ભી ઉમ્મીદેં તૂટતી હૈ,
ઉસકે બચ્ચે અગર નહીં ...
તબીયત ઠીક નહીં હૈં
કી આપકી ઈતની ખરબ ભી નહીં લેતે
ખૈર જીસકો તુમને પાલપોષકર બડા કિયા,
વો ખુદકો ભી પાલના જાનતે હૈં.
બહુત તુજુબદાર ખેલાડી હૈ,
હર મુશ્કીલ કો ટાલના જાનતા હૈ.
ઉસકો તુમ્હારે ટુકડો પર પલને કી જરૂરત નહીં,
વો તો તુમ્હારે નિભાને કા ફર્જ દેખતા હૈ.
ઉસને પાલા તુમ્હેં સો કમાકર
ઔર તુલ લાખ કે બાદ ભી કર્જ દેખતા હૈ.
બેટા આખીર કહે તો કીસે હૈ જમાનો કો યે બતાને કો
ખૈર અભી મેં હું જીન્દા અપને કુછ ફર્જ નિભાને કો.

વિઠ્ઠલ... વિઠ્ઠલ... વિઠ્ઠલ...

- જયશ્રીબેન ઠાર (પૂના)

વિઠ્ઠલ વિઠ્ઠલ નામા ચા, ગમરા ગાજે ભીમાતીર
ચલો બુલાવા આયા હૈ, વિઠ્ઠોબા માવલીને બુલાયા હૈ.

હાલ મહારાષ્ટ્રમાં ચારે બાજુ 'વિઠ્ઠલ માવલી'નાં નામનો મેહ વર્ષી રહ્યો છે. જેઠ મહિનો બેસે કે 'વિઠ્ઠોબા'ના ભક્તોનાં હૈયામાં બિરાજતા 'વિઠ્ઠલ માવલી' તેમનાં તન અને મનમાં એવા ડોલવા લાગે કે ભક્તી હર્ષના માર્યા નાંચવા લાગે. તેમને મળવા માટે ઉતાવળા થઈને તૈયારી કરવા લાગે. એક વર્ષની પ્રતિક્ષા બાદ ફરી વિઠ્ઠોબાના દર્શન થશે.

વિઠ્ઠોબા એટલે વિઠ્ઠલનાથ પ્રભુ અને માવલી એટલે રુક્ક્ષમણી માઁ. વિઠ્ઠલ-રુખમાઈનું સુપ્રસિદ્ધ મંદિર પંઢરપુરમાં આવેલું છે. પંઢરપુર મહારાષ્ટ્રનું એક ખૂબ જ સુવિખ્યાત તીર્થસ્થાન છે. ભીમા નદીના તટ પર વસેલું આ તીર્થસ્થાન સોલાપુર જીલ્લામાં આવેલું છે. પંઢરપુરને દક્ષિણ કાશીથી જાણવામાં આવે છે.

પદ્મપુરાણમાં વર્ણન છે. આ સ્થળ પર ભગવાન શ્રીકૃષ્ણે 'પાંડુરંગ' સ્વરૂપે પોતાના ભક્ત પુંડલિકને દર્શન આપ્યાં હતાં. સંત પુંડલિક માટે એના માતા-પિતાની સેવા એ જ એમની ભક્તિ હતી. સંત પુંડલિકની ભક્તિ જોઈને શ્રીકૃષ્ણ પ્રભુ તેને દર્શન દેવા આવ્યાં. પણ ત્યારે પુંડલિક તેના માતા-પિતાના ચરણોની સેવા કરી રહ્યાં હતાં. તેનું પ્રભુ તરફ ધ્યાન જ ન ગયું. ત્યારે પ્રભુએ કહ્યું કે હમ તુમ્હારા આતિથ્ય ગ્રહણ કરને આયે હૈં." ત્યારે પુંડલિકે પ્રભુને ઈટ આપીને પ્રતિક્ષા કરવાનું કહ્યું. પુંડલિકની સેવા જોઈને પ્રભુ એટલા પ્રસન્ન થયા કે તેઓ કમર ઉપર બે હાથ રાખીને ઇંટ ઉપર ઊભા રહીને પ્રતિક્ષા કરવા લાગ્યાં. જ્યારે સેવા પૂરી થઈ. ત્યારે પુંડલિક પ્રભુ પાસે આવ્યાં. ત્યારે પ્રભુએ તેને વરદાન માંગવાનું કહ્યું ત્યારે પુંડલિકે પ્રભુને કહ્યું કે આ સ્વરૂપે હંમેશા તમારા ભક્તોને દર્શન આપશો તેમની સર્વ ઈચ્છાપૂર્ણ કરજો. ત્યારથી વિઠ્ઠલનાથ પ્રભુ આજ હજારો વર્ષોથી આ સ્વરૂપે મંદિરમાં બિરાજે છે.

મકર કુંડલ, તડપતી શ્રવણી, કંઠી કસ્તુભમણી બિરાજતી
સુંદર તે ધ્યાન, ઊભે વીટે વરી કર કટાવરી કેવુન હાથ...

વીટ (ઈટ) ઉપર ઊભા રહ્યાં છે. આથી શ્રીકૃષ્ણ ભગવાનનું નામ વિઠ્ઠલનાથ પડ્યું છે તેમને પાંડુરંગના નામથી પણ ભક્તો બોલાવે છે.

સંત જ્ઞાનેશ્વર વિઠ્ઠોબાના પરમ ભક્ત હતા તેઓ વિઠ્ઠોબાનાં દર્શને જતાં. સંત જ્ઞાનેશ્વરની સમાધિ પૂનાની બાજુમાં ૨૩ કિલોમીટરનાં અંતરે આવેલા આણંદી ગામમાં છે.

'ઈન્દ્રાયણી કાઠી, દેવાચી આણંદી લાગલી સમાધિ જ્ઞાનેસાચી'

આ સમાધિનાં સ્થાને સંત જ્ઞાનેશ્વરની પાદુકા બિરાજે છે. તેમની આ પાદૂકાને તેના અનુયાયીઓ દેવ માનીને પૂજે છે. તેમની આ પાદૂકાને પાલખીમાં પધરાવીને તેમના અનુયાયીઓ હર વર્ષ પંઢરપુર દેવશયની એકાદશીને દિવસે વિઠ્ઠોબાના ચરણે પધરાવે છે. આ ઉત્સવને તેઓ પાલખી યાત્રા ઉત્સવ કહે છે.

સંત જ્ઞાનેશ્વર મહારાજની પાલખી જ્યારે મંદિરમાંથી પ્રસ્થાન કરે છે ત્યારે એક સત્ય ઘટના આજે પણ બને છે. તે હું ચોક્કસ કહેવા માંગીશ.

સંત જ્ઞાનેશ્વર મહારાજની સમાધિ મંદિરની બાજુમાં જ 'મહાદેવનું' મંદિર આવેલું છે. આ મહાદેવના મંદિર

ઉપર ઘુમટનો કળશ જ્યારે સંત જ્ઞાનેશ્વર મહારાજની પાદૂકાને પાલખીમાં પધરાવવામાં આવે ત્યારે તે કળશ આપોઆપ હલવા લાગે છે. જ્ઞાનેશ્વર મહારાજની પાલખી મંદિરની બહાર આવીને યાત્રા માટે પ્રસ્થાન કરે છે ત્યારબાદ કળશ સ્થિર થાય છે જાણે શંકરદાદા ત્યાં ખરેખર પ્રગટ થઈને આનંદમાં આવીને પાલખીને આશીર્વાદ આપતા હોય છે. આ દૃશ્ય જોવા ત્યાં માનવમેદની આણંદીમાં ઉમટે છે. શંભુ ભોલેનાથ પણ જ્ઞાનેશ્વર મહારાજ શ્રી વિઠ્ઠલનાથ પાસે જાય છે ત્યારે તેઓ પણ અતિ આનંદમાં આવી જાય છે.

સંત જ્ઞાનેશ્વર મહારાજની પાલખીયાત્રાની જેમ અસંખ્ય પાલખીઓ અલગ અલગ સંતોના જન્મસ્થાન અથવા સમાધિસ્થાનમાંથી પ્રારંભ થઈને પંઢરપુર દેવશયની એકાદશીને દિવસે પહોંચતી હોય છે. દેહુગામથી સંત તુકારામ મહારાજની જલગાંવથી સંત મુક્તાબાઈની, શેળગાંવથી સંત ગજાનન મહારાજની, પૈઠવા ક્ષેત્રથી સંત એકનાથ મહારાજની, સજ્જનગઢથી સમર્થ સ્વામી રામદાસ મહારાજની વગેરેની પાલખીઓ પંઢરપુર પહોંચતી હોય છે. વિઠ્ઠલ પ્રભુના દર્શન કરવા એક ભક્ત માટે જન્મ કૃતાર્થ થયાનો સંતોષ હોય છે. મહારાષ્ટ્રમાં દેવશયની એકાદશી એટલે ભવ્ય ઉત્સવ અને પ્રભુ કૃપાનો દિવસ હોય છે.

આ સર્વમાં બે પાલખી મુખ્ય છે. એક સંત જ્ઞાનેશ્વર મહારાજની અને બીજી સંત તુકારામ મહારાજની જે પૂનાથી ૨૮ કિલોમીટરના અંતરે એમના જન્મસ્થળ દેહુગામથી નીકળીને પંઢરપુર પહોંચે છે. આ પાલખીઓમાં આ સંતોની ચરણ પાદૂકાઓ પધરાવવામાં આવે છે. તેના દર્શન અને સ્પર્શ માટે જે જે ગામથી આ પાલખીઓ પસાર થાય તે તે ગામનાં હરિભક્તોની મેદની જામે છે.

મહારાષ્ટ્ર અનેક મહાન સંતોની કર્મભૂમિ છે. લગભગ ૭૦૦ વર્ષ પુરાની પાલખી પરંપરાની શરૂઆત મહારાષ્ટ્રના અમુક પ્રસિદ્ધ સંતોએ કરેલી. આ સંતોના અનુયાયીઓ એ આજ દિવસ સુધી આ પ્રથાને ચાલુ રાખી છે. તેમના આ અનુયાયીઓ અને વિઠ્ઠલ ભક્તોને 'વારકરિ'ના નામે ઓળખવામાં આવે છે. જેને આ પ્રથાને જીવીત રાખી છે. આ વારકરિઓના એક સુસંગઠિત સમુહને 'દિંડ' કહેવામાં આવે છે. જેઓ પગપાળા યાત્રા કરીને પંઢપુર પહોંચે છે. આ દરેક વારકરિના જીવનની અંતિમ અભિલાષા એ હોય છે કે પ્રભુ અમને મુક્તિ ન દેતા પણ માનવ જન્મ ફરી દેશો. જેથી કરીને અમને હર જન્મમાં વિઠ્ઠલની ભક્તિ કરવાનો લાભ મળે.

હરિ ના જન તો મુક્તિ ન માંગે, માંગે જન્મ જન્મ અવતાર,
નિત્ય સેવા નિત્ય કિર્તન હો સબ, યે નિરખવા નંદકુમાર રે.....

મહારાષ્ટ્રમાં ઈશ્વરના સગુણ, નિર્ગુણ અને અનેક સ્વરૂપની વિવિધતાને એક રૂપ આપવાનું અથવા એકતામાં બાંધવાનું કાર્ય આ વારકરિ સંપ્રદાયે કર્યું છે.

૨૧ દિવસની યાત્રા લગભગ ૨૫૦ કિલોમીટરના પંથને વારકરિઓ પગે ચાલીને કરે છે. આ વારાફરતી વખતે તેમને ઠંડી ગરમી વરસાદ વાવાજોડું વગેરે દરેક પરિસ્થિતિનો સામનો કરવોપ ડે છે.

આ દિંડીનો એક મુખીયો હોય છે જે બધી જ વ્યવસ્થા કરે છે પંઢરપુર માર્ગમાં આગળ જતા કયા ગામમાં રોકાણ કરવાનો દરેક રસીયો આગળ વધવાનું છે ? કયા સ્થળે ભોજન કરાશે ? આવી ઘણી જ વ્યવસ્થાને કરતાં હોય છે. આ પ્રથા વર્ષોથી ચાલી આવે છે.

આ પાલખી યાત્રા પેઢી દર પેઢીથી ચાલતી આવે છે. એક પેઢી પૂરી પછી તા બીજી એની મેળે આ પ્રથાને ચાલુ રાખે છે. કોઈ કોઈને પૂછતું નથી કે કહેતું નથી. આ પ્રણાલી ચાલુ રહે છે. દરેક વારકરિ કોઈને કોઈ દિંડી સભ્ય હોય છે. આમાં કોઈનું અનુશાસન નથી થતું. બધા જ સમજીને પોતાની જવાબદારી અને ફરજ નીભાવતા હોય છે.

એવા તો કેટલાય દાખલા જોવા મળ્યાં છે અને સાંભળવા મળ્યાં છે. પારિવારિક, સામાજિક કે વ્યવહારિક ‘કલહ’ હોય તે આ યાત્રામાં જોડાયા બાદ મૈત્રીનું ઝરણું બની ગયા હોય છે. આ ૨૧ દિવસની યાત્રામાં જે સુખ શાંતિની પૂંજી જમા કરી હોય છે તેને આખા વર્ષમાં સારી રીતે ખર્ચ કરીને ફરી નવા વર્ષની યાત્રાની રાહ જોવાની આ યાત્રાનો સાચ્ચો અને સરળ હિસાબ છે. એક દિંડી એટલે ૨૦૦–૩૦૦ લોકોનો પરિવાર જે આખું વર્ષ એકબીજાના સંપર્કમાં રહે છે. યાત્રા દરમિયાન પ્યાર અને આત્મીયતાના લાડુ, ચકરી, ચેવડા સાથે લાવ્યાં હોય તેને એકબીજાને ખવડાવીને અને દુનિયાદારીનાં દુ:ખને આપસમાં વહેંચતા હોય છે.

આ આખો વારકરિ સંપ્રદાયમાં યાત્રામાં પુરૂષો શ્વેત કપડાં અને ટોપી ખભે ભગવા રંગની ધજા, ગળામાં તુલસીની માળા અને સ્રીઓ માથા ઉપર તુલસીના કુંભ લે છે. અથવા વિઠ્ઠલની મૂર્તિ પધરાવીને હાથમાં એક તારની વીણા લઈને મૂખમાં હરિનું નામ લેતા આગળ વધે છે. ગરમી, ઠંડી, ભૂખ, તરસની પરવા કર્યા વગર આ યાત્રીઓ રામ ક્રિષ્ન હરિ, જય હરિ વિઠ્ઠલ, જય હરિ વિષ્ણુનું સ્મરણ કરતા ભક્તિમય વાતાવરણનું સર્જન કરે છે. મનમાં એક જ લક્ષ હોય છે કે પાંડુરંગ વિઠ્ઠલના ચરણોમાં માથું મૂકીને માનવ જીવન કૃતાર્થ કરવાનો.

આ પાલખી યાત્રાની વિશિષ્ટતા એ છે કે આમાં લાખોની સંખ્યામાં પૂર્ણ શ્રદ્ધાથી ભક્તો જોડાય છે. બાળકથી લઈને મોટી ઉંમરના વૃદ્ધો, યુવાન છોકરા–છોકરી જેઓને યુવાનીનો રંગ ચડ્યો હોય છે. દરેક જાતના લોકો અને ધર્મના ભક્તો જોડાય છે. જાત–પાત, જ્ઞાતિ–ધર્મ, ઉંચ–નીચ, અમીર–ગરીબની તુલના કે ભેદ નથી હોતા. માત્ર ને માત્ર શ્રી હરિ વિઠ્ઠલનાં દર્શનની લગની લાગી હોય એવા વિઠ્ઠલ–માઉલીના ભક્તો ગાતા હોય છે.

લગની લાગી રે વિઠ્ઠલ તારા નામની રે, તારા નામની રે વિઠ્ઠલ તારા દર્શનની રે....

વિઠ્ઠલ માઉલીના દર્શન માટે દેશના ખૂણે ખૂણેથી લોકો આવે છે. એવું ભાસેકે જાણે માનવ સમુદ્રની સીમા જ નથી. આ સમુદ્ર સમાન વિશાળ માનવ સમુહ આનંદથી પગપાળા યાત્રા કરતાં રસ્તામાં સાથ–સંગાત પ્રભુ સ્મરણનો, તાલ–મૃદુંગ ઢોલ–નગારા, મંજીરા–વીણાનાં તાલે નાંચતાં ગાતા ઝુમતા પ્રભુની ધ્વજાના પતાલ લહેરાવતા. પાંડુરંગ–માવલીના નામનો અબીલ–ગુલાલ ઉડાડતા ગગન અને ધરતીને લાલ રંગે રંગી નાખતા પાણીની જેમ ઉછાળા મારતો હિલોળા લેતો ઘુઘવતો આગળ વધી રહ્યો હોય. હરિભક્તોના આ દર્શન કરતા તમે પણ તમારી જાતને ભુલી શ્રી વિઠ્ઠલ–માવલીમાં લીન થઈ જાઓ.

આ પાલખી ઉત્સવનું આકર્ષણ માત્ર ભારતમાં જ નહિ. વિદેશોનાં લોકોમાં એટલું જ છે. વિદેશથી પણ વિઠ્ઠોબા ભક્તો દોડી દોડીને આવે છે. આ યાત્રા પર રિસર્ચ કરવા અત્યાર સુધી જર્મની, ઈટલી, જાપાન જેવા કેટલાય દેશના લોકો આ યાત્રામાં ભાગ લઈ ચૂક્યાં છે. આજે પણ હર સાલ જોડાય છે.

આપણા પુષ્ટિ સંપ્રદાયના ગુરૂ શ્રી મહાપ્રભુજી પણ શ્રી વિઠ્ઠલનાથના દર્શને પધાર્યા હતાં ત્યારે આપણા પ્યારા શ્રીનાથજી પ્રગટ થયાં ત્યારે એક સુંદર ઘટના ઘટી જેનો ઉલ્લેખ શ્રી ગોપાલદાસજી શ્રી વલ્લભાખ્યાનમાં વર્ણવે છે.

ત્યાંથી દક્ષિણ પાઉ ધારિયા, પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથ, નેત્ર મળતા વાત કીધી, વચન દીધું હાથ
વચન નિશ્ચે શ્રીનાથે માંગ્યું, કીધી શ્રી વલ્લભજી શું વાત, અમને ઈચ્છા એહ છે જે હું નંદન તમે તાત

આ પ્યારુ વચન શ્રી નાથજીએ શ્રી મહાપ્રભુજી પાસે શ્રી વિઠ્ઠલનાથ પ્રભુની પાસે પ્રગટ થઈને માંગ્યું હતું કે હું તમારો નંદન બનુ તમે મારા તાત બનો.

આવો સુંદર પ્રસંગ શ્રી વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં બન્યો હતો. જેનું સ્મરણ થતાં આપણા પણ મુખમાંથી સરી પડે.

વિઠ્ઠલ વિઠ્ઠલ જય હરિ વિઠ્ઠલ વિઠ્ઠલ.

વાનગી વિભાગ

- નીતાબેન ગાંધી (અમદાવાદ)

ક્રિસ્પી સમોસા પુરી

સામગ્રી : ૧૫૦ ગ્રામ ઘઉંનો લોટ, ૧ ચમચી જીરૂ, અડધી ચમચી મીઠું, ૨ ચમચી તેલ

મસાલા માટે : બાઉલમાં ૧ ચમચી મરચું, અડધી ચમચી આમચૂર પાવડર, અડધી ચમચી ગરમ મસાલો, પા ચમચી સંચળ પાવડર, પા ચમચી ચાટ મસાલો, બે ચમચી કસૂરી મેથી, ચપટી મીઠું, ૧ ચમચી તેલ, બે ચમચી પાણી નાખી પરાઠા જેવો લોટ બાંધી ઢાંકીને પંદર મિનિટ રહેવા દો.

ડીપ માટે : બે મિડિયમ સાઈઝના બાફેલા બટાકા, ૩ થી ૪ પલાળેલા કાશ્મીરી મરચા, ૩ થી ૪ લસણની કળી, ચપટી જીરૂ ચપટી આખા ધાણા સ્વાદ મુજબ મીઠું, અડધી ચમચી મરચું પાવડર, બે ચમચી તેલ બધું મિક્સરમાં ક્રશ કરી સ્મુધ પેસ્ટ બનાવવી આ રીતે ડીપ તૈયાર કરવું.

વઘાર કરવા માટે : વઘારિયામાં તેલ મૂકી થોડા ચિલી ફ્લેક્સ નાખી ચીલી ઓઈલ ડીપમાં રેડવું.

રીત : લોટને બરાબર કૂણવી મિડિયમ સાઈઝની રોટલી વણી બનાવેલી મસાલા પેસ્ટ બ્રશ વડે લગાવી અડધી ફોલ્ડ કરવી ફરી મસાલા પેસ્ટ લગાવી સમોસા જેવો ત્રિકોણ સેઈપ આપી હલકા હાથે બે વેલણ મારી સમોસા પુરી તૈયાર કરવી. મિડિયમ આંચે ગોલ્ડન બ્રાઉન કલરના ક્રિસ્પી સમોસા પુરી તળવા તૈયાર કરેલા ડીપ સાથે સર્વ કરવું.

વરસતા વરસાદમાં ચા સાથે મજા માણવી.

પીઝા પકોડા

સામગ્રી : ૧ પેકેટ ફ્રેશ બ્રેડ સ્લાઈસ, બે ચમચી ઓલિવ ઓઈલ, ૧ ચમચી ચીલી ફલેક્સ, ૧ ચમચી ઓરેગાનો, ૧ ચમચી આદુ-મરચા, ચીલી કટરમાં કટ કરેલા, ૧ ચમચી બારીક સમારેલું લસણ, ૨ લાલ ટમેટા ચોપરમાં ક્રશ કરેલા અડધી ચમચી વિનેગાર, ૧ ચમચી કાશ્મીરી મરચુ, ૧ ચમચી કોર્નફ્લોર, બે ક્યૂબ છીણેલું ચીઝ, બે ચમચી મોઝરેલા ચીઝ, બે ચમચી ઝીણા સમારેલા કેપ્સિકમ, બે ચમચી સમારેલા ગાજર સ્વાદ મુજબ મીઠું. ચપટી ખાંડ થોડી કોથમીર ૧ ચમચી ટમેટો કેચપ.

સ્લરી માટે : ૧ ચમચી મેંદો, ૧ ચમચી કોર્નફ્લોર થોડું મીઠું ચપટી ઓરેગાનો

થોડા ચીલી ફ્લેક્સ પાણી નાખી સ્લરી તૈયાર કરવી.

બ્રેડના વાટકી અથવા કટર વડે ગોળ સેઈપમાં કટ કરવી

સ્ટફિંગ માટે : કડાઈમાં તેલ મૂકી લસણ, આદુ મરચા સાંતળવા ત્યારબાદ ડુંગળી પાંચ મિનિટ સાતળી સમારેલા શાકભાજી ફાસ્ટ તાપે સાતળવા કોર્નફ્લોર ચીલી ફ્લેક્સ, ઓરેગાનો મરચુ પાવડર મીઠું વિનેગાર ટમેટો કેચપ નાખી બને ચીજ નાખી ખાંડ મિક્સ કરી ગેસ બંધ કરી કોથમીર નાખી સ્ટફિંગ તૈયાર કરવું.

તૈયાર કરેલી બ્રેડની સ્લાઈઝ પર તૈયાર કરેલું સ્ટફિંગ મૂકી ફરતી સ્લરી લગાડી સ્ટફિંગ ઉપર થોડુંમોઝેરેલા ચીજ પર કોર્નફ્લોર છાંટી બીજી બ્રેડની સ્લાઈઝની કિનારી પર સ્લરી લગાડી હલકા હાથે પ્રેસ કરી ફરતા કાટા ચમચી વડે પ્રેસ કરી ઈમ્પ્રેશન આવી ગરમ તેલમાં પીઝા પકોડા તળી લેવા.

ડીપ : ટમેટો સોસ, મેયોનીઝ રેડ ચીલી સોસ મિક્સ કરી ડિપ સાથે ગરમાગરમ પીઝા પકોડા સર્વ કરવા.

નોંધ : તેલ સરખું ગરમ કરવું નહીંતર બ્રેડમાં તેલ ભરાઈ જશે.

પાત્રા ચાટ

સામગ્રી : ૧૦-૧૨ પતરવેલીના પાન, ૧ કપ ચણાનો લોટ, ૧ ચમચી આદુ મરચાની પેસ્ટ, ૧ ચમચી તજ-લવિંગ પાવડર, ૧ ચમચી મરચુ હળદર, ધાણાજીરું બે લીંબુનો રસ, બે ચમચી લીંબુનો રસ, ચપટી સોડા, ૧ ચમચી અધકચરા ધાણા પાવડર, ૧ ચમચી મરી પાવડર, ૧ ચમચી તલ

ચટણી : કોથમીર ફૂદીનાની ચટણી, ખજૂર આંબલી ચટણી

૧ કપ ખાંડ નાખી ફીણેલું દહીં, ઝીણી સેવા અને કાયમીર, પતરવેલીના પાન ધોઈ લુછી નસ કાઢી સાફ કરવા. ચણાના લોટનું બેટર લગાડી એક ઉપર એક પાન મૂકી બેટર લગાવતા જવું વીટો કરી રોલ તૈયાર કરવા.

ઢોકળીયામાં તેલ લગાવી ડીશમાં પંદર મિનિટ બરાબર બાફી લેવા. ઠંડા થાય પછી થોડા જાડા ગોળ પીસ કરી તળી ક્રિસ્પી તળવા. પ્લેટમાં તળેલા પતરવેલિયા મૂકી ઉપર બંને ચટણી દહીં, સેવ કોથમીર દાડમના દાણા વડે ગાર્નિશ કરી સર્વ કરવા

નોંધ : લીંબુ અને સોડા લેવાથી પાનનો કલર ગ્રીન જ રહેશે.

બાફીને કોઈ પણ ફરસાણ તળવાથી તેલ ઓછુ પીવે તેમજ ઝડપથી તળાશે.

રેડ ફ્રાઈડ રાઈસ

ગ્રેવી માટે : ૩ કાશ્મીરી મરચા, ૩ ટમેટા પાકા લેવા.

૧ કપ રાંધેલા છૂટા ભાત, ૧ નંગ ઝીણી સમારેલી ડુંગળી, ૧ ચમચી ઝીણુ સમારેલું લસણ, ૧ ચમચી ઝીણુ સમારેલું આદુ, ૧ ચમચી લાલ કાશ્મીરી મરચુ, સ્વાદ મુજબ મીઠુ, પા ચમચી સોયા સોસ.

કાશ્મીરી મરચાને ગરમ પાણીમાં એક કલાક પલાળી લેવા.

ટમેટા બ્લાન્ચ કરી છાલ કાઢી પેસ્ટ કરી લેવી કાશ્મીરી લાલ મરચુ મિક્સ કરી લેવું.

કડાઈમાં તેલ મૂકી ડુંગળી આદુ મરચા સાંતળવા તૈયાર કરેલી ટમેટાની પેસ્ટ સાતળી ભાત મિક્સ કરવા મરચાની પેસ્ટ મીઠું, સોયાસોસ નાખી મિક્સ કરી રેડ ફ્રાઈડ રાઈસ તૈયાર કરવા કોથમીર છાંટી સર્વ કરવા

ગળ્યા ખજૂરના તીખા ભજિયા

સૌ પ્રથમ એકદમ તીખું જાડું ખીરું બનાવવું...

ત્રણ ચમચા ચણાનો લોટ અને એક ચમચો રવો લેવો...

એમાં એક ચમચી તેલ, જરૂરી પાણી, સ્વાદ અનુસાર મીઠું, આગળ પડતું મરચું, એક ચપટી હળદર, એક ચપટી હીંગ, એક ચમચી મસળેલો અજમો, એક ચપટી સોડા, અડધું લીંબુ ઉમેરી બરાબર હલાવીને ખીરું બનાવવું.... પછી અડધો કલાક ખીરું પલળવા દેવું...

બીજ કાઢીને ધોયેલી ખજૂરને એક જાડા કપડામાં સૂકવી દેવી... જેથી બધુ પાણી નીકળી જાય...

બસ હવે ઉતારો ગરમ ગરમ ભજિયા અને લીલી તીખી ચટણી જોડે ખાવ...

વૈકલ્પિક રીતે ખજૂરમાં લીલા મરચાં, આદુ, કોથમીર, ગરમ મસાલો, આમચૂર આમચૂર પાવડર, ટોપરાનું છીણ, ખસખસ, કાજૂનો ભૂકો અથવા શેકેલી મગફળીનો ભૂકો, શેકેલો ચણાનો લોટ આ બધું ભેગું કરી પૂરણ બનાવવું અને એને મરચામાં ભરીને ભજિયા બનાવી શકાય...

બાળ વિભાગ

- શ્રીમતી સેજલબેન એ. પરીખ (ભાવનગર)

દીવા ક્યારે શોધાયા ?

માનવીએ અગ્નિની શોધ કરી ત્યાર પહેલાં પ્રકાશ અને ગરમી તેને સૂરજ દ્વારા મળતાં હતાં. આ સૂર્ય પર તેનો કોઈ કાબૂ ન હતો. પરિણામે અંધારું કે ઠંડીથી બચવા તે હંમેશાં નિ:સહાય રહેતો હતો. જ્યારે માનવીએ અગ્નિની શોધ કરી ત્યારે કદાચ તેને અનુભવથી ખ્યાલ આવ્યો હશે કે કેટલીક ચીજો અન્ય ચીજો કરતાં સારી રીતે સળગતી હતી. કદાચ તેણે જોયું હશે કે શેકાતા માંસમાંથી ઝરતી ચરબીનાં ટીપાં જ્યારે અગ્નિમાં પડે છે ત્યારે દેવતા વધુ પ્રજ્વલિત થાય છે. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ આ નિરીક્ષણો પરથી તેને ખ્યાલ આવતો ગયો હશે કે કેટલીક ચીજો સળગે છે ત્યારે વધુ પ્રકાશ પેદા થાય છે. એટલું જ નહિ કેટલીક ચીજો ધીમી બળે છે અથવા લાંબા સમય સુધી બળતી રહે છે. કેટલાંક વૃક્ષોની છાલ અથવા છોડિયા લાંબો સમય સુધી બળે છે, તે તેણે અનુભવે જોયું હશે.

એક જમાનામાં આમ પાઈનના ઝાડની ગાંઠો મશાલ તરીકે વપરાતી થઈ હતી. માનવીના નિરીક્ષણમાં એ પણ આવ્યું કે પ્રાણીની ચરબીમાં બોળેલી લાકડાંની ડાળખી જ્યોતની જેમ જલે છે તે જોઈને તેણે પૂર્વ પ્રાથમિક દિવેટની શોધ કરી અને ધીમે ધીમે તેણે કોઈ પથ્થરના ખાડામાં કે બખોલમાં આ ચરબી ભરીને, ડાળખીઓ પલાળીને અજવાળું કર્યું હશે અને એકાએક તેને એ ખ્યાલ આવ્યો હશે કે એ ટુકડાનો એક છેડો જો ચરબીમાં બોળાયેલો રહે તો વધુ લાંબા વખત સુધી એ છોડિયું બળતું રહે છે. આવું કંઈક માનવીના પૂર્વ ઇતિહાસમાં બન્યું હશે. અલબત્ત, આ અનુમાન છે કારણ કે એ વખતનો કોઈ લેખિત ઇતિહાસ તો હતો જ નહિ !

ભારત, જાપાન અને ચીનમાં સૈકાઓથી શગવાળા દીવાઓ ઉપયોગમાં હતા. યુરોપ કરતાં પૂર્વના દેશોમાં દીવાનો ઉપયોગ અને તેમાંય વનસ્પતિજન્ય તેલોમાં સળગતા દીવાનો ઉપયોગ પહેલો શરૂ થયો. આવી જ રીતે કપાસની શગ અથવા કપાસ કે શણનાં છૂંછાંથી બનાવેલી મશાલોનો ઉપયોગ પૂર્વમાંથી પશ્ચિમ તરફ વિકસ્યો હતો. ૧૯૨૦ની સાલ સુધી આવા વિવિધ દીવાઓ પ્રચલિત હતા. આજે પણ જે દેશોમાં બળતણ તરીકે વીજળી કે ખનીજતેલો પહોંચ્યાં નથી ત્યાં વનસ્પતિજન્ય તેલો કે પ્રાણીજન્ય તૈલી પદાર્થોનો ઉપયોગ પ્રકાશ માટે કરવામાં આવે છે.

છેક ૧૮૫૯માં જ્યારે પેટ્રોલની શોધ થઈ એટલે કે ખનીજતેલની શોધ થઈ ત્યાં સુધી તેલિયા દીવા પ્રચલિત રહ્યા. શરૂઆતમાં તેલને કોયલાનું તેલ કહેવામાં આવતું. કારણ કે શરૂઆતમાં લોકો એમ માનતા કે પેટ્રોલિયમ કોલસા સાથે સંકળાયેલું છે. આજે પણ તમારા ઘરમાં કેરોસીનનું ફાનસ કે ચીમની તો હશે જ.

• • •

સબમરીન હવા શી રીતે મેળવે છે ?

જેમ માછલાં અને બીજાં જળચરો પાણીમાં પીગળેલા પ્રાણવાયુને ચૂઈ વડે ચૂસી લે છે. તેમ સબમરીન ડૂબકી મારી ગઈ હોય ત્યારે પાણીને હાઈડ્રોજન તથા પ્રાણવાયુમાં વિભાજિત કરીને પ્રાણવાયુ મેળવી લે છે. અઢીથી ત્રણ રતલ પાણીમાંથી નીકળે તેટલો પ્રાણવાયુ એક માણસને ચોવીસ કલાક ચાલે છે.

હવે વધુ ઊંચે ઊડતાં કેટલાંક મોટાં વિમાનોમાં હવાને પ્રવાહી બનાવવાનાં સાધનો હોય છે. હવા ભલેને પાતળી હોય તેને પ્રવાહી તો બનાવી જ શકાય. ચેમ્બરમાં હવા જેમ વધુ ને વધુ એકઠી કરી તેના પર દબાણ કરવામાં આવે તેમ તે પ્રવાહી સ્વરૂપ ધારણ કરવા લાગે. પ્રવાહી હવામાંથી પ્રાણવાયુ મેળવવામાં આવે.

નોટઆઉટ @ ૮૭ – બિમલાબેન

યુવતીઓને શરમાવે એટલી તાજગીથી સમાજસેવાનું કામ કરતાં ૮૭ વર્ષના જાજરમાન ગુજરાતી પંજાબી મહિલા બિમલાબેનની વાત સાંભળીએ તેમની જ પાસેથી...

એમની સાથેની વાતચીતનો એક્સ-રેઃ

પંજાબથી સ્થળાંતર કરી, કચરીયા પોળમાં સ્થિર થયેલા. વણિક કુટુંબમાં જન્મ. પાંચ બહેનો, તેઓ સૌથી મોટા. અમદાવાદ કોન્વેટમાં શાળાનો અભ્યાસ. બાળપણથી સાહસ અને સમાજસેવા. કિશોર ઉંમરે બાળ–પુસ્તકાલય શરૂ કર્યું! બિમલાબેનને કોલેજમાં ભણવું હતું. પિતા ભણેલા નહીં, અને કોઠાસૂઝ ઘણી. પિતાની જાતજાતની શરતો સ્વીકારી બિમલાબેને ગુજરાત કોલેજમાંથી બી.એ., ફરીવાર બી.એમ., એમ.એ. અને આગળ ઘણો અભ્યાસ કર્યો.

બે વર્ષની બેબીને કુટુંબ પાસે મુકીને એક્સપેરીમેન્ટલ ઈન્ટરનેશનલ લિવીંગમાં બે મહિના અમેરીકા ગયા. પરફોર્મન્સ જોઈ તેમને અહીંની વીંગના અધ્યક્ષ બનાવ્યા. પોતાને બે દીકરી, એક દીકરો. વિકાસગૃહની ભાઈ વિનાની દીકરીઓ પાસે ૧૪ વર્ષ પોતાના દીકરાને રાખડી બંધાવી. અમદાવાદની પ્રતિષ્ઠીત મહિલાઓ સંચાલિત ગુજરાત સારવાર મંઢલ અને ભગિની સંસ્થા અમદાવાદ સારવાર મંડળમાં જોડાયા. ૮૧ વર્ષે તેમને આ સંસ્થાના પ્રેસીડેન્ટ બનાવ્યા. સમૂહલગ્નો, ઘરડાંઘર, અનાથાશ્રમ, ગાંડાની હોસ્પીટલ, રક્તપિત્તની હોસ્પીટલ, અંધશાળા... જ્યાં જાય ત્યાં ગીતો ગાતાં, આનંદ કરાવતા કામ કરે. મારે ઘેર આવો કાન્હાજી, મીઠી મીઠી બંસી બજાઓ કાન્હાજી!! સમાજસેવાનું કોઈ ક્ષેત્ર છોડ્યું નથી.

નિવૃત્તિની પ્રવૃત્તિઃ

રાત્રે નવ વાગ્યે સૂઈ, સવારે પાંચ વાંગે ઉઠે. રામદેવના યોગ કરે. વાંચન–પૂજા (અંબાજીનાં ભક્ત) કલાકેક ચાલે. વહેલા જમી લે. આરામ કરી, નીચલા વર્ગના બાળકોને ભણાવે. એક વાગ્યે ફળ ખાઈ આરામ કરે. સાડા ત્રણે હળવી કસરત કરી, ચાર વાગ્યે ડ્રાઈવર સાથે બહાર નીકળે. શાકભાજી, ફ્રુટ્સ, જરૂરી વસ્તુઓ લાવે. બાગમાં જાય, મિત્રોને મળે. સાતેક વાગ્યે પાછા આવી ટીવી ઉપર ન્યુઝ જોતાં જોતાં હળવું ભોજન લે.

કોરોનાના સમયમાં એક દિવસ ઘેર બેઠા નથી. સારા કામમાં ભગવાન સાથ આપે. હોસ્પીટલમાં એક મહિલા સુવાવડ માટે આવી. ખાવા માટે કંઈ નહીં. ઘી–ગોળ–બદામનું પેકેટ તેમણે પહોંચાડ્યું. વિચાર્યું કે આવા ૪૦ પેકેટ સુવાવડી મહિલાઓને પહોંચાડે. મિત્રોને ફોન કર્યા. અગિયારસો રૂપિયાના પેકેટ માટે મદદની ટહેલ નાખી. ૪૦ ની સામે ૧૪૦ પેકેટ માટે પૈસા મળ્યા. ખોરજ ગામમાંથી ૧૪૦ સુવાવડી યુવતીઓની માહિતી મળી એટલે એમ્બ્યુલન્સ કરી, પેકેટ આપવા જતાં. નજીક હોય તો ધારાસભ્યોની મંજૂરીથી રીક્ષા કરીને જતા. સરકારનો દોષ કેમ કઢાય? સમાજસેવા તો સમાજમાં રહેતા માણસોએ જ કરવી પડશે.

શોખના વિષયોઃ

ભરત–ગૂંથણ, વાંચન, સંગીત, ગરબા–ડાન્સ ગમે. પહેરવા–ઓઢવાનો શોખ. અપર્ણ ફેશનના નામે ૩૦ વર્ષ ધંધો કર્યો.

ઉંમર સાથે કેવી રીતે કદમ મિલાવો છો?

તબિયત એકદમ સારી, કોઈપણ જાતની તકલીફ નથી. અચાનક ૭૯મા વર્ષે બ્રેસ્ટ–કેન્સર થયું. હિંમતથી સંજોગો પાર પાડ્યા. આજે કાઉન્સેલીંગ માટે જાય છે. મનમાં પોઝીટીવ એટીટ્યુડ રાખીએ તો ભલભલા રોગ મટી જાય. મગજ પર શાંતિ અને ભાષા એકદમ મીઠી રાખવી.

યાદગાર પ્રસંગો

એકવાર મુંબઈ ગયા હતા. બોટમાં બેસતા પાછળ આવતો કિશોર લપસીને દરિયામાં પડી ગયો. બિમલાબેને શર્ટથી પકડી તેને ખેંચી લીધો. છોકરો બચી ગયો. એના માતા–પિતાએ બિમલાબેનનો ખૂબ ખૂબ આભાર માન્યો. સેવાનું સન્માન એમને માટે યાદગાર પ્રસંગ. ૮૪ વર્ષની ઉંમરે ગવર્નર તરફથી શાલ સાથે એવોર્ડ. ઉશટાટે નામની પારસીઓની સંસ્થા તરફથી બે વાર એવોર્ડ. સદ્‌વિચાર પરિવાર તરફથી એવોર્ડ.

નવી ટેકનોલોજી કેટલી વાપરો છો?

લેપટોપ, મોબાઈલ, ઈ–કોમર્સ, વોટ્સઅપનો ઉપયોગ કરે છે. પૌત્રને ગુરૂ બનાવીને ઘણું શીખ્યા છે. કંઈક નવું શીખે ત્યારે પેરીપોના કહી તેનો આભાર માને છે. ટેકનોલોજી સારી છે, પણ તેનો મિસ–યુઝ ઘણો થઈ રહ્યો છે.

આજની પેઢી સાથે સંકળાયેલા છો?

હા. અંગ્રેજી ઉપર કાબુ અને સમાજસેવાનું કામ કરેલું એટલે યુવાનોને ગમે. યુવાનો કહે – બા આવે એટલે બેટરી ચાર્જ થઈ જાય. તમને ગમે ત્યાં સુધી સાથે બેસવું. ઉપેક્ષા થતી લાગે તો શાંતિથી સરકી જવું. યુવાનોને જે કરવું હોય તે કરવા દેવાનું. પટેલ થવાનું નહીં. તેઓ ધારેલું જ કરવાના થે, આપણે શું કામ મોઢું બગાડવાનું? પણ વડીલોનું ડેડીકેશન યુવાનો કરતાં ઘણું વધારે છે. અમારા સાસુ–વહુના સંબંધો બહુ સરસ છે. દીકરો તો શ્રવણ છે.

શું ફેર લાગે છે ત્યારમાં અને અત્યારમાં?

હું જૂની રીત–રસમોમાં સુધારા–વધારા કરૂં છું. અમારે ત્યાં પહેલા શ્રાદ્ધ વખતે બ્રાહ્મણોને ખાટલો કરતાં. હું સુવાવડીને અથવા શ્રમજીવીને જરૂરી વસ્તુઓ સાથે ખાટલો ભેટ આપું છું.

સંદેશોઃ

ક્યારે નવરા બેસવું નહીં. તમારી જાતને પૂછતા રહો કે તમે નવું શું શીખ્યા? કાયમ નવું શીખતા રહો. પ્રવૃત્તિ કરતાં રહો. વહેતા પ્રવાહમાં આગળ વધતા રહો.

- સૌજન્યઃ ચિત્રલેખા

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ. ફોનઃ ૦૭૯-૨૨૧૪૪૩૪૩

સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ

હું આપણી સંસ્થાનો સભ્ય થવા ઈચ્છું છું. સંસ્થાના ધારા–ધોરણ અને નિયમોને આધીન હું સભ્ય થવા અને સંસ્થાના નિયમો પાળવા હું અને મારા પરિવારના સભ્યો અમારી સંમતિ આપીએ છીએ. જરૂરી માહિતી નીચે મુજબ છે.

નામઃ ....

(મુખ્ય વ્યક્તિનું નામ) (પિતા / પતિનું નામ) (દાદા / પતિના પિતાનું નામ) (અટક)

મુળ વતનઃ .... મો.નં.: .... ઈ–મેઈલઃ ....

રહેણાંકનું પૂરૂં સરનામુંઃ ....

....

વ્યવસાય / નોકરીઃ .... ટે.નં.: ....

વ્યવસાયનું સરનામુંઃ ....

....

પરિવારની કુલ સભ્ય સંખ્યાઃ પુરૂષ .... મહિલા .... (૧૮ વર્ષથી નીચેના સંતાનો) ....

અમદાવાદમાં કેટલા સમયથી વસવાટ કરો છો? ....

કોઈ સંસ્થામાં કાર્યકર / હોદ્દેદાર તરીકેનો અનુભવ હોય તો તેની વિગતઃ ....

સંસ્થાના પરીચિત વર્તમાન સભાસદનું નામઃ ....

સભાસદનો સભ્યપદ નં.: .... સભાસદનો મો.નં.: ....

સભાસદનું પૂરૂં સરનામુંઃ ....

સંસ્થાની આજીવન સભ્યપદ ફીના રૂા. ૧૫૦૦/– આ સાથે મોકલેલ છે.

(રોકડા / ચેક / ટ્રાન્સફરની વિગતઃ ....)

નોંધઃ (૧) ફોર્મ સાથે રહેણાંકનું છેલ્લું ઈલેક્ટ્રીક બીલ સામેલ કરવું. (૨) અધૂરી માહિતીવાળું ફોર્મ રદ થશે. (૩) સભ્યપદની અરજી કારોબારીમાં મંજૂર થશે તો જ સભ્યપદ ચાલુ થશે.

તારીખઃ .... અરજદારની સહીઃ ....

સભ્યપદ મંજૂર / નામંજૂર .... તારીખઃ ....

સંસ્થાના પદાધિકારીની સહી

CELEBRATING 50th GOLDEN JUBILEE YEAR

Since 1969

SHREE GANESH ™

૫૦ વર્ષનો અતુટ વિશ્વાસ

આજ કા સ્વાદ કલ કી સુરક્ષા

હિંગ કાશ્મીરી મરચું મરચું હળદર ધાણાજીરૂ

HARIHAR FOODS PVT. LTD.

(An ISO 22000:2005 Certified Company)

519/1, Phase IV, Ramol Chokdi, G.I.D.C. Vatva, Ahmedabad

www.shreeganeshmasala.com • Like us on

ડો. પરીન દિપકભાઈ પટેલ

MBBS MS FHNS

મોઢા અને ગળાના કેન્સર સર્જન

(કન્સલટન્ટ હેડ એન્ડ નેક કેન્સર સર્જન
HCG કેન્સર સેન્ટર, અમદાવાદ)

ASTHA Oncology Associates

Fellow IFHNOS - MSKCC USA
ટાટા મેમોરિયલ (મુંબઈ)
AIMS (કોચી)

મોઢા અને ગળાના દરેક પ્રકારના કેન્સર જેવા કે,

- ગલોફાના
- જીભ
- ટોન્સિલ (કાકડા)
- થાઈરોઈડ ગ્રંથિ
- પેરોટિડ (લાળગ્રંથિ)
- સ્વરપેટી
- નાક, કાન અને સાયનસને

લગતા તમામ કેન્સરની સંપૂર્ણ સારવાર ઉપલબ્ધ...

જ્ઞાતિજનો માટે સાચી સલાહ, સચોટ નિદાન તેમજ વ્યાજબી સારવાર
અત્યંત આધુનિક અભિગમથી...

... સંપર્ક ...

HCG adding life to years

HCG કેન્સર સેન્ટર,

સોલા બ્રિજ પાસે, એસ.જી. હાઈ-વે, અમદાવાદ.
Mo. No. 9898901813 / 9898767537
E-mail : parinqp2002@gmail.com